# રત્નકણિકાઓ



શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

# રત્નકણિકાઓ

લેખિકા : જ્યોતિ થાનકી

સ્નેહી શ્રી ..........................................................

ઉચ્ચ જીવન માટે પ્રેરણા આપે ચિંતનની દિશા મળે, જીવનનું યત્કિંચિત પાથેય મળે તેવું આ પુસ્તક આપનું સાથી બની રહો, તેવી અંતરની શુભ કામનાઓ સહ .....

સપ્રેમ

**મંગળભાઈ પી. પટેલ**

**મૂકેશ એમ. પટેલ**


**શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**

૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',

સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,

**અમદાવાદ** - ૩૮૦ ૦૧૩

ફોન નં. : ૨૭૫૫ ૧૫૬૪, ૨૭૬૮ ૨૩૧૦

**રત્નકણિકાઓ**


* લેખિકા : જ્યોતિ થાનકી


* © જ્યોતિ થાનકી


* પ્રકાશન-વર્ષ : ફેબ્રુઆરી, ૨૦૦૯
* પ્રકાશક : શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી
  મૂકેશ એમ. પટેલ
  ૩-૪, 'વિઠલભાઈ ભવન',
  સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
  અમદાવાદ - ૩૮૦ ૦૧૩

* મૂલ્ય : સદ્ભાવ-સુવાચન-સદુપયોગ
* પ્રકાશન-આયોજન : મનુ પંડિત, ફોન : ૨૫૪૬ ૬૨૩૨
* ડિઝાઈન : નીલેષ દવે, ફોન : ૨૬૫૭ ૯૭૫૫
* આવરણ-તસવીર : મૂકેશ પટેલ, ફોન : ૨૭૫૫ ૧૫૬૪
* આવરણ-મુદ્રણ : ચંદ્રિકા ઑફસેટ, ફોન : ૨૫૬૨ ૦૫૭૮
* લેસર કંપોઝ : મીનળ ગ્રાફિક્સ, ફોન : ૨૭૯૧ ૦૫૧૮

# પૂર્વભૂમિકા

પ્રત્યેક પ્રભાત નિત્યનૂતન હોય છે. તે નવો સંદેશ નવો ઉન્મેષ, નવી તાજગી લઈને આવે છે. અંધકારભરી રાત્રિ વીતી ગયા બાદ ઉષાના આગમનથી સમગ્ર વાતાવરણ ચૈતન્યસભર બની જાય છે. આવા પવિત્ર અને આહ્લાદક વાતાવરણમાં આકાશવાણી-રાજકોટથી પ્રત્યેક પ્રભાતે રત્ન જેવા વિચારોનું ચિંતન પ્રેરતી રત્નકણિકાનું પ્રસારણ કરવામાં આવે છે. રત્ન ભલે નાનું હોય, પણ તે આસપાસના વિસ્તારને ઝગમગતું કરી દે છે. એ જ રીતે રત્ન જેવા વિચારખંડો પ્રભાતે મનુષ્યના મનને ઝગમગતું કરી દે છે. તેમને દિવસ માટેનું ચિંતન પાથેય પૂરું પાડે છે. આકાશવાણી-રાજકોટ કેન્દ્ર પરથી પ્રસારિત થયેલી રત્નકણિકાઓનો સંચય આ પુસ્તકમાં આપવામાં આવેલો છે.

આ અગાઉ શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશનની આ જ શ્રેણીમાં 'પ્રભાતનાં કિરણો' નામે રત્નકણિકાઓના સંચયનું પુસ્તક પ્રકાશિત થયું હતું અને તેને સારો આવકાર મળ્યો હતો. એ પછીના ગાળામાં પ્રસારિત થયેલી રત્નકણિકાઓનો આ સંચય પણ 'પ્રભાતનાં કિરણો'ની જેમ લોકોમાં સારો આવકાર પામશે, એવી મને શ્રદ્ધા છે. રત્નકણિકાઓના વિષયો જુદા જુદા હોઈને તેમાં વિષય વૈવિધ્ય ઘણું છે. પરંતુ એ બધા જ વિષયો પાછળનું હાર્દ તો એક જ છે અને તે છે ચિંતનને સાચી દિશા મળે અને જીવન ઊર્ધ્વગામી બને.

આ 'રત્નકણિકાઓ'ને પુસ્તક રૂપે પ્રકાશિત કરવા માટેનું હું વિચારી રહી હતી. દરમિયાનમાં શ્રી એમ. પી. પટેલ સાહેબે જણાવ્યું કે તેઓશ્રી ફેબ્રુઆરી-૦૯માં મારું એક પુસ્તક પ્રકાશિત કરવા ઇચ્છે છે. એમનો આ પ્રસ્તાવ 'રત્નકણિકાઓ'ને પ્રકાશિત કરનાર બની રહ્યો. આ માટે હું શ્રી એમ. પી. પટેલ સાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છું.

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન આજે પચ્ચીસ વર્ષથી જીવન-ઘડતર કરનારાં, જીવનમાં ઉચ્ચ મૂલ્યોને પ્રતિષ્ઠિત કરનારાં, ચિંતન પ્રેરક, સમાજોપયોગી, બે-બે ઉત્તમ પુસ્તકો પ્રતિવર્ષ પ્રકાશિત કરી ગુજરાતની જનતાને ભેટ રૂપે આપે છે. એમના આ સ્તુત્ય કાર્યમાં ફરી વધુ એક વખત સહભાગી થવાની મને તક મળી એથી હું ગૌરવ અનુભવું છું.

અંતે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું કે વાચકોને એમનો કૃપાસ્પર્શ મળે અને એમનાં જીવન પ્રકાશિત બને.

શરણમ્,
બૅંક કોલોની,
બિરલાહૉલ પાસે,
પોરબંદર - ૩૬૦ ૫૭૫

- **જ્યોતિ થાનકી**

# અનુક્રમણિકા


પૃષ્ઠ નં.

૦૧. આજની ઘડી રળિયામણી ........ ૫
૦૨. મેરે તો ગિરિધર ગોપાલ ........ ૮
૦૩. શાશ્વત આનંદ ........ ૧૧
૦૪. પરમ પદ ........ ૧૪
૦૫. રામ રતન ધન ........ ૧૭
૦૬. સત્મય જગત ........ ૧૯
૦૭. સચ્ચિદાનંદ ........ ૨૨
૦૮. સત્-અસત્ ........ ૨૫
૦૯. ચેતના ........ ૨૭
૧૦. એકતા ........ ૩૦
૧૧. પરમાનંદ સ્વરૂપ ........ ૩૩
૧૨. ત્રિગુણ નિરૂપણ ........ ૩૬
૧૩. શ્રુતિનો સર્જક ........ ૪૦
૧૪. અસ્વસ્થ મન ........ ૪૩
૧૫. સંઘર્ષ ........ ૪૬
૧૬. લોભ ........ ૪૯
૧૭. રાગ ........ ૫૨
૧૮. દ્વેષ ........ ૫૫
૧૯. ઈર્ષા ........ ૫૮

૨૦. સુરક્ષા ........................................ ૬૧
૨૧. તન્મયતા ........................................ ૬૪
૨૨. પ્રેમનો મહિમા ........................................ ૬૭
૨૩. સત્ય ........................................ ૭૦
૨૪. માનવતા ........................................ ૭૪
૨૫. વિવેક ........................................ ૭૭
૨૬. ઉદારતા ........................................ ૮૦
૨૭. પ્રિયં બ્રુયાત્ ........................................ ૮૩
૨૮. અન્ન તેવું મન ........................................ ૮૭
૨૯. જીવદયા ........................................ ૯૦
૩૦. બહેનના હેતનું પર્વ ........................................ ૯૩
૩૧. સ્વતંત્રતા પ્રાપ્તિ ........................................ ૯૬
૩૨. જનચેતના ........................................ ૯૯
૩૩. સાથી હાથ બઢાના ........................................ ૧૦૨
૩૪. સંબંધ ........................................ ૧૦૪
૩૫. જીવન એક યાત્રા ........................................ ૧૦૭
૩૬. પ્રસન્નતા ........................................ ૧૧૧
૩૭. સાહજિકતા ........................................ ૧૧૪
૩૮. વાસ્તવિકતા ........................................ ૧૧૭
૩૯. મૃત્યુ ........................................ ૧૨૦
૪૦. યોગ ........................................ ૧૨૨

# ૧

# આજની ઘડી રળિયામણી

પ્રત્યેક પ્રભાત નવું જીવન, નવી તાજગી અને નવો ઉન્મેષ લઈને આવે છે. અનેક શક્યતાઓની છાબ ભરીને આવે છે. દિવસભરની સુંદર ક્ષણોની ભેટ લઈને આવે છે. આ ક્ષણો જ મહત્ત્વની છે, કેમકે તે વર્તમાનની ક્ષણો છે. મનુષ્યના હાથમાં રહેલી ક્ષણો છે. મનુષ્ય તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરી પોતાના ઉજ્જ્વળ ભાવિનું નિર્માણ કરી શકે છે. માટે જ આજની ઘડીને રળિયામણી કહી છે. જીવનમાં વર્તમાન ક્ષણ જ મહત્ત્વની છે. જેઓ વર્તમાનની પ્રત્યેક ક્ષણને સાચવીને તેનો ઉત્તમ ઉપયોગ કરે છે, તેમને કાળદેવતાનો પણ સાથ મળે છે, અને કાળદેવતા પણ પ્રસન્ન થઈને તેમના તન-મન-હૃદયને આનંદથી ભરી દે છે. જેમ પાણીના એક-એક બુંદથી મહાસાગર બને છે તેમ કાળની એક એક ઘડીથી સમગ્ર કાળખંડ બને છે. વળી કાળનો પ્રવાહ નદીના જળની જેમ સતત વહેતો જ રહે છે. ક્ષણ પહેલાં જે જળ હતું તે ક્ષણ પછી નથી હોતું, એવું જ કાળનું છે. એક ક્ષણ પહેલાં આપણે જે હોઈએ તે ક્ષણ પછી નથી હોતાં. ક્ષણો સતત સરતી જ જાય છે. માટે ક્ષણોનો ઉત્તમ ઉપયોગ કરવો એ જ કાળદેવતા પરનો વિજય ગણાવી શકાય. દરેક ક્ષણમાં અસ્તિત્વનો ભરપૂર આનંદ લેવો અને શુભ કાર્યો કરવાં એ પ્રત્યેક ઘડીને રળિયામણી બનાવવાની ચાવી છે.

જે ઘડીમાં આપણે અખંડપણે જીવતાં હોઈએ છીએ એ જ ઘડી રળિયામણી બને છે. બાકીની ક્ષણો તો નિરર્થક વેડફાઈ જાય છે. મનુષ્યની ચેતના વિખરાયેલી હોય છે. એથી મનુષ્ય સંપૂર્ણપણે એક ઘડીમાં રહી શકતો નથી. વિદ્યાર્થીઓ બેઠા હોય છે વર્ગમાં, પણ એમનું ચિત્ત ક્રિકેટના મેદાનમાં હોય છે. નોકરબાઈ કામ તો બંગલામાં કરતી

હોય છે. પરંતુ એનું ચિત્ત તો એના પોતાના ઝૂંપડામાં હોય છે. આમ આપણે જે ક્ષણે જ્યાં હોઈએ ત્યાં પૂરેપૂરા હોતા નથી. એટલે એ ક્ષણ અખંડ બનતી નથી તેથી જે કાર્યો કરતાં હોઈએ છીએ, એ કાર્યો પણ બરાબર થતાં નથી.

આ ઉપરાંત પણ મનુષ્ય ક્ષણમાં જીવતો નથી. કાં તો એ ભૂતકાળમાં હોય છે, અને નહીંતર એ ભવિષ્યની યોજનાઓમાં ખોવાયેલો રહે છે. મનુષ્યના નાના એવા મગજમાં ભૂતકાળનો કેટલો બધો ભાર ભરેલો હોય છે ! ભૂતકાળને વાગોળવામાં એને ભારે આનંદ આવે છે. પરંતુ ભૂતકાળ ગમે તેટલો મહાન હોય પણ તે કંઈ એના હાથમાં નથી. પછી તો એની સ્મૃતિઓ પણ ચવાઈ ચવાઈને શેરડીના કૂચા જેવી બની જાય છે. એમાં પણ આનંદ મળતો નથી અને એ મિથ્યા આનંદમાં અમૂલ્ય એવી વર્તમાનક્ષણો હાથમાંથી સરકી જાય છે. એવું જ ભવિષ્યનું પણ છે. ભવિષ્યની કલ્પનાઓ ગમે તેટલી રંગીન હોય, ભાવિ સ્વપ્નાંઓ ગમે તેટલાં ભવ્ય હોય પણ તે પોતાના હાથમાં નથી. એવાં દિવાસ્વપ્નાંઓમાં રાચીને વર્તમાન ક્ષણોને વેડફી દેવી એ અક્ષમ્ય છે. ભૂતકાળની સામગ્રીમાંથી બોધપાઠ લઈને વર્તમાન ક્ષણોનો ઉત્તમ ઉપયોગ કરીને મનુષ્યે પોતાના ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરવાનું છે. તો જ વર્તમાન ક્ષણો રળિયામણી બને.

આજની ઘડી એટલે વર્તમાન ક્ષણોને સુંદર અને આનંદથી સભર બનાવવા માટે મનુષ્યે સતત જાગૃત રહીને સમયનું આયોજન કરવું જોઈએ. સમયને કંઈ પકડી રાખી શકાતો નથી. એ તો સતત સરતો જ રહે છે. એનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરીને એ સમયને સાચવી શકાય છે. એનો ઉત્તમ ઉપયોગ ક્યો ? નરસિંહ મહેતા કહે છે -

આજની ઘડી રળિયામણી રે
મારો વાલો આવ્યાની વધામણી રે.....

જીવનની સર્વશ્રેષ્ઠ ઘડી તો એ છે કે જ્યારે વાલો એટલે કે પ્રભુ પધારે, એટલે કે હૃદયમંદિરમાં જ્યારે પ્રભુ સાથેની એકતા સધાય. આ ઘડી રળિયામણી બને પછી તો જીવનની બધી જ ઘડીઓ રળિયામણી બની જાય. પછી તો પ્રભુ સાથે જિવાતું જીવન હોય છે. એમાં પ્રત્યેક ઘડી અપૂર્વ આનંદ, અસીમ પ્રેમથી સભર બની જાય છે. આવો, આપણે પ્રાર્થના કરીએ કે આપણી એક ઘડી એવી રળિયામણી - પ્રભુ સાથેની બની જાય કે જે સમસ્ત જીવનને પ્રભુમય બનાવી જાય.

◊

## લાગણી રાખો

પહેલાં ભોજન અને પછી ભજન. બિચારાં ભૂખે મરતાં હોય તેમનામાં ઠાંસીઠાસીને ધર્મ ભરવાનો શો અર્થ ? ભૂખના દુઃખને કોઈ સિદ્ધાંત શાંત કરી શકશે નહિ તમે હજારો કે લાખો મતવાદોની ચર્ચા કરો તેથી અનેકગણા વધારે સંપ્રદાયો સ્થાપો પરંતુ જ્યાં સુધી હૃદયમાં લાગણી ન હોય ત્યાં સુધી બધું નકામું માટે દીનહીન પ્રત્યે લાગણી રાખો. ને મદદ માટે ઈશ્વર તરફ નજર રાખો.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૨

# મેરે તો ગિરિધર ગોપાલ

મીરાં એટલે કૃષ્ણભક્તિનું ઉત્કટ પૂર, શરણાગતિના ભાવનું મૂર્તિમંત સ્વરૂપ. કૃષ્ણ પ્રત્યેની શ્રદ્ધાનું જીવંત રૂપ એના હૃદયમાંથી જ્યારે ભક્તિની સરિતા શબ્દદેહે પ્રગટે છે, ત્યારે તે કલકલ નાદ કરતી, વિષ્ણુના ચરણ પખાળતી સ્વર્ગગંગાની જેમ કૃષ્ણ પ્રત્યે સીધી વહે છે. એટલું જ નહીં પણ આ ભક્તિગંગામાં સ્નાન કરનારાઓને પણ તે પવિત્ર બનાવી કૃષ્ણની સમીપ લઈ જાય છે. મીરાંની ભાવાનુભૂતિમાં એવી પ્રબળ શક્તિ રહેલી છે, કે તે માનસપટ સાક્ષાત્ કૃષ્ણને પ્રગટ કરી દે છે.

'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઈ'- આ ગીત પંક્તિઓ કૃષ્ણ પ્રત્યેના ઉત્કટ શરણાગતિભાવમાંથી પ્રગટ થયેલી છે.

''कृष्णात्परं किमपि तत्त्वं अहं न जाने''

મીરાંના સમગ્ર જીવનમાં આ ઉક્તિ ચરિતાર્થ થતી જોવા મળે છે. એના જીવનમાં કૃષ્ણ સિવાય બીજું કશું જ નથી. ભાઈ-બહેન, માતા-પિતા, સગા-સંબંધી અને સમગ્ર જગતને તેણે છોડી દીધાં અને એક માત્ર કૃષ્ણનું જ શરણ લીધું. તો કૃષ્ણ મીરાંનું કેટકેટલું રક્ષણ કરે છે ! વિષધર નાગનું પુષ્પમાળામાં પલટાઈ જવું, પ્યાલામાંના વિષનું અમૃત બની જવું. ક્રૂર નણંદ ઉદાનું હૃદયપરિવર્તન થવું અને અંતે મીરાંને ત્રાસ દેનાર દિયર વિક્રમાદિત્યનો પણ હૃદયપલટો થવો - સઘળા બનાવો ગિરિધર ગોપાલે મીરાંના કરેલા રક્ષણની પ્રતીતિ કરાવે છે. મીરાંનું સમગ્ર ચિત્ત કૃષ્ણમાં જ રહેતું હતું, એથી સૂક્ષ્મરૂપે કૃષ્ણ એની સાથે જ હતા.

મીરાંને કૃષ્ણભક્તિ છોડી દેવા માટે શ્વશુરગૃહે તેને આદેશ

આપવામાં આવ્યો. પણ મીરાંની કૃષ્ણભક્તિમાં લેશમાત્ર ફેર પડ્યો નહીં. તેના પતિ ભોજરાજના અવસાન બાદ તો મીરાં પર ત્રાસ ગુજારવામાં આવ્યો. પણ તેથી તો મીરાંનું કૃષ્ણ પ્રત્યેનું અવલંબન વધુ દૃઢ થયું. તેના જીવનમાં કૃષ્ણ સિવાય હવે કંઈ જ રહ્યું નહીં. કૃષ્ણના ભરોસે જ મેવાડ છોડીને મીરાં એકલી વૃંદાવન જવા નીકળી પડી. રસ્તામાં આવતી વિટંબણાઓમાં પણ તેને તેના ગિરિધારીના રક્ષણના અનેક અનુભવો થયા. આખરે તે વૃંદાવન આવી પહોંચી, ત્યાં સ્વરૂપ ગોસ્વામીને મળવા ગઈ, ત્યારે ગોસ્વામીજીએ કહેવડાવ્યું કે 'હું કોઈ સ્ત્રીને મળતો નથી.' એના જવાબમાં મીરાંએ બહારથી જ કહ્યું, ''અત્યાર સુધી તો હું એમ જ માનતી હતી કે વૃંદાવનમાં એક જ પુરુષ છે શ્રીકૃષ્ણ તો તમે બીજા પુરુષ ક્યાંથી થયા ?'' આ સાંભળીને ગોસ્વામીજીનાં આંખ આડેનાં અભિમાનનાં પડળ હટી ગયાં અને તેમના ઓરડાનાં બારણાં ખૂલી ગયાં ને તેઓ પોતે સામેથી જઈને મીરાંને મળ્યા. તેઓ મીરાંના એક જ વાક્યના ઉચ્ચારણથી એની ભૂમિકા કેટલી ઊંચી છે, તે જાણી ગયા. મીરાંના તો શ્વાસે શ્વાસે કૃષ્ણ રહેલા હતા પણ તેમ છતાં મીરાંને કૃષ્ણ સહેલાઈથી મળ્યા નહોતા. ચિરવિરહિણી મીરાંને કૃષ્ણ મળ્યા તો જીવનના અંતે જ તે દ્વારિકામાં કૃષ્ણના વિગ્રહમાં સમાઈ ગઈ. સંપૂર્ણ શરણાગતિનું આવું પ્રગટ રૂપ ભાગ્યે જ જોવા મળે છે.

મીરાંની ઉત્કટ ભક્તિભાવના અને કૃષ્ણ પ્રત્યેની સંપૂર્ણ શરણાગતિ એ વાતની પ્રતીતિ કરાવે છે કે જેઓ કૃષ્ણને અનન્યભાવે ભજે છે, તેને કૃષ્ણ અવશ્ય મળે છે. પરંતુ એ માટે સંસારનાં સુખો ત્યજવાં પડે. અશ્રુજલ સિંચી સિંચીને પ્રેમની વેલ વાવવી જોઈએ અને તેનું નિત્યજતન કરવું જોઈએ. એટલે કે ઉત્કટભાવે પ્રભુને પોકારવા જોઈએ. જો પ્રભુનું જ શરણ ગ્રહ્યું હોય તો તેઓ ભક્તની સંપૂર્ણ જવાબદારી

ઉઠાવી લે છે. ગીતામાં કહ્યું છે :

"अनन्याश्चिन्तयन्ता मां ये जनाः पर्युपासते

तेषां नित्याभियुक्तानाम् योगक्षेमं वहाम्यहम्"

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, જેઓ સદાકાળ મારું ચિંતન કરીને અનન્યભાવે મને જ ઉપાસે છે. તેવા સદાય મારે જ આશરે રહેલા મનુષ્યોનું યોગક્ષેમ હું વહન કરું છું. આ તે શરણાગત ભક્તોને ભગવાનનું અભયવરદાન છે. પરંતુ એને પાત્ર બનવા માટે 'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ' આ સમર્પણભાવની ચેતનાની ભૂમિકામાં પહોંચવું જોઈએ.

◈

## મેં સગી આંખે જોયું

હું પરિવ્રાજક તરીકે સમગ્ર ભારતવર્ષમાં ફર્યો છું. મેં મારી સગી આંખે એમનાં અજ્ઞાન, કંગાલિયત અને દુર્દશા જોયાં છે. મારો આત્મા એથી ધખધખી ઊઠ્યો છે અને એ દુર્દશા દૂર કરવાની પ્રબળ ઇચ્છાથી મારાં હૃદય-પ્રાણ જાણે કે સળગી ઊઠ્યાં છે. તમે ઈશ્વરસેવા કરવા ઇચ્છતા હો તો સૌથી પહેલાં માનવસેવા કરો નારાયણના દ્વારે પહોંચવા દરિદ્રનારાયણની સેવા કરો. ભારતનાં લાખો ભૂખ્યાં-દુઃખિયાંની સેવા કરો.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૩

# શાશ્વત આનંદ

શાશ્વત આનંદ એટલે નિત્યનો આનંદ. સર્વ સમયે, સર્વ સ્થળે, સર્વ કાળમાં, સર્વ પરિસ્થિતિમાં, સર્વત્ર આ આનંદ રહેલો છે. પણ આપણને એનો અનુભવ થતો નથી કેમકે આપણે તે આનંદને અનુભવી શકીએ તે કક્ષામાં આવ્યાં નથી. આપણો આનંદ આવે ને પાછો જતો પણ રહે. એમાં ભરતી પણ હોય અને ઓટ પણ હોય. કેમકે આપણો આનંદ એ બહારનો આનંદ છે. તેથી તે સ્થાયી નથી. સાચો આનંદ તો પરમાત્મામાંથી આવે છે. સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માની એ ચેતના છે. પરમાત્મા નિત્ય છે નિર્વિકારી, અવિનાશી, શાશ્વત અને સદાકાળ છે. એટલે એમના જ ભાગ રૂપ એવો આ આનંદ પણ નિત્ય, નિર્વિકારી, અવિતારી અને શાશ્વત છે. આપણો આત્મા એ પરમાત્માનો અંશ છે. આથી આપણા આત્મામાં પણ શાશ્વત આનંદ રહેલો જ છે. તો પ્રશ્ન એ થાય છે કે આટલો આનંદ અંદર હોવા છતાં મનુષ્યો દુઃખી કેમ થાય છે ? એનું કારણ એ છે કે મનુષ્યને ખબર જ નથી કે તેની ભીતરમાં શાશ્વત આનંદનું ઝરણું સતત વહ્યા કરે છે. કસ્તૂરી મૃગ જેવી જ આપણી દશા છે. તેની નાભિમાં કસ્તૂરી રહેલી છે, પણ તે એની સુગંધથી આકર્ષાઈને તેને મેળવવા માટે ચારેબાજુ આમતેમ ભટક્યા કરે છે. એમ આપણી અંદર જ રહેલા આનંદને શોધવા માટે આપણે બહાર ચારેબાજુ દોડાદોડી કરીએ છીએ.

કોઈ ધનસંપત્તિ એકઠી કરીને એમાંથી આનંદ પ્રાપ્ત કરવા ઇચ્છે છે, તો કોઈ સત્તા મેળવીને આનંદ મેળવવા ઇચ્છે છે, તો કોઈ પ્રિય વ્યક્તિના સાંનિધ્યમાં આનંદ મેળવવા ઇચ્છે છે. આમ પદાર્થ ભલે જુદા જુદા હોય, પણ બધાની પાછળનું મૂળ કારણ તો આનંદ મેળવવાનું જ

છે. પરંતુ આ પદાર્થો અને પાત્રો તો નાશવંત છે. નાશવંત વસ્તુઓમાંથી મળતો આનંદ પણ નાશવંત જ હોય છે. વળી આ આનંદ શુદ્ધ પણ હોતો નથી. એની સાથે દુઃખ અને વિષાદ અદૃષ્ટપણે જોડાયેલાં જ હોય છે. આથી વ્યક્તિ કે વસ્તુ ચાલી જતાં દુઃખ ને વિષાદ વ્યાપી જાય છે. તો શાશ્વત આનંદ માત્ર શાશ્વત વસ્તુ જ આપી શકે અને આ સૃષ્ટિમાં પરમાત્મા સિવાય બીજું કશું પણ શાશ્વત કે સ્થિર નથી. શાશ્વત આનંદ ત્યારે જ મળી શકે જ્યારે પરમાત્મા મળે. છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે કે -

''यो वै भूमा तत्सुखम् न अतपे सुखमस्ति।''

સીમિત વસ્તુઓથી સુખ ન મળી શકે. અનંતથી જ અનંત સુખ મળી શકે.

જ્યારે મનુષ્ય પરમાત્માની ચેતના સાથે એકરૂપ બને ત્યારે એ સચ્ચિદાનંદમયી ચેતનાની સહજ આનંદની સ્થિતિ તેને પ્રાપ્ત થાય છે. આ ચેતનાથી તેની પોતાની આંતરિક સ્થિતિ સદંતર બદલાઈ જાય છે. ભલે બહારનું જગત કંઈ બદલાતું નથી, પણ તેની ચેતના બદલાઈ જતાં હવે સમગ્ર જગત પરમાત્માના આવિર્ભાવ રૂપ - આનંદ રૂપ બની જાય છે. સામાન્ય મનુષ્યોની દૃષ્ટિમાં આવી વ્યક્તિના બાહ્ય સંજોગો વિકટ અને દુખદાયી પણ હોઈ શકે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, સંત તુકારામ, જ્ઞાનેશ્વર આવા સંતોના જીવનમાં સામાન્ય મનુષ્યોની દૃષ્ટિથી જોતાં ભારે દુઃખ હતું. પરંતુ તેમની આંતર ચેતનાને એ દુઃખ સ્પર્શતું નહોતું. તેઓ તો નિજાનંદમાં મસ્ત હતા. આ દુઃખ દરિદ્રતા કે લોકનિંદા તેમની પ્રભુ સાથેની મસ્તીમાં કોઈ અવરોધ ઊભો કરી શક્યાં નહોતાં. આથી એમ કહી શકાય કે જ્યાં સુધી મનુષ્ય મનની ભૂમિકામાં જીવે છે, એના સપાટી પરના જીવનમાં જીવે છે, ત્યાં સુધી સઘળાં દુઃખો રહેવાનાં જ. પરંતુ જ્યારે મનુષ્ય સામાન્ય ચેતનામાંથી ઉપર ઊઠે છે, ત્યારે આ દુઃખો

તેને સ્પર્શતાં નથી અને જ્યારે ભાગવત્ ચેતના સાથે તેનું અનુસંધાન થઈ જાય છે, પછી જ એને સ્થાયી આનંદની પ્રાપ્તિ થાય છે.

આ શાશ્વત આનંદ પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ ? એના ઉત્તરમાં તો એટલું જ કહી શકાય કે પરમાત્માને પ્રાપ્ત કરવા જોઈએ. આ માટે આપણા ઋષિ-મુનિઓએ શાસ્ત્રોએ-ધર્મગ્રંથોએ, જ્ઞાન-ભક્તિ અને કર્મનો માર્ગ બતાવ્યો છે. એમાંના કોઈ પણ માર્ગે કે બધાંનો સમન્વય કરીને, સંસારમાં રહીને પણ અંતરમાં રહેલા પરમાત્મા પ્રત્યે જાગૃત થઈ શકાય છે. તેને પ્રાપ્ત કરવાની તીવ્ર અને સાચી અભીપ્સા જો હૃદયમાં હોય તો તેને પ્રાપ્ત કરવાનો માર્ગ તે પોતે જ બતાવે છે. જેમણે એકવાર પણ આ આનંદરસ ચાખ્યો છે, તેમને પછી જગતના બધા જ રસો ફિક્કા લાગે છે. તેઓ પછી આ આનંદરસમાં જ નિમગ્ન રહેવાય તે માટે સતત પ્રયત્ન કરે છે. આપણે પણ પરમાત્માને પ્રાર્થના કરીએ કે આ દિવ્ય આનંદનું પાન કરી શકીએ એ માટેની પાત્રતા આપો.

◈

# ૪

# પરમ પદ

પરમ પદ એટલે સર્વોચ્ચ સ્થાન, પરંતુ આ સ્થાન એ ભૌતિક નથી, અંતરના સામ્રાજયનું સર્વોચ્ચ સ્થાન છે. ભૌતિક દુનિયામાં સર્વોચ્ચ સ્થાન આધુનિક યુગમાં વડાપ્રધાન કે રાષ્ટ્રપતિનું હોય છે. એ સર્વોચ્ચ સ્થાને બિરાજમાન વ્યક્તિને સત્તા, માન, પ્રતિષ્ઠા સર્વ કંઈ મળે છે. પણ આ પદમાં શાંતિ નથી, સલામતી નથી, નિર્ભયતા નથી અને તેથી સાચી પ્રસન્નતા પણ નથી. વળી આ તો ક્ષણજીવી છે. સત્તા ઉપરથી ઊતરી જતાં પછી કોઈ ભાવ પણ પૂછતું નથી. પણ સાચું પરમપદ તો જેના અંતરના સિંહાસન પર પરમાત્મા બિરાજે છે, અને જે તેની એ દિવ્ય હાજરીની સતત અનુભૂતિ કરે છે, એને જ પ્રાપ્ત થાય છે. આ પરમપદ તો પરમાત્માની બક્ષિસ છે. એમની દિવ્યકૃપાને પરિણામે પ્રાપ્ત થયેલું છે. એથી એને કોઈ ખૂંચવી શકતું નથી. એ ચિર સ્થાયી છે, એમાં શાંતિ, સલામતી અને દિવ્ય આનંદ રહેલો છે.

પરમાત્માની પ્રાપ્તિ બાદ મળેલી સ્થિતિ એ જ છે પરમ પદ. પરમાત્મા તો જ્ઞાન રૂપ છે, આનંદ રૂપ, પ્રેમ રૂપ, શક્તિ રૂપ, શાંતિ રૂપ છે. આથી જેઓ પરમ પદને પ્રાપ્ત કરે છે, તેમને પરમાત્માની આ બક્ષિસો સહજપણે જ પ્રાપ્ત થાય છે. આ પરમ પદ શાશ્વતસુખ અને શાંતિના સિંહાસન પર રહેલું છે. વળી તે શાશ્વત હોઈને એકવાર એની પ્રાપ્તિ થયા પછી કોઈ જ ભૌતિક પદાર્થો એ પદથી ચ્યુત કરી શકતા નથી. સિકંદરના જીવનનો એક પ્રસંગ છે. ભારતને જીતીને સિકંદર ગ્રીસ પાછો ફરી રહ્યો હતો, ત્યારે તેના ગુરુનાં વચનો યાદ આવ્યાં કે ભારતમાંથી તું કોઈ સાચા સંતને સાથે લેતો આવજે. સાચા સંતની શોધ કરતાં જંગલમાં એક વૃક્ષની નીચે આરામથી સૂતેલા એક મહાત્મા તેને

મળ્યા. ત્યાં જઈને તેણે તેમને પોતાની સાથે આવવા કહ્યું ને એમ પણ જણાવ્યું કે હું તમને ભવ્ય મહેલમાં રાખીશ, ઉત્તમ ભોજન આપીશ, દાસદાસીઓ સેવામાં હશે અને મારા વિદ્વાન ગુરુનું સાન્નિધ્ય મળશે ત્યારે એ મહાત્માએ કહ્યું, 'રાજન્ મને નદી જળ આપે છે. વૃક્ષ છાયા અને ફળ આપે છે. સમગ્ર પૃથ્વી મારું ઘર છે. આકાશ મારું છત્ર છે, મારે શી જરૂર છે કે હું તારા દેશમાં આવું ?'' કદી ના સાંભળવા નહીં ટેવાયેલા સિકંદરને ગુસ્સો આવ્યો, તેણે કહ્યું ''કેમ નથી આવતા ? નહીં આવો તો આ તલવારથી તમારું ડોકું ઉડાવી દઈશ.'' એમ કહીને તેણે પોતાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢી. એ જોઈને તે મહાત્મા ખડખડાટ હસી પડ્યા ને બોલ્યા, ''મૂર્ખ, તું કોને મારીશ ? હું તો અજર અમર આત્મા છું. આ દેહ તો ગમે ત્યારે જવાનો જ છે. પણ મને તું આ તલવારથી મારી નહીં શકે, અને વળી જ્યાં તું જ તારા દેશમાં પહોંચી શકવાનો નથી ત્યાં તું મને શું લઈ જવાનો હતો ?'' આત્મસ્થ એ મહાત્માની વાણીનો પ્રભાવ એટલો બધો હતો કે સિકંદર હતપ્રભ થઈ ગયો. તલવારને પાછી મ્યાનમાં મૂકી દીધીને વીલે મોંએ પાછો ફર્યો. પરંતુ તેણે ભારતના સાચા મહાત્માની નિસ્પૃહતા અને અનાસક્તિનાં દર્શન કર્યાં અને તેને ભારતની મહાન સંસ્કૃતિ ત્યાગ અને વૈરાગ્યના પાયા ઉપર ઊભેલી હોવાથી મહાન બની છે, એ સમજાયું. પરમપદને પ્રાપ્ત થયેલા મહાત્માઓને દુન્યવી કોઈ પ્રલોભન ચલિત કરી શકતું નથી એ આ દૃષ્ટાંત દ્વારા જાણી શકાય છે.

હવે પ્રશ્ન એ થાય છે કે આ પરમપદની પ્રાપ્તિ કેવી રીતે કરવી ? એને પ્રાપ્ત કરવા પાત્રતા કેળવવી પડે. આ પાત્રતા માટેની શરત છે, અહંકારનો સંપૂર્ણ વિલય. એ માટેનો માર્ગ છે : પ્રાર્થના અને શરણાગતિનો ઉત્કટભાવે ભગવાનને પ્રાર્થના કરવાથી પરમપદે પહોંચવાનો માર્ગ અવશ્ય ખૂલે છે. જેમ જેમ પ્રાર્થનામાં તીવ્રતા આવતી

જાય છે, તેમ તેમ શરણાગત ભાવ વધતો જાય છે. અને આ ભાવ વધતાં પરમાત્મા પોતે ક્યાંક પોતાના પ્રેમાળ બાહુઓમાં ઊંચકીને, ક્યાંક દોરીને પરમ પદ સુધી લઈ જાય છે.

''लिप्यते हृदयग्रंथिः छिद्यंते सर्व संशयाः ।

लिप्यंते चास्य कर्माणि, तस्मिन दृष्टे परावरे ॥''

પરમ પદે પહોંચેલા મનુષ્યની સર્વ ગ્રંથિઓ છૂટી જાય છે. સર્વ સંશયો નિર્મૂળ થઈ જાય છે, બધાં કર્મોનો લોપ થઈ જાય છે. અને રહે છે, પરમાત્મા સાથેની એકતાનો દિવ્ય આનંદ અને સહજ જીવનની મસ્તી.

◊

## આત્મસંયમ કેળવો

તમારી પાસે કોઈ નકામો વાદવિવાદ કરવા આવે તો વિનયપૂર્વક દૂર ખસી જવું, દરેક કક્ષાના માણસો પ્રત્યે સમતા દર્શાવવી. જ્યારે તમારામાં સંયમના આ ગુણો પ્રગટ થશે ત્યારે જ તમે ખૂબ જુસ્સાપૂર્વક કાર્ય કરવા શક્તિમાન થશો. ગંભીરતાની સાથે સાથે બાળસહજ નિખાલસતા પણ ધારણ કરો. સર્વ સાથે હળીમળીને રહો બધા ગુમાની વિચારો છોડી દો. સાંપ્રદાયિક ભાવનાઓને તિલાંજલિ આપો નિરર્થક તકરાર મહાપાપ છે.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૫

# રામ રતન ધન

જ્યારે મનુષ્ય પૃથ્વી ઉપર આવે છે, ત્યારે તે પ્રભુને કહે છે, ''હે પ્રભુ, તમારાથી વિખૂટા પડીને પૃથ્વી ઉપર હું શી રીતે રહી શકીશ ? મારે તમારાથી દૂર નથી જવું.'' ત્યારે પ્રભુ તેની વ્યાકુળતા જોઈને કહે છે, ''તારા હૃદયમાં હું મારા અંશ રૂપી અમૂલ્ય રત્ન મૂકું છું, એ રત્નનો પ્રકાશ તને હંમેશાં મારી સમીપ હોવાની અનુભૂતિ કરાવશે''. આમ પોતાના હૃદયમાં પ્રભુના અંશરૂપી રત્નની અમૂલ્ય બક્ષિસ સાથે મનુષ્ય પૃથ્વી ઉપર પ્રથમ શ્વાસ લે છે. પરંતુ જેમ જેમ તે પૃથ્વીના વાતાવરણમાં ઓતપ્રોત બનતો જાય છે અને પછી તો એ રત્ન સાવ ઢંકાઈ જાય છે. પૃથ્વી ઉપરનાં ધન, ઐશ્વર્ય, ભોગ, રાગ, વિલાસ, વૈભવમાં તે એવો ડૂબી જાય છે કે પોતાની અંદર અમૂલ્ય રત્ન રહેલું છે. એ તદ્દન ભૂલી જાય છે.

પરંતુ કોઈ કોઈ વિરલાઓને આ અમૂલ્ય રત્ન વૈભવની જાણ હોય છે. તેઓ તેની શોધ કરવા પ્રેરાય છે. જ્યારે પોતાના અંતરમાં જ આ રામ રૂપી રત્નને તેઓ ઝળહળતું જુએ છે, ત્યારે બોલી ઊઠે છે કે ''ઓહ, આટલા બધા તેજોમય પ્રકાશવાળું રત્ન તો મારી પાસે જ છે, અને હું તો સાવ નિરર્થક બહાર ભટકું છું.'' પછી તો જેમ જેમ આ રત્નના પ્રકાશમાં વધુ ને વધુ આવે છે, તેમ તેમ તેને તેનું વિશેષ મૂલ્ય સમજાવા લાગે છે. દુનિયાનાં સઘળાં ધન તેને તુચ્છ લાગે છે. દુનિયાનું ધન તો ચંચળ છે, આજે હોય અને કાલે ચાલ્યું પણ જાય, વળી તે સલામત પણ નથી, તેને કોઈ લૂંટી પણ જાય. જ્યારે આ રામ રૂપી ધન તો સ્થાયી છે. એકવાર પ્રાપ્ત થયા પછી એ ચાલ્યું જતું નથી. પાછી એની ખૂબી એ છે કે જેમ જેમ તેને વાપરો તે વધે છે. ભગવાને આ ધનને હૃદયની એવી સુરક્ષિત ગુફામાં મૂક્યું છે કે જ્યાં કોઈની નજર પણ ન પડી શકે. આથી

ચોરાઈ જવાનો કે લૂંટાવાનો તો બિલકુલ ભય જ નથી. મીરાં કહે છે તેમ રોજેરોજ તે વધતું રહે છે. 'દિન દિન બઢત સવાયો' આવું અમૂલ્ય ધન પરમાત્માએ કોઈ પણ જાતના ભેદભાવ વગર દરેકને આપ્યું છે. પરંતુ સમગ્ર જીવન ચાલ્યું જાય તો પણ ઘણાં મનુષ્યોને ખબર જ નથી હોતી કે પોતે અમૂલ્ય ખજાનાના માલિક છે ! કેમ કે તેઓ બહાર એ ખજાનાને શોધે છે. તો આ ધન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?

મીરાં કહે છે : 'વસ્તુ અમૂલખ દી મેરે સદ્‌ગુરુ-મીરાંને સદ્‌ગુરુ પાસેથી આ રામધન પ્રાપ્ત થયું છે. સદ્‌ગુરુ માર્ગ બતાવે છે, કેમ કે તેમણે એ માર્ગ જોયો છે, એ શોધમાં આવતાં ભયસ્થાનો અને જોખમો તેઓ જાણે છે, એટલે સદ્‌ગુરુ સંભાળપૂર્વક એ રસ્તે લઈ જાય છે. અને અમૂલ્ય ખજાનાનો માર્ગ બતાવી આપે છે. સદ્‌ગુરુની નિશ્રામાં સાધના કરતાં કરતાં અંતઃકરણ પવિત્ર બને છે. સઘળી મલિનતાઓ ધોવાઈ જાય છે. અહંકાર ઓગળી જાય છે. ત્યારે હૃદય ગુફામાં રહેલું આ દિવ્ય ખજાનાનું દ્વાર ખૂલી જાય છે. જેમણે જેમણે આ રામ રતન ધન પ્રાપ્ત કર્યું છે, એમનાં જીવન સામાન્યમાંથી ઊંચે ઊઠીને મહાન બન્યાં છે. રતના લૂંટારાએ આ ધન મેળવી ઋષિપદ પ્રાપ્ત કરી મહાન વાલ્મિકી ઋષિ બની રામાયણ સર્જ્યું. બાળ શંકરે આ ધનની શોધમાં બાળવયે જ સંસાર છોડ્યો અને યુવાન વયે તો દિગ્વિજય પ્રાપ્ત કરી હિંદુ ધર્મને પુનઃ પ્રતિષ્ઠિત કર્યો. દાસીપુત્ર તુલસીએ રામરત્નને પ્રાપ્ત કરી રામચરિત માનસ દ્વારા સામાન્ય લોકોને પ્રેમ-ભક્તિ અને શરણાગતિનો માર્ગ બતાવ્યો. રામાનુજ, કબીર, ચૈતન્ય, મીરાં, નરસિંહ વગેરે સંતો, ભક્તોએ આ રત્નને પ્રાપ્ત કરી સમગ્ર વિશ્વને જે પ્રકાશ આપ્યો છે, તે આજે પણ ઝળહળી રહ્યો છે. આવો, આપણે પરમાત્માને પ્રાર્થીએ કે 'અમારા હૃદયોમાં રહેલા એ રામરૂપી દિવ્ય રત્નનો પ્રકાશ અમારા જીવનમાં વ્યાપી રહે અને અમારાં જીવન ઉજ્જ્વળ બને.

# ૬

# સત્‌મય જગત

કેવલ સત્ એ વાસ્તવિકતા છે, એ માત્ર વિચાર નથી. એ વિશ્વની સહુથી મૂળ વાસ્તવિકતા છે, પોતે જ પોતાની મેળે હસ્તીમાં રહેતું એવું કેવલ સત્ તત્ત્વ છે. એ શાશ્વત છે, અનંત છે, વ્યાખ્યાતીત છે, કાળની અનુક્રમિકતાથી મુક્ત છે. એ સ્થળની સીમામાં પુરાયેલું નથી. રૂપ, ગુણ અને પરિમાણથી એ પર છે, એ કેવલ પોતે જ છે, એક માત્ર અને અનન્ય એવું આત્મતત્ત્વ, આ સમગ્ર જગત એ સત્‌નો જ આવિર્ભાવ છે. સત્, ચિત્ અને આનંદ એ પરમાત્માની ચેતનાનાં લક્ષણો છે. એથી જ તો પરમાત્માને સચ્ચિદાનંદ કહે છે.

જગતની ઉત્પત્તિની વાત કરતાં ઋગ્વેદના ૧૦મા મંડળના ૧૨૯મા અધ્યાયની ૧ થી ૫ ઋચાઓમાં કહ્યું છે, કે તે સમયે નહોતું સત્ કે નહોતું અસત્ ન હતું અંતરિક્ષ કે ન હતું વ્યોમ કે નહોતું તેની પારનું કાંઈ, તો પછી કઇ વસ્તુ સર્વને આવરી રહેલી હતી ? એ કોના આશ્રયમાં હતી ? એ ગહન અને ગંભીર એવો કયો સાગર હતો ? તે સમયે વળી નહોતું મૃત્યુ કે નહોતું અમૃત કે નહોતું દિવસ કે રાત્રિનું જ્ઞાન. પરંતુ 'तदेकम्' એટલે કે તે એક જીવતું હતું. શ્વાસ વિના જીવતું હતું, પોતાના નિયમ દ્વારા. એ એક સિવાય બીજું કંઈ જ ન હતું. પ્રારંભમાં તમસ તમસથી છવાયેલું હતું એ વિશ્વરૂપ તત્ત્વ જ્યારે ખંડિતતાથી છૂપાયેલું હતું, ત્યારે તે એક પોતાની શક્તિના મહાતત્ત્વથી જન્મ પામ્યું. પ્રથમ તો એ તેની ભીતરમાં રહેલી કામના રૂપે ગતિમાં આવ્યું અને એ હતું મનનું પ્રથમ બીજ. સત્યના દ્રષ્ટાઓએ હૃદયમાં રહેલા સંકલ્પ દ્વારા અસત્‌માં થતી સત્‌ની સર્જનક્રિયા શોધી કાઢી. તેનું કિરણ સમક્ષિતિજ વિસ્તાર પામેલું હતું. પરંતુ ત્યાં નીચે શું હતું ? ઉપર

શું હતું ? નીચે હતી સ્વધા એટલે કે સ્વનિયમ અને ઉપર હતી પ્રયતિ એટલે કે સંકલ્પ, સ્વનિયમ અને સંકલ્પ દ્વારા સર્જનપ્રક્રિયાનો આરંભ થયો.

આ રીતે સૃષ્ટિના સર્જનમાં મૂળ સત્ જ રહેલું છે. આ જગત સત્ મય એટલે કે એ એકમેવના જ અસ્તિત્ત્વનો વિસ્તાર છે. પરંતુ આપણે આપણાં મન દ્વારા એ રીતે એને જોઈ શકતાં નથી. કેમકે આપણું મન અજ્ઞાનને આધીન છે. એની જોવાની દૃષ્ટિ સીમિત છે તેની ચેતનાની કક્ષા નિમ્ન છે. આથી એ પરમ સત્ આપણી મનની પહોંચથી પર છે. આપણી દૃષ્ટિમર્યાદાની બહાર છે. એને મનથી જાણી શકાતું નથી. બુદ્ધિથી સમજી શકાતું નથી. અવાંગમનસાગોચરમ એવું એ સત્ નથી આંખોથી જોઈ શકાતું કે નથી વાણીથી વ્યક્ત કરી શકાતું. એને જોવા જાણવા અને અનુભવવા માટે અંતરની આંખો અને દૃષ્ટિ જોઈએ. આ આંતરચક્ષુ ત્યારે જ ખૂલે કે જ્યારે આપણી અંદર રહેલા એ પરમ તત્ત્વ સાથે અનુસંધાન થાય. જ્યારે મન નીરવ હોય, લાગણીતંત્ર શાંત હોય, ત્યારે અંતરના ઊંડાણમાં રહેલા પરમાત્માના અંશ એવા આપણા આત્માનું અનુસંધાન થઈ જાય છે, ત્યારે પછી બહાર પણ સર્વત્ર વ્યાપી રહેલા એ પરમ અસ્તિત્વનો આપણને અનુભવ થવા લાગે છે ધીમે ધીમે આ અનુભવ એવો સઘન બનવા લાગે છે કે પછી અંદર અને બહાર, અત્ર, તત્ર, સર્વત્ર વ્યાપ્ત એ સત્ તત્ત્વનો જ સઘળો આવિર્ભાવ જણાય છે. છાંદોગ્ય ઉપનિષદ્ના ઋષિને જે સદૈવ એકમેવા દ્વિતીયમ્ - હંમેશાં એક અને અદ્વિતીય એવા કેવલ સત્નું દર્શન થયું. તે આપણને થવા લાગે છે પછી જગતને જોવાની આપણી દૃષ્ટિ બદલાઈ જાય છે. જોકે ભૌતિક રીતે જગત બદલાતું નથી પણ જ્ઞાનદૃષ્ટિ જાગૃત થતાં મનુષ્યને જગતનું સાચું દર્શન થાય છે. તેથી તેને આંતરિક રીતે સમતા, સ્થિરતા, પ્રસન્નતા અને અસ્તિત્વના સહજ આનંદની અનુભૂતિ થવા લાગે છે. પરંતુ બધાંને

કંઈ આ દૃષ્ટિ સહેલાઈથી મળતી નથી કઠોપનિષદ્‌માં કહ્યું છે કે સર્વ પ્રાણીઓમાં ગૂઢરૂપે રહેલો આત્મા બહારથી દેખાતો નથી પરંતુ જેમની પાસે સૂક્ષ્મદૃષ્ટિ છે, તેઓ એ સૂક્ષ્મ પરમ બુદ્ધિ વડે આત્માને જોઈ શકે છે. આ સૂક્ષ્મદૃષ્ટિ અને સૂક્ષ્મબુદ્ધિ માટે જરૂરી છે અંતરમાં રહેલા એ પરમતત્ત્વની પ્રાપ્તિ માટેની તીવ્રતમ અભીપ્સા અને એ માટેની સાધના.

◈

## સર્વના સર્વેશ્વર

વેદાંત કહે છે કે સર્વમાં ઈશ્વરને જોઈને કામ કરો અને સર્વમાં ઈશ્વર વસી રહ્યો છે એમ જાણો. જીવન ઈશ્વરરૂપ છે, દિવ્ય છે તે ધ્યાનમાં રાખીને સતત કર્મ કર્યે જાઓ. ઈશ્વર સર્વત્ર છે. એને શોધવા ક્યાંય દોડવાની જરૂર નથી. દરેક કર્મમાં, દરેક વિચારમાં અને દરેકદરેક ઊર્મિમાં એ છે જ છે. આવો ખ્યાલ રાખીને કર્મ કરતા જઈએ.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૭

# સચ્ચિદાનંદ

અહંકારમાંથી આપણી જાતને પાછી ખેંચી લઈને આપણે સમગ્ર વિશ્વના ફલક ઉપર દૃષ્ટિ નાંખશું, તો અવકાશના અસીમ પટ ઉપર કાળની શાશ્વત પીઠ ઉપર એક મહાન શક્તિ સતત વ્યક્ત થઈ રહેલી જણાશે. એની ગતિ અનંતાનંત છે. એની ક્રિયા પણ અનંતાનંત છે. એ અસીમ છે. પોતાની જાતને ક્ષણે ક્ષણે વહાવી રહી છે. એનું અસ્તિત્વ અનંતગણું મહાન છે. યુગોનાં સર્જન એની પાસે રજકણ જેવાં છે. સમગ્ર બ્રહ્માંડની સર્જિકા એ પરમશક્તિ છે. એને પરમાત્મા કહો, બ્રહ્મ કહો, ભગવાન કહો, સચ્ચિદાનંદ કહો - નામ ભલે ગમે તે આપવામાં આવે પણ તે તો સઘળાં નામ રૂપથી પર એવી દિવ્યચિતિશક્તિ છે. સત્ ચિત્ અને આનંદ એ તેનું સ્વરૂપ છે.

વિશ્વની આ સર્જિકા શક્તિ જ્યારે ગતિમાં નથી, ત્યારે તે જે સ્વરૂપે છે, તે સ્વરૂપ છે, કેવલ સત્ પોતાની મેળે જ હસ્તીમાં રહેતું એવું સત્. તે સઘળાં નામો, રૂપો, ગુણોથી, પરિમાણોથી પર છે. તે શાશ્વત છે. અનંત છે. કાળની અનુક્રમિકતાથી મુક્ત છે. સ્થળના વિસ્તારમાં તે અટવાયેલું નથી. તે વિશ્વની સૌથી મૂળ વાસ્તવિકતા છે. એ કંઈ વિચાર નથી. એ કેવલ પોતે જ છે. એકમાત્ર અનન્ય એવું આત્મતત્ત્વ પરમતત્ત્વનું તે શુભ્ર સત્ રૂપ જે રૂપે હતું, તે રૂપે સદા છે. તેમ જ રહેવાનું છે. સ્થિરતા અને ગતિથી પર. એકત્વ અને બહુત્વથી પર. એને વર્ણવવું એ મનુષ્યનું કામ નથી. એ નિરપેક્ષ છે. મન દ્વારા જાણી શકાતું નથી. વાણીથી વ્યક્ત કરી શકાતું નથી. 'અવાઙ્મનસાગોચરમ્' છે. એની સાથે તાદાત્મ્ય સાધીને તેનો અનુભવ કરી શકાય છે. પણ પછી એ અનુભવને શબ્દોમાં વર્ણવી શકાતો નથી.

આ સ્થાયી રહેલા સત્ તત્ત્વમાં ગતિશક્તિ આપોઆપ જ રહેલી હતી. એ ગતિ શક્તિ સત્ તત્ત્વથી કંઈ જુદી નથી કે બહારની નથી. એ પોતે પણ સત્ તત્ત્વ જ છે. પણ તે ક્રિયામાં આવે છે ત્યારે તે ચિત્ત શક્તિ બને છે. એ રીતે બ્રહ્મ અને બ્રહ્મની શક્તિ એક જ છે. આ શક્તિ જ્યારે સક્રિય બને છે, ત્યારે વિશ્વનું સર્જન થાય છે. આ શક્તિ નિર્જીવ પદાર્થોમાં, વનસ્પતિમાં, પ્રાણીઓમાં નિશ્ચિત રીતે કાર્ય કરી રહેલી છે. તે આખા બ્રહ્માંડનું સંચાલન કરી રહી છે. સત્ એટલે કે બ્રહ્મ પોતાને ચૈતન્યની ક્રિયાશક્તિ રૂપે વિસ્તારે છે અને એ વિસ્તરણ દ્વારા બ્રહ્મ વિશ્વમાં બળોનું, રૂપોનું સૃષ્ટિઓનું સર્જન કરે છે. તો હવે પ્રશ્ન એ થાય છે કે આવું સંપૂર્ણ સર્વોપરી, અનંત કોઈ પણ જાતની ઈચ્છા નહીં ધરાવનારું બ્રહ્મ પોતાની ચેતના શક્તિનો વિસ્તાર શા માટે કરે ? બ્રહ્મ તો મુક્ત છે. એને કોઈ ફરજ પાડતું નથી. એ પોતે અનંતકાળ સુધી સ્થિર રહી શકે છે. એમ છતાં તે ચૈતન્યશક્તિનો વિસ્તાર કરીને રૂપોનું સર્જન કરે છે, તે પોતાના આનંદ માટે.

સત્‌માં કોઈ અભાવ નથી. એમ ચિત્‌શક્તિમાં કોઈ અચેતના ન હોઈ શકે. તેમ એના સર્જનમાં કોઈ દુઃખ કે આનંદનો અભાવ પણ ન હોઈ શકે. સત્ ચિત્‌ની સર્વોપરી અવસ્થા એટલે આનંદ. જેમ સત્ થી ચિત્ જુદું નથી. એમ સત્ થી આનંદ પણ અલગ નથી. સત્ અને આનંદ એ બંને એક જ તત્ત્વને વર્ણવતા જુદા જુદા શબ્દો છે. બ્રહ્મની ચૈતન્ય શક્તિ જેમ પોતાને અનેકવિધ અનંત રૂપોમાં પ્રગટ કરવાનું સામર્થ્ય ધરાવે છે, તેવી જ રીતે બ્રહ્મનો આનંદ પણ અસંખ્ય સૃષ્ટિઓ રૂપે પ્રગટ થઈ શકે છે. બ્રહ્મની વિશ્વલીલાનું લક્ષ્ય છે. ''હરેક ક્રિયાનો આનંદ માણવો.''

આમ વિશ્વરૂપે પ્રગટ થયેલું પરમતત્ત્વ સત્ ચિત્ અને આનંદરૂપે છે. તે વાસ્તવમાં એક જ છે. તેને જ આપણે સચ્ચિદાનંદ કહીએ છીએ.

વિશ્વની પ્રત્યેક વસ્તુના મૂળમાં જેમ ચૈતન્યશક્તિ રહેલી છે. તેમ આનંદ પણ રહેલો છે. એ આનંદને લઈને તો વિશ્વ ટકી રહ્યું છે. સર્વ પ્રાણીઓ આનંદમાંથી જન્મે છે. આનંદ વડે જ જીવે છે અને વૃદ્ધિ પામે છે અને પાછાં આનંદમાં જઈને મળે છે.

આ રીતે જોતાં આખું વિશ્વ જો સચ્ચિદાનંદ સ્વરૂપમાંથી અવિર્ભાવ પામ્યું હોય તો દુઃખ શા માટે છે ? એવો એક પ્રશ્ન આપણા મનમાં ઉદ્‌ભવે છે. તો દુઃખનું કારણ હોય તો તે છે આપણો અહંકાર. આપણે આપણા મૂળસ્વરૂપમાં જીવતાં નથી, પણ અહંકારમાં જીવીએ છીએ એટલે પરમાત્માનો એ આનંદ આપણી અંદર ઢંકાઈ ગયેલો છે. એ આનંદ જાળાં ઝાંખરાંઓથી છવાયેલી ફળદ્રુપ ભૂમિ જેવો છે. એમાં કામનાઓના અનેક અડબાઉ છોડો ઊગી નીકળ્યા છે. વળી એમાં આવેલાં સુખ-દુઃખનાં ફળો પણ કંઈ ઓછાં ઝેરી નથી. જ્યારે આપણી અંદર રહેલી ચૈતન્યશક્તિ આ ઝેરી છોડવાઓને બાળી નાંખશે, ત્યારે જ આપણી અંદર રહેલો એ સચ્ચિદાનંદનો આનંદ પ્રગટ થશે. એ આનંદમાં અતૃપ્ત કામનાઓ નહીં હોય. પણ હશે પરમ તૃપ્તિ. એ જ આપણું સાચું સ્વરૂપ છે, એમાં આપણે સ્થિર થવાનું છે. આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ કે આપણને તેઓ સાચા સ્વરૂપમાં મૂકી આપે.

◈

# ૮

# સત્-અસત્

તૈત્તિરીય ઉપનિષદની બીજી વલ્લીના છઠ્ઠા શ્લોકમાં કહ્યું છે :

असन्नवे स भवति असद् बह्मेति वेद चेत।

अस्ति ब्रह्मेति चेत् वेध। सन्तमेनं ततो विदुः ॥

એટલે કે એને અસત્ બ્રહ્મ તરીકે, સત્-તાના અભાવ તરીકે જે જાણે છે, તે પોતે કેવળ અસત્ બને છે. પરંતુ એને બ્રહ્મ છે એમ સત્ તરીકે જે જાણે છે, તે જીવનમાં તેને વાસ્તવિક રીતે ઓળખે છે. આથી સત્-તાનો અભાવ એટલે અસત્ એવું નથી. કેમકે સત્-તા તો સર્વત્ર વ્યાપેલી છે. તો અસત્ એટલે શું ? બૌદ્ધ ધર્મમાં અસત્ એટલે નિર્વાણ કે રૂપશૂન્યતા. જ્યાં સઘળું લય પામી જાય છે. મન તેને શૂન્ય કહે છે. અસત્ એટલે ચેતનાની એક એવી ભૂમિકા કે જેમાં અનંત, એ એકમેવ પણ, મનને શૂન્ય ભાસે છે. સઘળાં અસ્તિત્ત્વનો લોપ થઈ ગયો હોય એવી એ સ્થિતિ લાગે છે. ઘણા દાર્શનિકો એવું માને છે કે આ શૂન્યાત્મક સ્થિતિ એટલે કે અસત્‌માંથી જ જગતનું સર્જન થયું છે. તૈત્તિરીય ઉપનિષદમાં આ વિષે પણ કહ્યું છે :

''असद्धा इदमग्र आसीत ततो वै सद्जायत'' (તૈત્તિરીય ઉપનિષદ ૨:૭) એટલે કે આ વિશ્વની પહેલાં અસત્ હતું અને તેમાંથી સત્‌નો જન્મ થયો. પરંતુ પછીના ઋષિઓએ આ વિધાનને અશક્ય ગણીને નકાર્યું છે. કેમ કે સત્ તો સત્‌માંથી જ ઉદ્‌ભવી શકે. અસત્ કે શૂન્યમાંથી એની ઉત્પત્તિ સંભવી શકે જ નહીં. કેમકે આ સત્ તો છે, પરમ અજ્ઞેયનું નિરપેક્ષ કેવળનું શુદ્ધ સ્વરૂપ. જે સઘળાં નામરૂપોથી પર રહેલું છે.

છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે : 'सदेव एकमेवाद्वितीयम्'।

સત્ તો એક જ છે. અને અદ્વિતીય છે સમગ્ર બ્રહ્માંડમાં એ એક જ શક્તિ કાર્ય કરી રહી છે. પરમતત્ત્વ પોતે એ શક્તિને વહાવી રહ્યું છે એથી એ સતત ગતિમાન જણાય છે. પણ છે તો એ સત્‌નો જ માત્ર આવિર્ભાવ. એ સત્ કાળથી પર છે, મનથી પર છે, કારણથી પણ પર રહેલું છે. તે સદાય એકનું એક જ છે, છતાંય નિત્યનૂતન છે. તે એક જ હોવા છતાંય અગણિત રૂપોમાં પોતાને વ્યક્ત કરી રહ્યું છે. તે અસીમ છે. અનંત છે. અવ્યાખ્યેય છે. ધારો કે સૃષ્ટિનાં તમામ રૂપો ને પરિમાણો અદૃશ્ય થઈ જાય તો પણ એ તો રહેવાનું જ. આથી એમ કહી શકાય કે એ શાશ્વત છે. સર્વથી પર છે. અનન્ય છે. નિરપેક્ષ છે. વિચારોથી કે બુદ્ધિથી એ જાણી શકાતું નથી. માત્ર નીરવ મનની સ્થિતિમાં ગહન ધ્યાનમાં એની અનુભૂતિ કરી શકાય છે.

આ સત્ તત્ત્વે સમગ્ર વિશ્વને - વિશ્વના સઘળા પદાર્થોને પોતાનામાં ધારણ કરીને રાખેલા છે. પાછું તે પોતે પણ એ પદાર્થોની અંદર રહેલું છે. મનથી આ કંઈ સમજાય તેવું નથી. છતાં વેદાંતમાં આકાશના દૃષ્ટાંત દ્વારા આ સમજાવ્યું છે. જેમ આકાશ સર્વ પદાર્થોની અંદર રહેલું છે, સર્વ પદાર્થો તેમાંથી બનેલા છે, વળી તે સર્વને પોતાની અંદર ધારણ પણ કરીને રહેલું છે અને છતાં પાછું તે બધાથી ભિન્ન પણ રહેલું છે. તેવું જ સત્‌નું પણ છે.

આ સત્ એ જ પરમ વાસ્તવિકતા છે. તે કંઈ વિચાર કે કલ્પના નથી. પણ કેવળ એક માત્ર અસ્તિત્વ છે. સમગ્ર બ્રહ્માંડનું ઉદ્‌ભવસ્થાન એવું સત્ એક અને અદ્વિતીય છે. પણ ''एको सत् विप्रा बहुधा वदन्ति'' એમ વિદ્વાનો એને અનેક રૂપોમાં રહેલું છે, એમ કહે છે. સત્-ચિત્ અને આનંદસ્વરૂપ એ પરમતત્ત્વને જાણવા માટે અંતઃદૃષ્ટિ જોઈએ. તે માટેની પાત્રતા કેળવતાં, તેની જ કૃપાથી તેનો અનુભવ કરી શકાય છે.

◊

# ૯

# ચેતના

ચેતના એટલે ચિદ્શક્તિ. સમગ્ર બ્રહ્માંડને ચલાવનારી ચૈતન્યશક્તિ. મૂળ સ્વરૂપે તે પરમાત્માની દિવ્યશક્તિ છે. એ જ ગતિ છે, એ જ સ્થિતિ છે, આ સમસ્ત બ્રહ્માંડમાં જે કંઈ છે તે તે જ છે. આ વિશ્વમાં રહેલા સઘળા પદાર્થો પણ આ ચિદ્શક્તિનું જ સર્જન છે. નાનામાં નાના અણુથી માંડીને વિરાટ બ્રહ્માંડમાં એ જ વ્યાપ્ત છે. જીવંત અસ્તિત્વોમાં આ ચેતના ગતિમાન જણાય છે. સ્થૂલ પદાર્થોમાં તે આપણને દેખીતી રીતે ભલે ગતિમાં જણાતી નથી, પણ વાસ્તવમાં તો તેમાં પણ તે ગતિમાં જ રહેલી છે. જ્યારે તે ગતિના દબાણમાં પોતાની જાતને ભૂલી જાય ત્યારે તે અચેતન શક્તિ બને છે. જ્યારે તે રૂપોમાં પોતાની જાતનું વિસ્મરણ કરે ત્યારે તે ઈલેક્ટ્રોન અણુ કે સ્થૂલ પદાર્થ બને છે. આમ જડ કે ચેતન સઘળાની ભીતરમાં એ જ ચેતનશક્તિ કાર્યરત રહેલી છે. વળી વિવિધ આકારો રૂપે પણ તે જ પ્રગટ થઈ રહેલી છે.

ઉત્ક્રાન્તિના વિકાસક્રમની રીતે જોતાં આ ચેતના સ્થૂલ પદાર્થરૂપે, વનસ્પતિરૂપે, પ્રાણીરૂપે અને મનુષ્યરૂપે ક્રમશઃ વિકાસ પામી રહી છે. હજુ પણ ચેતનાની આ વિકાસયાત્રા વણથંભી ચાલુ જ છે. શ્રી અરવિંદના દર્શન મુજબ ચેતનાની આ વિકાસયાત્રા મનથી ઉપરની ભૂમિકા અતિમનસ ભૂમિકા સુધી પહોંચશે ત્યારે એ ચેતના પરમાત્માની પૂર્ણશક્તિ રૂપે સક્રિય બનતાં દેવમનુષ્યો એટલે કે અતિમાનસ જાતિ અસ્તિત્વમાં આવશે. ત્યારે જ જગત પૂર્ણ બનશે.

આમ જોઈએ તો ચેતના એક જ છે. પણ તે જુદી જુદી ભૂમિકાની

પ્રકૃતિ ધારણ કરે છે, એટલે અલગ અલગ રૂપે વ્યક્ત થતી જણાય છે. અત્યાર સુધી એમ માનવામાં આવતું હતું કે જડ પદાર્થોમાં ચેતના નથી. પરંતુ હવે તો વૈજ્ઞાનિકોએ પણ સાબિત કરી આપ્યું છે કે જડ પદાર્થોનાં અણુએ અણુમાં ચેતના શક્તિ વ્યાપ્ત છે. અણુબોમ્બે એ સાબિત કરી આપ્યું છે કે પદાર્થના નાનામાં નાના ઇલેક્ટ્રોન અને પ્રોટોનમાં કેટલી પ્રચંડ શક્તિ રહેલી છે. અત્યારના આધુનિક વિજાણુયંત્રો, કોમ્પ્યુટરો, મોબાઈલ ફોન એ જડ પદાર્થોમાં રહેલી ચૈતન્યમય શક્તિનો જ આવિર્ભાવ છે. હજુ પણ જેમ જેમ જડપદાર્થોમાં રહેલી આ ચૈતન્યશક્તિ વધુ ને વધુ પ્રગટ થતી જશે, તેમ તેમ માનવમનને આશ્ચર્ય પમાડે તેવાં અદ્‌ભુત ઉપકરણો પ્રાપ્ત થશે. છેલ્લા બે દાયકામાં માનવજાતિએ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે જે આશ્ચર્યકારક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, તે આ સ્થૂલ પદાર્થોની ભીતરમાં રહેલી ચૈતન્યમય શક્તિના સક્રિયતાનું પરિણામ છે. આ સ્થૂલભૂમિકાની જેમ જ પ્રાણમય ભૂમિકા અને મનોમય ભૂમિકા ઉપર પણ આ ચેતના અવિરત વિકાસ પામી રહી છે તેની આ વિકાસયાત્રા સર્જનની પ્રક્રિયામાં એકકોષી જીવ અમીબાથી લઈને કરોડો વરસે મનની શક્તિથી ચાલતો મનુષ્ય સર્જાયો. પરંતુ મનોમય ભૂમિકા ઉપર કાર્યરત આ ચેતના મનના ગુણધર્મોને આધીન હોવાથી તે પૂર્ણ નથી કેમ કે મનમાં અજ્ઞાન છે, ભેદ છે, અપૂર્ણતા છે. આથી મનુષ્ય એ ચેતનાની આ વિકાસયાત્રામાં હજુ વચગાળાનું પ્રાણી છે. જેમ વાંદરા જેવા પશુપ્રાણીમાંથી મન અને બુદ્ધિના ઉપયોગથી પશુઓ કરતાં ઉત્કૃષ્ટ જીવન જીવનારો મનુષ્ય સર્જાયો, તેમ મનુષ્યમાંથી હજુ પણ આગળ, પરમાત્માની પૂર્ણશક્તિથી જ કાર્ય કરનાર અતિમાનવ સર્જાશે. પરમાત્માની ચેતના પૂર્ણ છે. તેમાં ભેદ નથી, અજ્ઞાન નથી, મર્યાદા નથી. જ્ઞાન, શક્તિ, સંવાદિતા અને પ્રેમ એ છે તેનાં લક્ષણો, પરમાત્માની આ પૂર્ણચેતનાથી સંચારિત દિવ્યમાનવજાતિ જ્યારે

અસ્તિત્વમાં આવશે, ત્યારે ચેતનાની આ વિકાસયાત્રા પૂર્ણ થશે. ત્યારે નૂતન દિવ્યજગત અસ્તિત્વમાં આવશે. ત્યારે અત્યારની માનવજાતિને જે દુઃખો સહેવાં પડે છે, તે નહીં હોય. પણ ત્યારે હશે પ્રેમ અને સંવાદિતાથી ભરેલું સુમધુર જગત. આપણે પ્રાર્થના કરીએ કે ચેતનાની વિકાસયાત્રા ખૂબ ઝડપી બને અને પરમાત્માનું દિવ્ય જગત જલ્દીથી આર્વિભાવ પામે.

◊

## દિવ્યતાની અભિવ્યક્તિ

દરેક વ્યક્તિમાં દિવ્યતા તો સુપ્તપણે રહેલી જ છે. અંદરની આ દિવ્યતાને બાહ્ય તેમ જ આંતર પ્રકૃતિના નિયમન દ્વારા અભિવ્યક્ત કરવી એ જ જીવનનું ધ્યેય છે. કર્મ, ઉપાસના, મનનો સંયમ અથવા તત્ત્વજ્ઞાન એમ એક અથવા અનેક દ્વારા આ જીવનધ્યેયને સિદ્ધ કરો અને મુક્ત બનો. ધર્મનું આ સમગ્ર તત્ત્વ છે. સિદ્ધાંતો, મતવાદો, અનુષ્ઠાનો, શાસ્ત્રો, મંદિરો કે મૂર્તિઓ આ બધું ગૌણ છે.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૧૦

# એકતા

એકતા એટલે સમગ્ર માનવજાત એક જ છે, એની દરેક મનુષ્યને થતી અનુભૂતિ. દેશ, ધર્મ અને જાતિની વિવિધતા અને અલગતા હોવા છતાં તત્ત્વતઃ બધાં જ મનુષ્યો મૂળરૂપે એક પરમાત્ત્વનાં જ બનેલાં છે, તેથી બધાં મૂળસ્વરૂપે તો એક જ છે. પરંતુ હજુ મનુષ્યો પોતાની એ મૂળભૂત એકતા પ્રત્યે જાગૃત નથી એટલે તેઓ દેશ, ધર્મ, જાતિને અલગ અલગ માનીને પોતાને શ્રેષ્ઠ માને છે. આ સંદર્ભમાં શ્રીમાતાજી કહે છે :

''આખું વિશ્વ એક છે. એક જ છે. એનામાં એકતા નથી એવું નથી, એટલે એ માટે ક્યાંય બહારથી એકતા લાવીને એના ઉપર લાદવાની રહે છે. વસ્તુ ફક્ત એટલી જ છે કે જગત તેની એકતા વિષે સભાન નથી. તેણે સભાન બનવાનું છે.''

આમ જોઈએ તો સમગ્ર સૃષ્ટિમાં પરમાત્માની એક જ ચેતના રહેલી છે. પરમાત્માએ એકોહમ બહુસ્યામ્‌ની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે પોતાની ચેતનાને બાહ્ય રૂપોમાં વિભાજિત કરી, વિસ્તારી, અગણિત ખંડોમાં અભિવ્યક્ત કરી ત્યારે અનેકવિધ વ્યક્તિગત રૂપો પ્રગટ્યાં. આમ આ અસંખ્ય રૂપો, આકારો ભલે જુદા જુદા દેખાય પણ એ બધાની અંદરની ચેતના તો એક જ છે. પરંતુ અત્યારે તે વ્યક્તિગત રૂપોમાં સુપ્ત પડેલી છે. એ ચેતના વ્યક્તિગત રૂપોમાં જ્યારે જાગૃત થશે, ત્યારે આપોઆપ એકતા સ્થપાઈ જશે. શ્રી માતાજી કહે છે કે માનવોની અંતર ગુફામાં પ્રચ્છન્ન રહેલાં આ એકતાનાં પરિબળોને હવે ગતિમાન કરવાનાં છે. બહુત્વની અંદર એકત્વનો અનુભવ કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે. કેમકે નવી શક્તિ અથવા તો નવી ચેતના આ પૃથ્વી ઉપર ઊતરી આવી છે અને હાલનો સમય એવો છે કે જ્યારે જગત

એકતા વિષે સભાન બની શકે તેમ છે.

ભગવાને સૃષ્ટિની રચના કરી અને તેઓ એકમાંથી અનેક બન્યા અને હવે ફરી તેઓ અનેકમાં એક રૂપે પ્રગટ થશે ત્યારે સમગ્ર જગત પૂર્ણ બની જશે. બધા મનુષ્યોએ એક જ પરમ ચેતનાથી એક-બીજા સાથે જોડાયેલા હોવાથી એકતા અનુભવશે. પરંતુ એનો અર્થ એ નથી કે બધા મનુષ્યો સમાન-એકસરખા હશે. આ એકતા તો વિવિધતાની અંદર રહેલી આંતરિક એકતા છે. મનુષ્ય હોવાને નાતે બીજા મનુષ્યો સાથે આત્મીયતાની એકતા છે. બંધુત્વની એકતા છે. પરંતુ જ્યાં સુધી મનુષ્યો અહંકારમાં જીવે છે, અજ્ઞાનમય પ્રકૃતિને આધીન છે. ત્યાં સુધી બહારથી ગમે તેટલા પ્રયત્નો લાદવામાં આવે પણ સાચી એકતાની અનુભૂતિ થતી નથી. એ માટે મનુષ્યોએ આત્મામાં જીવન ધારણ કરવું જોઈએ આ સંદર્ભમાં શ્રી અરવિંદ કહે છે, ''આ આંતરિક એકતા કોઈ સામજિક, રાજકીય કે ધાર્મિક તંત્રે અત્યાર સુધી સર્જી નથી કે સર્જી શકશે પણ નહીં. એ માટે માનવજાતિએ આત્મામાં જન્મ લેવો પડશે અંતરના ગૂઢ અને દિવ્ય ઊંડાણમાંથી ઉપર આવવું પડશે.''

માનવજાતિની સાચી એકતાનું આ દર્શન ભારતના આત્મજ્ઞાની ઋષિઓએ કર્યું હતું. તેમના દર્શનમાં 'વસુધૈવકુટુમ્બકમ્'ની ભાવના મૂર્તિમંત થતી હતી. તેઓ પોતાને 'પૃથિવ્યાઃ પુત્રોડસ્મિ' ગણાવીને સમગ્ર પૃથ્વી સાથે પોતાને એકરૂપ ગણતા હતા. એમની પ્રાર્થનાઓમાં પણ ''સર્વે સુખિનઃ સન્તુ, સર્વે સન્તુનિરામયાઃ। સર્વે ભ્રદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્ દુખમાપ્નુયાત્॥''

એટલે સર્વ મનુષ્યોને માટે પ્રાર્થના હતી. તેમના શાંતિમંત્રોમાં આકાશ, પૃથ્વી, પાણી, વનસ્પતિ ઔષધિઓ બધાંને માટે અને સમગ્ર માનવજાતિને માટે શાંતિની પ્રાર્થના હતી. સમગ્ર માનવજાતિ એક જ છે. એ અનુભૂતિમાં તેઓ જીવતા હતા. 'આત્મવત્ સર્વભૂતેષુ'ની

ભાવના તેમના રોજિંદા જીવનવ્યવહારમાંથી પ્રગટ થતી હતી. એમનું દર્શન, પ્રાણીમાત્રમાં ઈશ્વર રહેલો છે, એ સનાતન અને શાશ્વત હોવાથી આજે પણ એટલું જ પ્રસ્તુત છે. જેમણે ઈશ્વરની અનુભૂતિ કરી છે, એમની ચેતનામાં જેઓ જીવી રહ્યા છે, એવા યોગીઓ, સંતો, મહાત્માઓને જગતના ભેદભાવો કે સીમાડાઓ સ્પર્શતા નથી. પછી તે ઈસુ હોય કે મહંમદ પયગંબર હોય કે જરથોસ્ત્ર કે કન્ફયુશિયસ કે બુદ્ધ હોય માનવજાતિને ઊંચે લઈ જનારા આ મહામાનવોએ માનવજાતિની મૂળભૂત એકતાનો સ્વીકાર કર્યો છે. તેઓએ માનવી માનવી વચ્ચેની ભેદની દીવાલોને ભૂંસી નાંખવાનો પ્રયત્ન કર્યો છે.

આટઆટલા પ્રયત્નો થવા છતાં પણ જગતમાં યુદ્ધો થતાં રહે છે. ધર્મ, સંપ્રદાય અને જાતિઓ વચ્ચેના ઝઘડાઓ ચાલુ જ રહે છે. દેશ દેશ વચ્ચે વૈમનસ્યો વધતાં જાય છે. રાષ્ટ્રોની, જાતિની, ધર્મની અલગ વિચારસરણી, ભાષાભેદ મુક્ત વ્યવહારોનો અભાવ, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના કૌશલ્યોની ખામી - આ બધાંને લઈને વિશ્વની પ્રજા પોતે એક છે, એવું માની શકતી નથી. આ એકતાને જાગૃત કરે તેવો માનવધર્મ હજુ વિકાસ પામ્યો નથી. એકતાને રૂંધનારાં પરિબળો ત્યારે જ દૂર થાય કે જ્યારે માનવજાતિ આધ્યાત્મિક ઉત્થાન કરે. સર્વ મનુષ્યોમાં એક જ આત્મા રહેલો છે. એ પાયાના તત્ત્વજ્ઞાન ઉપર રચાયેલો માનવધર્મ જ સાચી એકતાને લાવી શકશે. શ્રી અરવિંદ કહે છે કે ''આધ્યાત્મિક માનવધર્મ એ જ ભવિષ્યની આશા છે. સાચી એકતા પ્રાપ્ત કરવા માટે માનવજાતિએ આત્મજ્ઞાન તરફ વળવું પડશે એ સિવાય બીજો કોઈ માર્ગ જ નથી.''

◊

# ૧૧

# પરમાનંદ સ્વરૂપ

સમગ્ર વિશ્વ પરમાત્માના પોતાના જ આનંદનો આવિર્ભાવ છે. પરમાત્મા પોતે જ એકમાંથી અનેક બન્યા છે. આપણા ભક્તકવિ નરસિંહ મહેતાએ સર્વત્ર વ્યાપેલા પરમાત્માની અનુભૂતિ કરીને ગાયું કે 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે' સમસ્ત બ્રહ્માંડ પરમાત્માનું જ સ્વરૂપ છે. પરમાત્મા પોતે આનંદરૂપ છે, પ્રેમરૂપ છે, જ્ઞાનરૂપ છે. પરમ ચૈતન્ય શક્તિ રૂપ છે અને છતાં તેઓ આ બધાથી પર પણ રહેલા છે. જગતના દરેક પદાર્થે પરમાત્માના અવિકારી આનંદના વિકારી રૂપો રૂપે અસ્તિત્વમાં આવેલા છે. દરેક જડ ચેતન પદાર્થમાં પરમાત્માનો એ આનંદ રહેલો છે. આ આનંદને લઈને જ સર્વ વસ્તુઓ ટકી રહી છે. તૈત્તિરીય ઉપનિષદના ઋષિ કહે છે કે ''આપણા નિવાસરૂપ આકાશ જેવો આ વિશ્વરૂપ આનંદ જો બ્રહ્માંડમાં ન હોત તો કોણ જીવી શકત ? કોણ શ્વસી શકત ?''

પરમાત્માએ પોતાના આનંદ માટે તો બ્રહ્માંડ રૂપે પોતાનો જ વિસ્તાર કર્યો છે. સમગ્ર સર્જનનું મૂળ આ આનંદ છે. આનંદને લઈને તો દરેક પદાર્થ પોતાના અસ્તિત્વને વળગી રહેવા મથે છે. જગતમાં સર્વત્ર જે પ્રબળ જિજીવિષા જોવા મળે છે, તેનું કારણ પણ આ આનંદ જ છે. આ આનંદ સ્થૂલ ભૂમિકા ઉપર એટલે કે જડપદાર્થોમાં તે અવિનાશિતા રૂપે પ્રગટ થાય છે. પ્રાણની ભૂમિકા ઉપર તે આત્મરક્ષણની ભાવના રૂપે પ્રગટ થાય છે અને મનની ભૂમિકા ઉપર તે અમૃતતત્ત્વના ભાનરૂપે પ્રગટ થાય છે. દરેક ભૂમિકામાં આ આનંદની અભિવ્યક્તિ જુદા જુદા પ્રકારે થાય છે. પણ આનંદ વગર કંઈ જ ટકી શકતું નથી. ઉપનિષદના ઋષિ કહે છે :

आनंदाध्येव खलु इमानि भूतानि जायन्ते
आनंदेन जातानी जीवन्ती
आनंदम् प्रयन्त्यममि संविशन्ति ॥

આ સર્વ પ્રાણીઓ સાચ્ચે જ આનંદમાંથી જન્મે છે. આનંદ વડે જ જીવે છે અને વૃદ્ધિ પામે છે અને પાછાં આનંદમાં જઈ મળે છે.

આ રીતે જગતનું મૂળ આનંદમાં છે અને જીવન જેમાં અંત પામે છે તે પણ આનંદ જ છે. તો પછી જીવનમાં દુઃખ શા માટે છે ? વેદના અને પીડા શા માટે છે ? આવા પ્રશ્નો આપણા મનમાં સહજપણે જ ઉદ્ભવે છે. પણ એ આપણું અજ્ઞાન છે. અજ્ઞાનથી આવૃત્ત થયેલી આપણી દૃષ્ટિ એ આનંદને જોઈ શકતી નથી અને અજ્ઞાનથી ભરેલાં આપણાં મન હૃદય એ આનંદને અનુભવી શકતાં નથી. પરંતુ બાહ્યદૃષ્ટિથી પણ જો આપણે તટસ્થતાપૂર્વક જોશું તો આનંદનો સરવાળો દુઃખના સરવાળા કરતાં વધી જતો હોય છે. આનંદ આપણી સહજ સ્વાભાવિક સ્થિતિ છે. જેમ પાણીમાં રહેતી માછલીને પાણીનો અનુભવ થતો નથી, તેવી જ રીતે આનંદની અંદર જ ઓતપ્રોત હોવાથી આનંદની સહજાવસ્થાની આપણને ખબર પડતી નથી. એટલે જ્યારે આનંદ તીવ્ર રૂપ લે છે, કોઈ ઊંડા સુખ કે અતિ ઉત્કટ લાગણી રૂપે અનુભવાય ત્યારે જ તેનું અસ્તિત્વ આપણા ધ્યાનમાં આવે છે અને તેને આપણે આનંદ તરીકે ઓળખીએ છીએ. જ્યારે દુઃખ એ બહારથી આવે છે, તે આપણી સ્વાભાવિક પ્રકૃતિ નથી એટલે જરાસરખું દુઃખ હોય તોપણ આપણને એ વધારે જણાય છે, તેની અસર તીવ્રપણે થાય છે.

બીજી વસ્તુ એ છે કે આપણે મનોમય ચેતનામાં રહીએ છીએ. વેદના ઋષિઓના દર્શન પ્રમાણે મનોમય કોષ પછી આનંદમય કોષ આવે છે. જેમાં પરમાનંદ સ્વરૂપ પ્રગટ થાય છે. પરંતુ માનવ ચેતના હજુ આનંદમય કોષ સુધી પહોંચી નથી. મનોમય ચેતનામાં તો સુખ, દુઃખ,

ઉદાસીનતા, નિરાશા, ભેદ, દ્વન્દ્વ આ બધું જ રહેલું છે. તેમાં તો આઘાત-પ્રત્યાઘાતો થતા જ રહે છે. એ ચેતના હજુ પરમાનંદનો અનુભવ કરી શકવા સમર્થ નથી બની. જ્યાં સુધી તેમાં પરમાનંદનું અવતરણ થયું નથી, ત્યાં સુધી તેમાં સુખ-દુ:ખનો અનુભવ થતો જ રહેવાનો. એ તો જ્યારે મનુષ્ય સર્વ વિવિધતામાં પણ એક રૂપે રહેલા પરમાત્મા સાથે તાદાત્મ્ય સાધે ત્યારે તેના આનંદની અનુભૂતિ કરી શકે.

જ્યારે મનુષ્ય એ સ્થિતિમાં પહોંચે ત્યાર પછી એને સમગ્ર વિશ્વ પરમાત્માનો, એ આનંદના આર્વિભાવ રૂપ છે, એવું દર્શન થવા લાગે છે. પછી પ્રત્યેક ક્રિયા-પ્રક્રિયાઓમાં એ જ આનંદનું દર્શન તે કરે છે. પછી તે કાદવમાં આળોટતું ભૂંડ હોય કે કારખાનામાં કામ કરી રહેલો મજૂર હોય કે ખેતરમાં કામ કરતો ખેડૂત હોય કે નાચગાનમાં મહાલતો શ્રીમંત નબીરો હોય. સર્વમાં એ જ એકમેવનો આનંદ પ્રગટ થઈ રહ્યો છે, એવો તેને અનુભવ થાય છે. આ આનંદ શાશ્વત છે. નિત્યનૂતન છે. તાજગી સભર છે. અખૂટ છે. તે દરરોજ ક્ષણે ક્ષણે સર્વમાં આવિર્ભાવ પામી રહ્યો છે. પરંતુ આપણી મર્યાદિત મનોમય ચેતના એ જોઈ શકતી નથી. મનોમય ચેતના તો આત્માના ડહોળાયેલા પ્રતિબિંબ જેવી છે. એમાં સાચો આનંદ કદી સ્થાયી બની શકતો નથી.

મનુષ્યે પોતાની અંદર રહેલા એ પરમાનંદ સ્વરૂપને પ્રગટ કરવાનું છે અને પરમાત્માના પ્રેમ પ્રકાશ અને આનંદમાં પોતાનું જીવન નવેસરથી ઘડવાનું છે. આ માટે તીવ્રતમ પ્રાર્થના ઉત્કટ પોકાર, આતુરધ્યાનનું દબાણ, અતિ દૃઢ સંકલ્પશક્તિ અને ખંતપૂર્વકના પ્રયત્નો જરૂરી છે. એથી અજ્ઞાનમય આવરણો ભેદાય છે અને મનુષ્યની અંદર રહેલા પરમાત્મા પ્રગટ થાય છે અને ત્યારે જ જીવન પરમ આનંદમય બને છે.

◊

# ૧૨

# ત્રિગુણ નિરૂપણ

પ્રકૃતિ ત્રણ ગુણવાળી છે. સત્ત્વ, રજસ અને તમસ.

સત્ત્વ એટલે જ્ઞાન અને સુખ. રજસ એટલે કાર્ય અને દુઃખ. તમસ એટલે અજ્ઞાન અને જડતા. આ ત્રણેય ગુણો દ્વારા પ્રકૃતિ પોતાને પ્રગટ કરે છે. મોટેભાગે તો પ્રકૃતિમાં આ ત્રણેય ગુણોનું સંમિશ્રણ જોવા મળે છે.

સત્ત્વગુણ વિષે જોઈએ તો સત્ત્વ એટલે સઘળું પ્રાપ્ત કરનારી અને સંવાદ ઉપજાવનારી પ્રકૃતિની જ્ઞાનની શક્તિ. સત્ત્વગુણમાં વિશુદ્ધિ છે. તે પોતે પ્રકાશ આપે છે. તે મનુષ્યના મનને જ્ઞાનથી આલોકિત કરે છે. તેમાં વિશુદ્ધિ હોવાથી વ્યાધિ, અસ્વસ્થતા કે ક્લેશ ઊભાં થતાં નથી. સત્ત્વગુણના, જ્ઞાનથી ભરેલાં કર્મોનું ફળ પણ સાત્ત્વિક મળે છે. જ્યારે મનુષ્યમાં સત્ત્વગુણ વૃદ્ધિ પામે છે, ત્યારે તેનું હૃદય પ્રકાશ પ્રત્યે ખુલ્લું થાય છે. તેની બુદ્ધિ પ્રકાશ પ્રત્યે અભિમુખ થતાં સતેજ અને તીક્ષ્ણ બને છે. ઈન્દ્રિયો વેગવાન બને છે. સમગ્ર નાડીતંત્ર શાંત અને સ્થિર બને છે. જ્ઞાન, સંવાદિતાભર્યો આરામ, સુખ અને આનંદ એ સત્ત્વગુણનાં લક્ષણો છે.

રજોગુણ એટલે કર્મમાં અભિમુખ થયેલી ફાંફા મારતી અજ્ઞાનની શક્તિ. જે શક્તિને કામનાઓ અને આવેગો ગતિ આપે છે. બીજા શબ્દોમાં કહીએ તો રજોગુણ એટલે પોતાનો સંતોષ શોધતી કામના. રજોગુણમાં રાગ છે. કામનાઓ પ્રત્યેનું આકર્ષણ છે. આ ગુણ ઈચ્છાઓ, લોભ, અસંતોષ, અશાંતિથી ભરેલો છે જ્યારે રજોગુણ વૃદ્ધિ પામે છે, ત્યારે કામનાઓ વધે છે. લોભને અસંતોષ પણ વધે છે. તેથી મનુષ્ય

કાર્યમાં પ્રવૃત્ત થાય છે. પ્રકૃતિના ત્રણે ગુણોમાં રજોગુણ ક્રિયાત્મક શક્તિવાળો છે. કાર્ય કરવાની પ્રબળ કામના એ એનું મુખ્ય લક્ષણ છે. પરંતુ આ કાર્યોમાંથી કલેશ, દુઃખ અને શોક મળે છે. સ્થાયી આનંદ એમાંથી પ્રાપ્ત થતો નથી. કેમકે રજોગુણ જે પ્રાપ્તિ કરે છે તે સાચી રીતે કરેલી હોતી નથી. તેથી તેનો આનંદ સ્થાયી બનતો નથી. તેનામાં જ્ઞાનની વિશાળતા નથી. વસ્તુઓ કેવી રીતે મેળવવી તેનું તેને સાચું જ્ઞાન નથી. અજ્ઞાનમાં કરેલાં કર્મોનું ફળ એ દુઃખ છે. બસ, અજ્ઞાનમય આવેગભરી કામના દ્વારા ઉત્પન્ન થતી પ્રવૃત્તિ એ રજોગુણનું લક્ષણ છે.

તમોગુણ એટલે અચિત્‌ની શક્તિ. તે જડતા અને અજ્ઞાનમાંથી જન્મે છે. તેથી તેનું પરિણામ પણ અજ્ઞાન અને જડતા જ હોય છે. તમોગુણનું અજ્ઞાન જ્ઞાનને ઢાંકી દે છે અને જ્ઞાન ઢંકાઈ જતાં બધા જ પ્રકારની અવ્યવસ્થા સર્જાય છે. મોહની માત્રા વધે છે. ભૂલ, બેદરકારી, ગેરસમજૂતી, મિથ્યાભિમાન અને બુદ્ધિની અશક્તિ તમોગુણમાં સર્જાતી જોવા મળે છે. તમોગુણ જડતાથી ભરેલો હોઈને તે કાર્ય કરવામાં અશક્તિ અને પ્રમાદ લાવે છે. પ્રમાદ, એશઆરામ, આળસ, નિદ્રા - આ બધું તમોગુણને આભારી છે. તમોગુણ ફક્ત સત્ત્વગુણનો જ નહીં પણ રજોગુણનોય વિરોધી છે. કેમકે તેની જડતા રજોગુણની ક્રિયાશક્તિને રૂંધે છે. આમ તમોગુણમાં સત્ત્વના જ્ઞાનનો અને રજસની ક્રિયાશક્તિ બંનેનો અભાવ જોવા મળે છે.

દરેક મનુષ્યની પ્રકૃતિ વત્તે ઓછે અંશે આ ત્રણે ય ગુણોના મિશ્રણવાળી હોય છે. બધામાં કામના અને પ્રવૃત્તિ રૂપે રજોગુણ જ્ઞાન અને સુખના રૂપમાં તેમ જ પોતાની પરિસ્થિતિ અને પદાર્થો સાથે એક જાતનું સમાધાન કરી લેનાર સત્ત્વગુણ અને અજ્ઞાન અક્રિયતાને પ્રમાદ રૂપે તમોગુણ ઓછી કે વધારે માત્રામાં હોય છે જ. આ ત્રણેય ગુણનું પ્રમાણ હંમેશાં એકસરખું રહેતું નથી. એક જ વ્યક્તિમાં પણ ક્યારેક

સત્ત્વગુણ તો ક્યારેક રજોગુણ કે તમોગુણ વધારે જોવા મળતા હોય છે. જ્યારે જ્યારે મનુષ્યને સાત્ત્વિક રાજસિક કે તામસિક કહેવામાં આવે છે, ત્યારે ત્યારે તેનામાં એ ગુણ આગળ પડતો હોય છે. બાકીના બે ગુણો પણ હોય છે જ. પરંતુ તેની માત્રા ઓછી હોય છે. આ ગુણો જ મનુષ્યને કાર્યમાં પ્રેરે છે અને માનવને દેહમાં બાંધી રાખનાર દોરડું પણ એ જ બને છે. ગીતાના ચૌદમા અધ્યાયમાં પાંચમા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : ''પ્રકૃતિમાંથી જ ઉત્પન્ન થયેલા સત્ત્વ, રજસને તમસ ગુણો હે મહાબાહો, અવિનાશી જીવાત્માને દેહમાં બાંધી રાખે છે.''

સત્ત્વ સુખ પ્રત્યે, રજસ કર્મ પ્રત્યે અને તમસ અસત્ અને અકર્મના પ્રમાદ પ્રત્યે આસક્ત હોય છે. આ આસક્તિ બંધનકારક બને છે. ગુણો અને તેના પરિણામો પ્રત્યેની આસક્તિને લઈને આત્મા પ્રકૃતિમાં રહેલા મન, પ્રાણ અને દેહના નિમ્ન કાર્યોમાં અને બાહ્ય સ્વરૂપમાં પોતાની જાતને ડુબાડી દે છે. આ બધાં કાર્યોની પાછળ રહેલી મહાન શક્તિનું તેને વિસ્મરણ થઈ જાય છે. તો પછી આ બંધનમાંથી મુક્ત થવા માટે શું કરવું ?

ભગવાન શ્રીકૃષ્ણ એનો પણ માર્ગ બતાવતાં કહે છે, 'કર્મના ફળનો ત્યાગ કરવો. તમોગુણી કર્મનું ફળ અજ્ઞાન, રજોગુણી કર્મનું ફળ દુઃખ અને સત્ત્વગુણી કર્મનું ફળ ભલે જ્ઞાન અને સુખ છે, પણ એની પાછળની આસક્તિ એ બંધનનું સાધન બને છે. એટલે આ તમામ પ્રકારના ફળનો ત્યાગ કરી દેવો જોઈએ. એ ઉપરાંત બધાં કાર્યો પ્રભુને અર્પણ કરી દેવાથી પછી પ્રભુની ઈચ્છાનું કરણ બની રહેતાં ત્રિગુણની શૃંખલામાંથી છૂટી જવાય છે. ચૌદમા અધ્યાયના ૨૬મા શ્લોકમાં ભગવાન કહે છે - અવ્યભિચાર ભાવે જે ભક્તિયોગે મને ભજે, તે આ ગુણો કરી પર બ્રહ્મને પાત્ર થાય છે.

''જે કોઈ માણસ અવ્યભિચારી, અનન્ય ભક્તિયોગ વડે મારી

સેવા કરે છે. મારી ઉપાસના કરે છે, તે ત્રણ ગુણોથી પર થઈને બ્રહ્મરૂપ થવાનો અધિકારી બને છે.''

◊

## નિષ્ફળતાથી ડગશો નહીં

નિરાશા મળે તેથી શું ? નિષ્ફળતાઓ તો સ્વાભાવિક છે. જીવનનું ખમીર છે. એના વિનાનું જીવન કેવું જાય? જીવનમાં સંગ્રામ જ ન હોય તો જીવનની કિંમત જ ન રહે. જીવનમાંથી કાવ્યનું માધુર્ય જ ઊડી જાય. ભૂલોથી કે અથડામણોથી ગભરાશો નહિ. નિષ્ફળતાઓથી કદી પાછા પડશો નહિ. આદર્શને પકડી રાખવાનો એક હજાર વખત પ્રયત્ન કરો. ને હજારવાર નિષ્ફળ જાઓ તો પણ ફરીથી પ્રયત્ન કરજો.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૧૩
# શ્રુતિનો સર્જક

શ્રુતિ એટલે દિવ્ય રીતે શ્રવણ કરાયેલો શબ્દ. આવિર્ભૂત શાસ્ત્ર. પ્રેરણાની સર્વોચ્ચ ભૂમિકામાં થયેલા દર્શનની શાબ્દિક અભિવ્યક્તિ. આપણા ચારેય વેદો આ રીતે પ્રગટ થયેલા હોવાથી વેદોને શ્રુતિ કહેવામાં આવે છે. જેવી રીતે વાલ્મિકીએ રામાયણની રચના કરી, વેદવ્યાસે મહાભારત અને પુરાણોની રચના કરી, એ રીતે વેદોની રચના કોઈ એક ઋષિએ કરી નથી. ચારેય વેદોમાં અનેક ઋષિઓએ જુદા જુદા મંડળમાં પોતાનાં સૂક્તો અને મંત્રો આપેલા છે. પરંતુ ઋષિઓએ સૂક્તોના સ્રષ્ટા નથી પણ દૃષ્ટા છે. આ ઋષિઓએ પોતાના તપના પ્રભાવથી ઊર્ધ્વચેતનામાં આરોહિત થઈને જ્ઞાનનો જે પ્રકાશ પ્રાપ્ત કર્યો, પરમ સત્યનું જે દર્શન કર્યું અને તેમાં વિવિધ મંત્રોના જે ગૂઢાર્થો એમના હૃદયમાં પ્રગટ થયા, તે તેઓએ અત્યંત ગૂઢભાષામાં રૂપકો અને પ્રતીકો દ્વારા રજૂ કરીને એ મંડળના રચયિતા તરીકે પોતાનું નામ મૂક્યું એટલે જ વેદમાં કહ્યું છે : ऋषयः मंत्रद्रष्टा તેમને મંત્રસૃષ્ટા કહ્યા નથી.

વેદના સર્જક તો પરમાત્મા પોતે જ છે. એનાં અનેક પ્રમાણો વેદ-ઉપનિષદ્, બ્રાહ્મણ, મનુસ્મૃતિ, મહાભારત વગેરેમાં મળે છે. ઋગ્વેદના દશમા મંડળના ૯૦મા સૂક્તના ૯મા શ્લોકમાં અને યજુર્વેદના ૩૧મા અધ્યાયના ૭મા શ્લોકમાં કહ્યું છે :

तस्मात् यज्ञात् सर्वहुतः ऋत्त्वः सामानि जासिरे ।
छंन्दासि जहिरे तस्माधजुस्त स्मादजायत ॥

એટલે કે વિરાટ યજ્ઞપુરુષથી ઋગ્વેદ અને સામવેદનું પ્રકટીકરણ થયું. એનાથી જ યજુર્વેદ અને અથર્વવેદનો પ્રાદુર્ભાવ થયો.

પરમાત્માએ આ વેદોનું જ્ઞાન કેવી રીતે પ્રકટ કર્યું ? આ વિશે શતપથ બ્રાહ્મણમાં જણાવ્યું છે કે અગ્નિ, વાયુ અને સૂર્યે તપશ્ચર્યા કરીને ત્રણ વેદ પ્રાપ્ત કર્યા. મનુસ્મૃતિમાં પણ આ જ વાત જણાવી છે કે -

अग्नि वायुरविभ्यस्तु त्रयं ब्रह्मा सनातनम्।
दुदोह यज्ञसिद्धर्थंमृग्यजुः साम लक्षणम्॥ (મનુ : ૧ : ૨૩)

ઋષિ દયાનંદે પણ અગ્નિ, વાયુ અને સૂર્યને વેદના પ્રથમ દ્રષ્ટા કહ્યા છે. અથર્વવેદનું પ્રથમ જ્ઞાન અંગિરા ઋષિને પ્રાપ્ત થયું હતું.

આ બધાં શાસ્ત્રવચનો દ્વારા એવું પ્રતિપાદિત થાય છે કે પરમાત્માએ સર્વ પ્રથમ વેદોનું જ્ઞાન અગ્નિ, વાયુ, આદિત્ય અને અંગિરાને આપ્યું. અગ્નિએ ઋગ્વેદ, વાયુએ યજુર્વેદ, આદિત્યે સામવેદ અને અંગિરાએ અથર્વવેદનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેને પ્રકાશિત કર્યું. પછી એ જ્ઞાનના ગૂઢાર્થોને ઋષિઓએ તપશ્ચર્યા દ્વારા પોતાના અંતરમાં જાણ્યા અને પછી એ પ્રગટ કર્યા. એ જ વેદોનાં સૂક્તો કહેવાયાં.

મહાભારતમાં વેદવ્યાસ પણ વેદો વિષે કહે છે :

अनादि निधना नित्या वणृ वणुत्सृष्टा स्वयंभूवा।
आदौ वेदमयी दिव्या यतः सर्वा प्रवृत्तम्॥

અર્થાત્ સૃષ્ટિના પ્રારંભમાં સ્વયંભૂ પરમાત્મા દ્વારા એવી દિવ્યવાણી - વેદનો પ્રાદુર્ભાવ થયો જે નિત્ય છે, અને જેનાથી સર્વ પ્રવૃત્તિઓ સર્જાઈ.

આ રીતે જોતાં વેદનો સર્જક કોઈ મનુષ્ય નથી. પરમતત્ત્વે પોતે જ એ સર્જ્યા છે. આથી વેદનું જ્ઞાન, સ્થળ કાળ અને કારણથી પર છે. એનો ઉપદેશ કોઈ ધર્મ કે સંપ્રદાયનો નથી. પણ પરમતત્ત્વની પ્રાપ્તિનો છે. સમગ્ર સૃષ્ટિના કલ્યાણનો છે. એ મનથી રચવામાં આવેલું, શબ્દો અને છંદોથી બનાવેલું કોઈ કાવ્ય નથી, પણ એ તો શાશ્વત દિવ્યવાણી

છે જેમાં અસીમનું જ્ઞાન રહેલું છે. આ જ્ઞાન પરાચેતનામાં હંમેશાં રહેલું છે. જેને ઋષિઓએ સમગ્ર માનવજાતિના કલ્યાણ માટે વેદો રૂપે પ્રગટ કર્યું છે. આ જ્ઞાન ત્રણેય કાળને આવરી લે છે. આથી જ મનુમહારાજ કહે છે :

भूतम् भव्यम् भविष्यं च सर्व वेदात् प्रसिध्यति।

એટલે કે ભૂત, વર્તમાન અને ભવિષ્ય સંબંધી સંપૂર્ણ જ્ઞાનનો આધાર વેદ છે.

આચાર્ય સાયણે પણ કહ્યું છે કે પ્રત્યક્ષ અથવા અનુમાનથી કે પ્રમાણથી જે સિદ્ધ ન થાય, તેનું પણ સમાધાન વેદોમાંથી મળી જાય છે. વેદોમાં સર્વજ્ઞાન સમાયેલું છે. પરંતુ એ જ્ઞાનને ઋષિઓએ ગોપનીય રાખ્યું છે. પ્રત્યક્ષ કર્યું નથી. અપાત્રે જ્ઞાન માનવજાતિ માટે ખતરારૂપ ન બની જાય એ માટે શાણા ઋષિઓએ બાહ્ય શબ્દોને દૃષ્ટાંતોની પાછળ જીવનનાં મહાન રહસ્યો છુપાવીને રાખ્યાં છે. એ તો તપશ્ચર્યાને અંતે જ્યારે સંપૂર્ણ ચિત્તશુદ્ધિ અને આંતરિક શુદ્ધિ થઈ જાય એ પછી ચેતનાની ઊર્ધ્વભૂમિકામાં વેદોના મંત્રોનું રહસ્ય સૂક્ષ્મ હૃદયમાં પ્રગટ થાય છે, ત્યારે જ વેદ સમજાય છે.

◈

# ૧૪

# અસ્વસ્થ મન

આપણે મનુષ્યો મનોમય પ્રાણીઓ છીએ. મન એ આપણી પ્રકૃતિનું સર્વોચ્ચ સાધન છે. મન જ શરીરને કાર્યમાં પ્રેરે છે. પરંતુ મન સૂક્ષ્મ હોવાથી આપણે તેને જોઈ શકતાં નથી. તે મન આપણા સ્થૂલ મસ્તિષ્ક દ્વારા કામ કરે છે. મનના હુકમ પ્રમાણે આપણું શરીર કાર્ય કરતું રહે છે. મનની શક્તિને લઈને જ મનુષ્યો બીજાં પ્રાણીઓ કરતાં જુદાં પડે છે. અલબત્ત, પશુઓમાં પણ મન છે, પણ તે બહુ વિકાસ પામેલું હોતું નથી. તેમનાં બધાં કાર્યો સહજ પ્રેરણાથી થતાં હોય છે. જ્યારે મનુષ્ય પોતાનાં કાર્યો અંગે વિચાર કરી શકે છે, અગાઉથી આયોજન પણ કરી શકે છે. મનથી પોતાની જાત ઉપર નિયંત્રણ પણ મૂકી શકે છે. મોટેભાગે મન ઉપર જ મનુષ્યના જીવનનો ઘણો આધાર રહેલો છે. જેવું મન હશે, તેવું જીવન થશે. ભગવાન બુદ્ધ કહે છે કે, ‘આજે મનુષ્ય જેવો છે, તે તેણે ભૂતકાળમાં કરેલાં વિચારોનું પરિણામ છે.’ એટલે કે ભૂતકાળમાં તેનું જેવું મન હશે, તેવો તે વર્તમાનમાં બન્યો છે, અને વર્તમાનમાં તેનું મન જેવું હશે, તેવો તે ભવિષ્યમાં બનશે. જો મન શુદ્ધ, પવિત્ર અને ભગવદ્ પરાયણ હશે તો જીવનમાં શાંતિ, આનંદ, પ્રેમ અને સંવાદિતા હશે. પણ મન જો અસ્વસ્થ, ચારે બાજુ ભટકતું હશે તો જીવન પણ અસ્થિર અને અશાંત હશે.

મનની સ્થિરતા જીવનના પાયાને સુદૃઢ બનાવે છે. જેટલું મન સ્થિર તેટલું જ જીવન પણ સ્થિર અને સલામત, જીવનમાં આઘાત-પ્રત્યાઘાતો, આધિ-વ્યાધિ-ઉપાધિ, ભય, ભવિષ્યની ચિંતા આ બધાં મનને અસ્વસ્થ કરનારાં બાહ્ય પરિબળો છે. તો ઈર્ષા, દ્વેષ, રાગ, લોભ, ક્રોધ, ખોટી મહત્ત્વાકાંક્ષાઓ આ બધાં મનને અસ્વસ્થ કરનારાં આંતરિક

પરિબળો છે. એ ઉપરાંત મનની પોતાની ચંચળ પ્રકૃતિ પણ અસ્વસ્થતાના કારણરૂપ છે.

મનની અસ્વસ્થતામાં ક્યારેય પણ સાચા નિર્ણયો લઈ શકાતા નથી. ખોટા નિર્ણયો લેવાથી સમગ્ર જીવન બરબાદ થઈ જાય છે. જીવનમાં સ્થિરતા ન હોવાથી શાંતિ મળતી નથી. અશાંતિ હોય તો સુખ ક્યાંથી મળે ? મનની અસ્વસ્થતામાં કોઈ સાચી પ્રગતિ થઈ શકતી નથી. તેથી આવી વ્યક્તિમાં લઘુતાગ્રંથિ આવી જાય છે. તેના પરિણામે તે હતાશ નિરાશ બની જાય છે અને ક્યારેક તો આત્મહત્યાના માર્ગે પણ વળે છે.

મન અને શરીરને ગાઢ સંબંધ છે. જો મન અસ્વસ્થ હશે, તો શરીર પણ અસ્વસ્થ બનશે. અસ્વસ્થ શરીર રોગોનું ઘર બનશે. આમ દુર્બળ મન અને દુર્બળ શરીર પ્રાણશક્તિને પણ નબળી બનાવી દે છે. સ્વામી વિવેકાનંદ કહે છે કે ''અનિયંત્રિત અને અસ્વસ્થ મન આપણને નીચે ને નીચે ખેંચશે. આપણને ચીરી નાંખશે, મારી નાંખશે, જ્યારે નિયંત્રિત અને સ્વસ્થ મન આપણો ઉદ્ધાર કરશે. આપણને મુક્ત કરશે.''

સંસ્કૃત સુભાષિતમાં પણ કહ્યું છે, ''મન એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયો:'' મન જ મનુષ્યોના બંધન અને મોક્ષનું કારણ છે. આથી જ યોગી પુરુષો મનને વશ કરવાનું કહે છે. જેમણે મનને જીત્યું છે, એમણે જગતને જીત્યું છે, એમ કહેવાય છે. પરંતુ મનને જીતવું સહેલું નથી. મનને મર્કટ કહેવામાં આવે છે. એટલે કે તે વાંદરા જેવું ચંચળ છે. જેમ વાંદરો એક ક્ષણ પણ સ્થિર રહી શકતો નથી. તેમ મન પણ એક ક્ષણ પણ શાંત રહી શકતું નથી. એની કૂદાકૂદ સતત ચાલુ જ હોય છે. અર્જુન પણ શ્રીકૃષ્ણને ભગવદ્‌ગીતામાં કહે છે :

ચંચલં હી મનઃ કૃષ્ણ પ્રમાથિબલવય્‌દઢમ્।
તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્॥

હે કૃષ્ણ, મન અતિશય ચંચળ, ઈન્દ્રિયોને વિહ્વળ કરનારું બળવાન અને હઠીલું છે. એને રોકવું એ વાયુને રોકવા જેવું કઠિન કાર્ય છે. આના ઉત્તરમાં ભગવાન અર્જુનને કહે છે. તારી વાત સાચી છે. મન ચંચળ છે. તેને વશ કરવું મુશ્કેલ છે. તેમ છતાં પણ -

અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે।

અભ્યાસ અને વૈરાગ્યથી મન જરૂર વશ થાય છે. મનને સ્વસ્થ અને સ્થિર કરવા માટે નિયમિત ધ્યાન અને એકાગ્રતાનો અભ્યાસ કરવો જોઈએ. પતંજલિ મુનિએ યોગસૂત્રમાં અભ્યાસ માટે ત્રણ બાબતો જરૂરી ગણાવી છે —

દીર્ઘકાલનૈરતર્યસત્કારો સેવિતો દઢભૂમિ

પ્રથમ છે, લાંબા સમય સુધી અભ્યાસ કરવો જોઈએ.

બીજું છે, નિરંતર અભ્યાસ કરવો જોઈએ.

ત્રીજું છે, આદરપૂર્વક, તેમાં ભાવ રાખીને અભ્યાસ કરવો જોઈએ. તો લાંબે ગાળે મન જરૂર સ્થિર થઈ જાય છે. સ્થિર મનમાં પરમાત્માનો પ્રકાશ ઊતરે છે. મનની શક્તિઓ ખીલે છે.

મનની શક્તિઓ છે - વિચારશક્તિ, નિર્ણયશક્તિ, શીઘ્રબુદ્ધિ, અવલોકનશક્તિ, સમજશક્તિ, સ્મૃતિશક્તિ, એકાગ્રતાની શક્તિ. આ શક્તિઓનો વિકાસ થતાં જે કાર્યોને કલાકો લાગતા હોય તેને મિનિટોમાં કરી શકાય છે. એકાગ્રતા વધતાં, મનની સ્થિરતાને શાંતિમાં મુશ્કેલ જણાતાં કાર્યો પણ સહેલાઈથી થઈ શકે છે. આત્મવિશ્વાસ વધે છે. જીવન ઉત્સાહ અને આનંદથી સભર બનતાં તેની સાર્થકતાનો અનુભવ થવા લાગે છે.

◊

# ૧૫
# સંઘર્ષ

સંઘર્ષ એટલે આગળ વધવા માટે, નિશ્ચિત લક્ષ્યાંકે પહોંચવા માટે કરવો પડતો કઠોર પ્રયાસ. ધરતીના પેટાળમાં રહેલું બીજ બહાર આવવા અને વિકસવા માટે કેટકેટલો સંઘર્ષ કરે છે ? ધરતીના પડને ફાડીને તે અંતે બહાર નીકળે છે. અંકુરિત બને છે. ટાઢ, તડકો, વરસાદ, પવન, તોફાન બધું સહી સહીને તે મોટું થાય છે અને પછી વૃક્ષ બને છે. કાળમીંઢ પાષાણોની ભીતરમાં રહેલું જળ બહાર આવવા માટે કેટકેટલી મથામણ કરે છે. પછી બહાર આવીને તે થનગનતું ઝરણું બને છે. માનવજીવનનું પણ આવું જ છે. બાળશિશુ બેસતાં, ઘસરતાં અને ચાલતાં શીખવા માટે અવિરત પ્રયત્ન કરતું રહે છે. અનેક વાર પડે છે, ત્યારે ઊભું રહેતાં શીખે છે. એ જ રીતે ચાલતાં શીખે છે. શું વનસ્પતિ, પશુપંખી કે મનુષ્ય દરેકનો વિકસવા માટેનો નિયમ તો સરખો જ છે. તે છે ભારે વિરોધોની વચ્ચે કઠોર પ્રયાસ કરીને પોતાનો માર્ગ જાતે જ કંડારીને આગળ વધો.

આમ જોઈએ તો જીવનનું બીજું નામ સંઘર્ષ છે. એક વખત ખેતડીના મહારાજા અજિતસિંહે સ્વામી વિવેકાનંદને કહ્યું, ''જીવન એટલે દાબી નાંખે તેવા, કચડી નાંખે તેવા સંજોગો વચ્ચે થતો વ્યક્તિત્વનો વિકાસ.'' જીવનની આ પરિભાષા વિકાસ કરવા ઇચ્છતા દરેક મનુષ્યને લાગુ પડે છે. કેમકે સંઘર્ષ વગર વિકાસ નથી. આજે જગત જેમને પૂજે છે, એવા મહાત્માઓના જીવનમાં અવગાહન કરતાં જણાય છે કે તેઓને મહાત્મા બનતાં પહેલાં જીવનના કઠોર સંઘર્ષોમાંથી પસાર થવું પડ્યું હતું. જેઓ પોતાના સમય કરતાં આગળનું જોઈ શકે છે, એવા યુગદ્રષ્ટાઓને તત્કાલીન સમાજ સમજી શકતો નથી. તેના પરિણામે તેઓને તેમના જીવનકાળ દરમિયાન ભારે સંઘર્ષ કરવો પડ્યો હોય છે.

સોક્રેટિસ, જીસસ ક્રાઈસ્ટ, જહોન ઑફ આર્ક, ગેલેલિયો અને આધુનિક યુગમાં જોઈએ તો અબ્રાહમ લિંકન, મહાત્મા ગાંધીજી, માર્ટીન લ્યુથર કિંગ - આ બધાંના જીવનકાળ દરમિયાન કોઈ ને કોઈ પ્રકારનો સંઘર્ષ રહ્યો હતો. તત્કાલીન સમાજ એમની વિચારધારાને અપનાવી ન શકતાં, પછી તેઓની હત્યા કરી દેવામાં આવી. જગતને સત્યના પંથે દોરનારાઓ, નવું દર્શન આપનારાઓ, યુગદ્રષ્ટાઓના વિચારો અને કાર્યોની કદર સૈકાઓ પછી અવશ્ય થાય છે, પણ એમનો જીવનકાળ તો કંટકોથી જ ભરેલો હોય છે.

પરંતુ જેઓને જીવનમાં કંઈ જ પરિવર્તન કરવું નથી, જેવું છે, તેવું જ જીવી જવું છે. તેમના જીવનમાં કંઈ ખાસ સંઘર્ષ આવતો નથી. મોટાભાગના લોકોના જીવન વિષેના આદર્શની વાત કરતાં શ્રીમાતાજી કહે છે કે, ''આરામ ભરેલી પરિસ્થિતિમાં જન્મવું. જેથી જીવનમાં મુશ્કેલીઓ ન આવે, બહુ તકલીફ ન આવે તેવી સ્ત્રીને પરણવું, હેરાન ન કરે અને સારી રીતે મોટાં થઈ જાય, એવાં તંદુરસ્ત બાળકોને જન્મ આપવો, પછી શાંતિમય અને સુખમય વૃદ્ધાવસ્થા મેળવવી, જેથી માંદા ન પડાય અને તકલીફ ન થાય અને છેલ્લે જીવનથી કંટાળો આવે ત્યારે તકલીફ વગર મરી જવું. સાચ્ચે જ આ બહુ જ પ્રચલિત આદર્શ છે. અને આ છે સામાન્ય માનવીની મનોદશા. માણસ એમાં ગોળ-ગોળ ફર્યા કરે છે. કોઈકવાર આ વર્તુળ લોખંડનું હોય છે, તો કોઈક વાર સોનાનું પણ હોય છે તો વર્તુળ જ. તેમનાં છોકરાં પણ ગોળ-ગોળ ફરતાં જ હોય છે. અને છોકરાંનાં છોકરાં પણ ગોળ-ગોળ ફરતાં જ રહે છે.'' જેઓ આવી રીતે પોતાના નિશ્ચિત વર્તુળમાં જીવન જીવી જાય છે. એમને જીવનમાં ખાસ સંઘર્ષ આવતો નથી. પરંતુ આવા મનુષ્યોના જીવનમાં કંઈ વિકાસ પણ થતો નથી.

મનુષ્યની અંદર અપાર શક્તિઓ રહેલી છે. આ શક્તિઓ

મુશ્કેલીઓ, વિટંબણાઓ અને સંઘર્ષ તેમ જ કટોકટીની વેળાએ અંતરમાંથી જાગી ઊઠે છે. બાંગ્લાદેશના યુદ્ધ વખતે કોઈએ ઈંદિરા ગાંધીને પૂછ્યું હતું કે આવી કટોકટી વેળાએ તમે શું અનુભવી રહ્યાં છો ? ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે મુશ્કેલી કટોકટી વેળાએ તો મારી 'સીક્સ સેન્સ' છઠ્ઠી ઇન્દ્રિય એટલે કે વધારાની શક્તિ જાગી ઊઠે છે. હું મારી જાતને ત્યારે વધારે સમર્થ અનુભવું છું. મોટાભાગના લોકોનો આ અનુભવ છે કે મુશ્કેલીઓ અને સંઘર્ષમાં તેઓ વધુ શક્તિશાળી બને છે.

જીવનમાં જેમને બધું જ સહેલાઈથી પ્રાપ્ત થઈ જતું હોય તેઓની આંતરચેતનાનો વિકાસ થતો નથી. પણ જેમને જીવનમાં આગળ વધવા પ્રત્યેક પગલે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમની સંકલ્પ શક્તિ દૃઢ બને છે. ''મુશ્કેલીઓ હોવા છતાં પણ હું કોઈ પણ ભોગે કાર્ય પાર પાડીશ જ'' આવો દૃઢ નિશ્ચય જ્યારે મનુષ્યના મનમાં જાગે છે ત્યારે મુશ્કેલીઓ કે સંઘર્ષો એના માર્ગને રૂંધી શકતાં નથી. ઊલટું તેના આત્મવિશ્વાસને પ્રબળ બનાવે છે. આ રીતે જોતાં સંઘર્ષ એ મહાન શસ્ત્ર છે. જે મનુષ્યની આંતરશક્તિને જગાડે છે. આત્મશ્રદ્ધાને દૃઢ કરે છે અને અશક્યને શક્યતામાં પલટાવી દે છે.

◊

# ૧૬

# લોભ

લોભ એટલે જરૂરિયાત હોય અને જરૂરિયાત પૂરી કરવા માટેનાં સાધનો અને સંપત્તિ પણ પૂરતાં હોય છતાં તેનો ઉપયોગ ન કરતાં સંગ્રહ વધાર્યે જવાની વૃત્તિ. જેમ પૈસા વધતા જાય તેમ અધિક આનંદ મળે તેવી માનસિક સ્થિતિ. પાસે પૂરતા પૈસા હોવા છતાં સારો ખોરાક ન લેવો, પૈસા વપરાઈ જાય એ બીકે મેલાં ને થીંગડાવાળાં કપડાં પહેરવાં એ લોભ છે. જરૂર હોય અને વસ્તુઓ ખરીદી શકવાની શક્તિ પણ હોય, છતાં વસ્તુઓ વગર ચલાવી લેવું એ લોભ છે.

લોભ અને કરકસર વચ્ચે તફાવત છે. કરકસર એટલે વસ્તુ અને સંપત્તિનો સંયમપૂર્વક ઉપયોગ. જીવનમાં કરકસર ઘણી જ ઉપયોગી છે. કરકસરથી વસ્તુઓનો બગાડ અને સંપત્તિનો દુર્વ્યય થતો અટકે છે. મહાત્મા ગાંધીજી કરકસરને બહુ જ મહત્ત્વ આપતા હતા. તેઓ જૂના કાગળોમાંથી ટાંચણી કાઢીને ફરી ઉપયોગમાં લેતા. પરબીડિયાને ઊલટાવીને ફરીથી વાપરતા. જૂનાં, ફાટેલાં વસ્ત્રોમાંથી ગોદડી બનાવડાવતા. આ બધી કરકસર છે. સાવ અંધારામાં બેસવું, લાઈટ જલાવવી જ નહીં, એ લોભ છે. પણ જે રૂમમાં હોઈએ. તે જ રૂમમાં લાઈટ પંખા ચાલુ રહે - બાકીના રૂમોમાં સ્વીચ બંધ રાખીએ - એ કરકસર છે. એ ઊર્જાની બચત છે. કરકસર એ સદ્‌ગુણ છે. લોભ એ દુર્ગુણ છે. આથી જ કહેવાયું છે કે અતિ લોભ એ પાપનું મૂળ છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે -

ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ।
કામઃ ક્રોધ તથા લોભઃ તસ્માદેતત્ ત્રયં ત્યજેત્॥ (અ.૧૬-૨૧)

કામ, ક્રોધ તથા લોભ એ ત્રણેયને ભગવાને નાશ કરનાર નરકનાં દ્વાર કહ્યાં છે. જ્યારે મનુષ્યનો કબજો કામ, ક્રોધ કે લોભ લઈ લે છે. ત્યારે તે ભાન ભૂલી જાય છે. તેની વિવેકબુદ્ધિ નષ્ટ થઈ જાય છે. તે પોતાનું પણ હિત જોઈ શકતો નથી. પોતાના હાથે જ પોતાનો વિનાશ નોતરે છે.

લોભ મનુષ્યનું કેવું પતન કરે છે, એ અંગે ટોલ્સ્ટોયે એક દૃષ્ટાંતકથા આપી છે. એક માણસને એમ કહેવામાં આવ્યું કે ''સૂર્ય ઊગે ત્યારથી સૂર્ય આથમે ત્યાં સુધીમાં તું જેટલી જમીન ઉપર દોડીશ, તેટલી જમીન તારી માલિકીની.'' આથી એ માણસ રાજી રાજી થઈ ગયો અને સૂર્ય ઊગ્યો કે તુરત જ તે દોડવા લાગ્યો. ખૂબ ઝડપથી, દોડવા લાગ્યો. હાંફવા લાગ્યો, થાકી ગયો, તોય દોડતો રહ્યો. ''હજુ તો સૂર્ય દેખાય છે થોડું વધારે દોડી લઉં તો એટલી જમીન મારી થઈ જાય.'' એ લોભે બસ દોડતો જ રહ્યો. મોઢે ફીણ આવવા લાગ્યાં. તોયે દોડવાનું બંધ ન કર્યું. જ્યારે સૂર્ય ડૂબ્યો ત્યારે તે જમીન ઉપર પડી ગયો ને પડતાની સાથે તેના પ્રાણ ઊડી ગયા ! જે જમીન ઉપર તે સૂતો તે માત્ર સાડા છ ફૂટ જમીન જ તેની હતી ! વધુ જમીન મેળવવાના લોભમાં તેણે પોતાનું અમૂલ્ય જીવન ગુમાવી દીધું !

મોટે ભાગે મનુષ્યોનો સ્વભાવ જ એવો હોય છે કે વધારે ને વધારે મેળવી લઉં. એ મેળવવા માટે તેઓ જીવનભર સતત દોડધામ કરતા રહે છે. પણ પછી એ ભોગવવાનો સમય જ એમને રહેતો નથી. ભગવાને આપેલું સુંદર જીવન એમ જ વેડફાઈ જાય છે. આથી મનુષ્યે હંમેશાં પોતાનું આંતર-નિરીક્ષણ કરીને, પોતાને આખરે જોઈએ છે શું? અને શા માટે એ મેળવવું છે ? એનો સતત વિચાર કરીને પોતાનું જીવન ઘડવું જોઈએ. પોતાની શક્તિની મર્યાદામાં ભગવદ્ કૃપાથી જે કંઈ પ્રાપ્ત થયું હોય તેમાં સંતોષ માનવો જોઈએ. વ્યર્થ દોડધામ ઓછી કરીને, પ્રાપ્ત સંપત્તિનો ઉત્તમ ઉપયોગ કરીને પોતાના અને પોતાના પરિવારજનોના

જીવનને સુખી અને સંતુષ્ટ બનાવવું જોઈએ. આપણા ઋષિઓએ આપેલો આદર્શ તો એ છે કે 'તેન ત્યક્તેન ભુંજીથાઃ' પોતાના એકલા માટે નહીં, પણ ત્યાગીને ભોગવો. જેઓ બીજાને આપે છે, તેઓ જ વધુ ને વધુ પામે છે. સમૃદ્ધિનો પ્રવાહ ત્યારે જ ચાલુ રહે જ્યારે તમે બીજાઓને ઉદારતાપૂર્વક આપો. પણ જો તમે એકત્ર કરવા લાગો તો સમૃદ્ધિનો પ્રવાહ રૂંધાઈ જાય છે. એટલે જ આપનારાઓ હંમેશાં સમૃદ્ધ રહે છે. કૃપણ લોકો પરમાત્માના ઐશ્વર્યથી વંચિત રહી જાય છે. કદાચ ભૌતિક સંપત્તિ એકત્ર કરી હોય. પણ તેમને સાચો આનંદ અને 'સહુનો પ્રેમ પ્રાપ્ત થઈ શકતાં નથી.'

◊

## નિર્ભયતા સેવો

કશાયથી ડર્યા વિના કામ કરશો તો અદ્ભુત કાર્ય કરી શકશો. જે ઘડીએ તમે ડર્યા તે ઘડીએ તમે કશું જ નથી. આ દુનિયામાં દુઃખનું મોટું કારણ ભય છે. મોટામાં મોટો વહેમ હોય તો તે ભય છે. આપણી આપત્તિઓનું કોઈ કારણ હોય તો તે ભય છે. અને પળવારમાં અહીં સ્વર્ગ ખડું કરનાર કોઈ તત્ત્વ હોય તો નિર્ભયતા છે. માટે જ નિર્ભયતા સેવો.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૧૭

# રાગ

રાગ એટલે મોહયુક્ત પ્રેમ, જે આસક્તિથી ઓતપ્રોત છે. જેમાં પ્રિય પાત્ર પ્રત્યેનું તીવ્રતમ ખેંચાણ હોય છે. એ શુદ્ધ પ્રેમ નથી. શુદ્ધ પ્રેમમાં ત્યાગ છે, સમર્પણ છે, પ્રિયપાત્રના આનંદ માટે સર્વ કંઈ કરી છૂટવાની તમન્ના છે. જ્યારે રાગમાં ભોગની ભાવના છે. માલિકી અને સત્તાની વૃત્તિ છે. તેમાં આવેગ છે. પ્રેમનો ક્ષણિક ઊભરો છે અને એ શમી જતાં પછી ભયંકર વિષાદ પણ રહેલો છે. આથી જ કહી શકાય કે આવેગ, મોહ, ઈર્ષા, ક્રોધ અને વિષાદ એ રાગના સાગરિતો છે. રાગની પાછળ પાછળ તેઓ માનવીની અંદર ઘૂસી જાય છે અને તેના સુખ-શાંતિને હરી લે છે.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે :

ધ્યાયતો વિષયાન્ પુંસઃ સંગસ્તેષૂપજાયતે।
સંગાત્ સંજાયતે કામઃ કામાત્ ક્રોધોઽભિજાયતે॥
સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશોઃ બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ॥

(અ.૨. ૬૨-૬૩)

એટલે કે વિષયોનું સતત ચિંતન કરવાથી પુરુષને પછી વિષયોમાં આસક્તિ જાગે છે. આસક્તિ વધતાં પછી તે વિષયોની કામના જાગે છે. કામનામાં અંતરાય આવતાં ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધ વધતાં મૂઢતા આવે છે. મૂઢતાથી સ્મૃતિમાં ભ્રમ ઊભો થવાથી બુદ્ધિનો નાશ થાય છે. અને બુદ્ધિનાશથી મનુષ્યનું પતન થાય છે. આમ મૂળમાં આસક્તિ એટલે કે રાગ રહેલો છે, જે મનુષ્યના જીવનને બરબાદ કરી નાંખે છે.

પરંતુ જો આ રાગને રામ પ્રત્યે વાળી દેવામાં આવે તો રાગ

વિરાગમાં પલટાઈ જાય છે અને તે મનુષ્યને ભગવાનની સમીપ લઈ જાય છે. ગોસ્વામી તુલસીદાસ જ્યારે યુવાન હતા, ત્યારે તેમનાં પત્ની રત્નાવલીમાં ખૂબ જ આસક્ત હતા. તે એટલી હદ સુધી કે તેઓ એક ક્ષણ તેના વગર રહી શકે તેમ નહોતા. એક દિવસ તેઓ બહાર ગયા હતા ત્યારે રત્નાવલીનો ભાઈ તેને તેડવા આવ્યો. રત્નાવલીને ખબર હતી કે તેના પતિ તેને પિયર જવા નહીં દે. એટલે તેની ગેરહાજરીમાં એક ચિઠ્ઠી મૂકીને ભાઈ સાથે પિયર ચાલી ગઈ. તુલસીદાસ જ્યારે ઘરે આવ્યા. રત્નાવલીને ન જોતાં આકુળ-વ્યાકુળ બની ગયા પછી પળનોય વિલંબ કર્યા વગર પોતાના સાસરે જવા ચાલી નીકળ્યા. વરસતો ધોધમાર વરસાદ હતો. બે કાંઠે ભરપૂર નદી જેમ તેમ પાર કરીને મધ્યરાત્રિએ સાસરે પહોંચ્યા. ખૂબ અવાજ કર્યો, પણ બારણું ન ખૂલ્યું. પછી રત્નાએ અવાજ સાંભળ્યો. ધીમેથી બારણું ખોલ્યું. આ રીતે પોતાની પાછળ પાગલ થયેલા પતિને જોઈને તેને ભારે શરમ આવી. તેના મુખમાંથી પંક્તિઓ સરી પડી.

> લાજ ન લાગત આપુકો, દૌડે આયે હુ સાથ,
> ધિક્ ધિક્ ઐસે પ્રેમકો, કહા કહું મૈં નાથ,
> અસ્થિ ચરમ મમ દેહ તામેં જૈસી પ્રીતિ,
> તૈસી જો શ્રીરામમેં હોત ન તો ભવ ભીતિ.

રત્નાનાં આ બાણવચનો તુલસીદાસને હાડોહાડ લાગી ગયાં. રત્નાની સામે જોયા વગર એ જ ક્ષણે તેઓ પાછા ફરી ગયા. રત્ના પ્રત્યેનો રાગ રામ પ્રત્યે વળી ગયો. બસ, એ ઉત્કટ ભાવ રામ પ્રત્યે વહેવા લાગ્યો અને રાગી જીવન રામાનુરાગી બની જતાં મહાન સંત ગોસ્વામી તુલસીદાસજી બની ગયા જેમણે 'રામચરિત માનસ' જેવો મહાન ગ્રંથ આપ્યો.

કોઈ પદાર્થ, વસ્તુ કે વ્યક્તિ પ્રત્યેનો રાગ મનુષ્યને બંધનમાં નાંખે

છે. પણ પ્રભુ પ્રત્યેનો રાગ મનુષ્યને બંધનમાંથી મુક્ત કરે છે. રાગની દિશા બદલવાની છે. આ સંદર્ભમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ કહે છે, 'તમારે પશ્ચિમ છોડવું હોય તો તમે પૂર્વ તરફ ચાલવા માંડો, પશ્ચિમ આપોઆપ છૂટી જશે. એ માટે તેઓ 'મોડ ફિરિયેગા દાવ' સૂત્ર આપે છે એટલે કે દિશા બદલવી. ભગવાન સ્વયં જો રાગનું પાત્ર બની જાય તો સંસારના સર્વ રાગો એની મેળે છૂટી જશે અને જીવન પ્રભુમય બની જશે.

◊

## સાચી પૂજા

તમામ પૂજા-ઉપાસનાનો સાર છે : શુદ્ધ થવું, બીજાનું ભલું કરવું. જે મનુષ્ય દીનદુ:ખિયાં ને રોગીમાં શિવનું દર્શન કરે છે એ જ સાચો શિવ-ઉપાસક છે. કેવળ મૂર્તિમાં જ શિવનાં દર્શન કરવાં એ તો પ્રાથમિક દશાની ઉપાસના છે. માત્ર મંદિરમાં જ શિવનાં દર્શન કરનારા કરતાં દીન-દુખિયાંમાં તેમનાં દર્શન કરનારા ઉપર અને નાતજાતનો વિચાર કર્યા વિના તેમની સેવા કરનારા ઉપર ભગવાન શિવ વધુ પ્રસન્ન થાય છે.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૧૮

# દ્વેષ

દ્વેષ એટલે મનુષ્યના ચિત્તમાં બીજાઓ પ્રત્યે ઊઠતો ધિક્કારનો ભાવ. આ ભાવ માનસિક ભૂમિકા ઉપર વૈચારિક જગતમાં હોય ત્યારે એ દ્વેષ છે. પણ પછી જ્યારે ધિક્કારનો એ ભાવ કાર્યમાં પ્રવૃત્ત થાય છે, ત્યારે ઈર્ષામાં પરિણમે છે. બીજાનું સારું જોઈ ન શકવું, અને તેનું ખરાબ થાય તેવું કરવું એ ઈર્ષા છે. બાળપણના ભીમ ગદા ફેરવવામાં વધારે નિપુણ હોવાથી દુર્યોધન ભીમનો દ્વેષ કરતો હતો. તેને ભીમ પ્રત્યે તિરસ્કારનો ધિક્કારનો ભાવ હતો. પરંતુ જ્યારે તે ઈન્દ્રપ્રસ્થ નગર જોવા ગયો, પોતાના હસ્તિનાપુર કરતાં ચઢિયાતા નગરને જોઈને એના હૃદયમાં ભારે બળતરા થવા લાગી અને તત્ક્ષણ આ નગર પોતાનું કેવી રીતે બને, એની યોજના કરવા લાગ્યો એ હતી ઈર્ષા. ઈર્ષા મનુષ્યને બીજાનું ખરાબ કરવાના કાર્યમાં પ્રેરે છે. દુર્યોધને દ્યુતમાં કપટથી ઈન્દ્રપ્રસ્થ મેળવ્યું અને અંતે મહાભારત યુદ્ધ સર્જાયું. આ દુર્યોધનની ઈર્ષાનું પરિણામ હતું.

રાગ અને દ્વેષ એ તો કરમિયાં જેવા છે. એમ યોગીજી મહારાજ કહે છે. પેટમાં કૃમિ હોય તો ગમે તેટલો પૌષ્ટિક ખોરાક આપવામાં આવે તો પણ શરીર સારું થતું નથી. ઊલટું વધુ ને વધુ દુર્બળ બનતું જાય છે. એ જ રીતે મનમાં રાગ કે દ્વેષ હોય તો મન કદી સારું રહેતું નથી. મનના આ કૃમિઓ મનની શક્તિને ખાઈ જાય છે. ફળમાં રહેલો કીડો જેમ ફળને અંદરથી સતત કોરી ખાય છે, એ જ રીતે દ્વેષ પણ મનને સતત કોરી ખાય છે. તેને ખોખલું, શક્તિહીન કરી નાંખે છે. આ દ્વેષ એ એવો છૂપો શત્રુ છે કે મનને ધીમે ધીમે બરબાદ કરે છે. તો પણ પ્રશ્ન એ થાય છે કે આ શત્રુની પકડમાંથી મુક્ત કેવી રીતે થવું ?

એ માટેનો સહેલામાં સહેલો ઉપાય તો છે. એના વિરોધી ભાવને પોષવો. એટલે કે કોઈ પ્રત્યે ધિક્કાર કે તિરસ્કારની લાગણી થતી હોય તો તેની વિરોધી લાગણી પ્રેમને પોષવો. એ પ્રત્યે મનોમન પ્રેમ ભાવ દાખવવાનું શરૂ કરવું. પ્રેમનો ભાવ પહેલાં મનમાં અને પછી તે કાર્યમાં પરિણમતાં દ્વેષભાવ ચાલ્યો જશે. યોગસૂત્રમાં પતંજલિએ વિતર્કબાધને પ્રતિપક્ષભાવનમ્ (૨/૩૩) આ ઉપાય જણાવ્યો છે, એટલે કે વિરોધી વિચારોનું ચિંતન કરવું. આ રીતે કરવાથી મન દુષ્ટ વિચારોની પકડમાંથી આપોઆપ મુક્ત થઈ જશે.

બીજો રસ્તો છે, ઊંચે ઊઠવાનો. રાગ-દ્વેષ-ઈર્ષા-લોભ. આ બધા ભાવો એ નિમ્નપ્રકૃતિના ભાવો છે. જ્યાં સુધી નિમ્ન પ્રકૃતિમાં મનુષ્ય હોય ત્યાં સુધી આ ભાવો રહેવાના પણ જો એ ચેતનામાં ઉપર ઊઠે, તો નિમ્ન પ્રકૃતિની વસ્તુઓ છૂટી જાય. આથી આ ભાવો પછી ચેતનામાંથી ખરી પડશે. જેમ પર્વત ઉપર ઊંચે ચઢતાં નીચેની વસ્તુઓ નાની અને નાની થતી જાય અને પછી ટોચ ઉપર જતાં તો નીચેની કેટલીયે વસ્તુઓ તો દેખાતી જ નથી, એમ ચેતનામાં પણ ઊંચે ચઢતાં પછી આ ભાવો સૂક્ષ્મ થતાં થતાં સાવ ઓગળી જ જાય છે. પછી એ કદી અસર કરી શકતા નથી.

ત્રીજો રસ્તો છે, સદ્‌વાંચનનો. સદ્‌ગ્રંથોના વાંચનથી મનમાં વિવેક જાગૃત થાય છે. સારાસારનું ભાન થાય છે. પછી પોતાને નુકસાન કરે તેવા ભાવો કે લાગણીઓને વશ થઈને તે વર્તન કરતો નથી. એટલે આવા ભાવો તેની અંદરથી ચાલ્યા જાય છે.

ચોથો રસ્તો સત્સંગનો છે. સાચા સંત મહાત્માઓ કે સદ્‌ગુરુના સંપર્કથી મનુષ્ય નિમ્નવૃત્તિઓની પકડમાંથી બહુ જ જલ્દીથી છૂટી જાય છે. તેને પોતાની અંદર ચાલી રહેલા ભાવોની ગતિવિધિઓને સાક્ષીભાવે જોવાની દૃષ્ટિ મળે છે. અને તેને પરિણામે આવી નિમ્નવૃત્તિઓ પછી

તેના ઉપર પકડ જમાવી શકતી નથી. ધીમે ધીમે તે સાપની કાંચળીની પેઠે તેના અસ્તિત્વમાંથી ખરી પડે છે. રાગ દ્વેષથી મુક્ત એવો મનુષ્ય સાચાં સુખ શાંતિ પ્રાપ્ત કરે છે..

◊

## કર્તવ્ય નિષ્ઠા : શ્રેષ્ઠ પૂજા

કોઈપણ જાતની ફરજ પ્રત્યે અનાદરની દૃષ્ટિથી જોવું નહિ ફરજ કઈ જાતની છે એ દૃષ્ટિએ નહિ, પરંતુ માણસ કઈ રીતે ફરજ બજાવે છે એનો વિચાર કરી કિંમત આંકવી. થોડા વખતમાં સુંદર અને ટકાઉ પગરખાંની જોડ તૈયાર કરી શકનારો મોચી આખો દિવસ અર્થ વિનાની વાતો કરનારા અધ્યાપક કરતાં ઊંચો છે. દરેક કર્તવ્ય પવિત્ર છે કર્તવ્ય પ્રત્યેની નિષ્ઠા શ્રેષ્ઠ ઈશ્વરપૂજા છે.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૧૯

# ઈર્ષા

અન્યનો ઉત્કર્ષ જોઈને દુઃખી થવાની અને એ ઉત્કર્ષમાં અવરોધ ઊભો કરવાની જે વૃત્તિ મનુષ્યની અંદર રહેલી છે તે છે ઈર્ષા. ઈર્ષા એ અગ્નિની જ્વાળા છે. જેમાં એ પ્રવેશે છે તેને એ બાળે છે અને તેના સુખ-શાંતિને હરી લે છે. મોટેભાગે તો એક યા બીજા પ્રકારની ઈર્ષા માણસોની અંદર રહેલી હોય છે. પડોશીના સુખની ઈર્ષા, પોતાની સાથે કામ કરનારની કુશળતાની ઈર્ષા, એક ઉદ્યોગપતિની બીજા ઉદ્યોગપતિની સફળતાની ઈર્ષા, રાજકારણમાં એક નેતાને બીજા નેતાની લોકપ્રિયતાની થતી ઈર્ષા. અરે ભાઈઓ-ભાઈઓ વચ્ચે અને બહેનો બહેનોમાં પણ ઈર્ષા જોવા મળે છે. જ્યારે આ ઈર્ષા માણસના મનનો સંપૂર્ણ કબજો લઈ લે છે, ત્યારે તે ભાન ભૂલીને ઈર્ષાના પાત્રનું કાસળ કાઢવા પણ તૈયાર થઈ જાય છે. પછી ભલે પોતાનું ગમે તે થાય.

ઈર્ષાવશ મનુષ્ય કેવું આચરણ કરી બેસે છે, તેનો એક કિસ્સો ફ્રેન્ચ પત્રકાર પોલ બ્રન્ટને પોતાના ભારતભ્રમણ દરમિયાન નજરે જોયો હતો અને નોંધ્યો હતો. એક સિદ્ધયોગી દિવસો સુધી સમાધિમાં રહેતા. પણ પછી જ્યારે જાગૃત થતા ત્યારે તેમને એક ડોલ ભરીને ગાયનું દૂધ પીવા જોઈતું. શિષ્યો એ તૈયાર જ રાખતા. આ મહાત્માને લોકો ખૂબ માન આપતા. તેમનાં દર્શન માટે દૂર દૂરથી આવતા. જ્યારે તેઓ સમાધિમાં ન હોય ત્યારે તો તેમના દર્શન માટે લોકોની સતત અવરજવર આશ્રમમાં થતી રહેતી. તેમના પટ્ટશિષ્યને ગુરુની ભારે ઈર્ષા થવા લાગી કે લોકો એમને જ બધું આપે છે. હું આટ આટલી સેવા કરું છું, આશ્રમ ચલાવું છું, પણ મને તો કોઈ બોલાવતું જ નથી. આ ઈર્ષા સતત વધતી જ ગઈ અને તેણે તેનો ભાગ ભજવી લીધો. ગુરુ જ્યારે સમાધિમાંથી

જાગ્યા ત્યારે તેણે ગુરુને દૂધને બદલે ચૂનાનું સફેદ પાણી પીવા આપ્યું. તેણે માની લીધું કે સમાધિમાંથી જાગેલા ગુરુને શું ખબર પડવાની હતી ? બીજા કોઈને તો આ વાતની બિલકુલ ખબર નથી. એટલે કામ પતી જશે. પછી પોતે ગુરુ બની જશે. ગુરુ તો હવે જાગૃત હતા. તેઓ જાણે દૂધ પીતા હોય તેમ જ એ ચૂનાનું પાણી પી ગયા. પાછા સમાધિમાં ચાલ્યા ગયા. પણ પછી થોડીવાર બાદ શિષ્યને બળતરા થવા માંડી. ધીમે ધીમે એ બળતરા એટલી બધી વધી ગઈ કે તે ધૂળમાં આળોટવા માંડ્યો. આમ કેમ થયું એ તેને પછી સમજાયું. ગુરુ તો શાંત ધ્યાનમગ્ન જ હતા. હવે શું કરવું ? પણ પછી તે ગુરુના ચરણમાં આળોટીને આક્રંદ કરવા લાગ્યો. ''ગુરુદેવ મને બચાવી લો. મને ક્ષમા કરો. મારો અક્ષમ્ય અપરાધ છે. પણ આપ કૃપામય છો. આપ જ મને બચાવી શકો તેમ છો. પછી ધ્યાનસ્થ ગુરુએ આંખો ખોલી કરુણાભરી દૃષ્ટિથી શિષ્યની સામે જોયું ને બોલ્યા, ''બેટા, આપણે એક જ છીએ તેની તને ખબર નથી ? તેં મને જે આપ્યું, તે તને મળ્યું છે.'' પછી શિષ્યનો તીવ્ર વલોપાત જોઈને ગુરુએ વમન કરી નાંખ્યું અને શિષ્યની બળતરા શાંત થઈ ગઈ. આ ગુરુ સમર્થ હતા, વૈશ્વિક ચેતનામાં જીવતા હતા, એટલે પ્રત્યક્ષ રૂપે આ કરી શક્યા. આપણે જીવીએ છીએ તો એ જ ચેતનામાં પણ આપણે જાગૃત નથી. ભલે અજાગૃત હોઈએ તો પણ આપણે એકબીજાથી અલગ તો નથી જ. આથી આપણે જેવું બીજાને આપીએ છીએ, એ જ આપણને પાછું મળે છે. આ કારણે જ ઈર્ષાળુ માણસ ક્યારેય સુખી હોતો નથી. તે સદાય અંતરની આગની ભઠ્ઠીમાં સળગતો જ રહે છે.

સ્વામી વિવેકાનંદે જીવનને મહાન બનાવવા માટે ત્રણ બાબતોનું પાલન કરવા કહ્યું છે. તેમાં પ્રથમ છે, શુભમાં શ્રદ્ધા રાખવી. એટલે કે હંમેશાં સારું જ થવાનું છે. એવી જ ભાવના રાખવી. બીજું છે, ઈર્ષા અને દ્વેષનો સદંતર ત્યાગ. મનમાં ઈર્ષાની આગ ભરી હોય એ માણસ ક્યારેય

આગળ વધી શકતો નથી. ત્રીજી બાબત છે, જે કોઈ સારું થવાનો પ્રયત્ન કરતા હોય તેમને સહાય કરવી.' આમ બીજાને કોઈ સહાય ત્યારે જ કરી શકે, જ્યારે તેનું હૃદય વિશાળ હોય. સંવેદનશીલ હોય. આવો મનુષ્ય બીજાને સહાય કરે ત્યારે એ સહાય એને પોતાને જ કોઈ ને કોઈ રૂપે પાછી મળે છે. અને તેનો વિકાસ ઝડપી બને છે. આમ બીજાની લીટીને નાની કરીને પોતાની લીટી મોટી બનાવવાનો પ્રયત્ન કરે છે, તેઓ ક્યારેય પોતાની લીટી મોટી બનાવી શકતા નથી. પણ જે બીજાની લીટીને મોટી કરવામાં સહાય કરે છે તેમની લીટી આપોઆપ મોટી થાય છે. કેમકે વાસ્તવમાં ચેતનાની દૃષ્ટિએ કોઈ ભેદ જ નથી. જીવનમાં સુખ શાંતિ અને આનંદ મેળવવા માટે ઈર્ષા, દ્વેષ જેવા જંતુઓનો સમૂળગો નિકાલ કરી દેવો જ જોઈએ.

◊

## હે પ્રભુ ! મને તરછોડશો નહિ

અનિષ્ટની ભયંકરતા વચ્ચે પણ કહો : મારા ઈશ્વર, મારા પ્રેમાસ્પદ ! મૃત્યુની વિકટ ઘડીએ પણ કહો : મારા ભગવાન મારા પ્રેમનું આશ્રયસ્થાન ! સંસારની સર્વ વિટંબણાઓ વખતે પણ કહો : મારા પ્રભુ, મારા પ્રેમમૂર્તિ ! તું અહીં જ છે. હું તને જોઉં છું, તું મારી સાથે જ છે. હું તને અનુભવું છું. હું તારો છું, મારો સ્વીકાર કર. હું સંસારનો નથી પણ તારો છું હું તને છોડીશ નહિ, તું મને તરછોડતો નહિ.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૨૦

# સુરક્ષા

નિશ્ચિંતતા, સલામતી અને હૂંફ સાથેનું રક્ષણ એટલે સુરક્ષા. પરમાત્માએ તો મનુષ્યને માતાના ગર્ભમાંથી જ સુરક્ષા આપેલી છે. નવ નવ માસ સુધી અજન્મા બાળકનું પાલન, પોષણ, સંવર્ધન અને રક્ષણ કરનાર એ મહાશક્તિનું રક્ષાકવચ કેટલું બધું અભેદ્ય હોય છે ! એ સુરક્ષા કવચ પછી પણ પરમાત્માએ મનુષ્યને આપેલું જ છે.

પરંતુ મનુષ્યોએ પોતાના સ્વાર્થ, દ્વેષ, રાગ, લોભ, લાલસા, મહત્ત્વાકાંક્ષાઓ વગેરે દ્વારા આ સુરક્ષા કવચમાં ગાબડાં પાડી દીધાં છે અને તેના પરિણામે મનુષ્યે પોતાની આંતરિક સુરક્ષા ગુમાવી દીધી છે. તેથી તે ભય, અસલામતી, અવિશ્વાસ, શંકા અને અનિશ્ચિતતાથી ફફડે છે. આવા જીવનમાં ક્યારેય સુખ શાંતિ મળતાં નથી. સલામતી માટે ચોકિયાતો, કમાંડો, પોલિસો રાખીને નેતાઓ, શ્રીમંતો પોતાના માટે કડક સુરક્ષાની જોગવાઈ કરે છે. પણ આવી કડક સુરક્ષા વ્યવસ્થાની વચ્ચે પણ તેઓ કેટલાં બધાં અસલામત અને અસુરક્ષિત હોય છે ? ઇંદિરા ગાંધી, રાજીવ ગાંધી, બેનઝીર ભુટ્ટો વગેરેનાં દૃષ્ટાંતો આપણી સમક્ષ મોજૂદ જ છે. બહારથી દેખાતી કડકમાં કડક સુરક્ષા પણ વાસ્તવમાં તો ખોખલી જ પુરવાર થાય છે.

સાચી સુરક્ષા તો આંતરિક છે. એ સુરક્ષા માટે પ્રથમ જરૂરી છે પરમાત્મા પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ. આ માટેની એક દૃષ્ટાંત કથા છે. એક હોડીમાં મુસાફરો જઈ રહ્યાં હતાં. સમુદ્રમાં અચાનક તોફાન સર્જાતાં હોડી હાલક ડોલક થવા લાગી. એ સમયે પોતાના પતિને નિશ્ચિંત બનીને બેઠેલો જોઈને તેની નવોઢા પત્નીએ પૂછ્યું : ‘‘બહાર

આટલું તોફાન છે. બધા મુસાફરો હાંફળા ફાંફળા થઈ ગયા છે. તમને કંઈ થતું નથી ? તમને ડર નથી લાગતો ?'' ત્યારે એ રાજપૂત યુવાને પોતાની કેડે બાંધેલી તલવારને મ્યાનમાંથી કાઢી અને પત્ની ઉપર ઉગામી. આ જોઈને પત્ની હસી પડી. ત્યારે તે યુવાને પૂછ્યું : ''મારા હાથમાં ખુલ્લી તલવાર છે, તને ડર નથી લાગતો ?'' ત્યારે પત્નીએ કહ્યું : ''તમારી તલવાર મારું રક્ષણ કરશે. મને મારશે નહીં, એની મને ખાતરી છે.'' ત્યારે તેના પતિએ તેને કહ્યું, ''બસ, તો એમ જ ભગવાન આપણું રક્ષણ કરે છે. તેઓ આવી રીતે આપણને મારશે નહીં તેની મને સંપૂર્ણ ખાતરી છે, તેથી હું નિશ્ચિંત છું. અને ખરેખર થોડા સમયમાં તોફાન શમી ગયું અને બધા સહીસલામત કિનારે પહોંચી ગયા. ભગવાનના રક્ષણ માટે આવી ખાતરીની જરૂર છે, આવી ખાતરી હોય તો તેનો વાળ પણ વાંકો થતો નથી. આપણી પુરાણકથાઓમાં મહાકાવ્યોમાં, ભગવાનના રક્ષણનાં આવાં કેટકેટલાંય દૃષ્ટાંતો જોવા મળે છે. રાજા સુધન્વાને ઉકળતા તેલની કડાઈમાં નાંખવામાં આવ્યો, પરંતુ ભગવાનમાં તેને સંપૂર્ણ શ્રદ્ધા હતી, તો કડકડતું તેલ તેના માટે શીતળ જળ બની ગયું. ધગધગતા થાંભલાને બાથ ભીડતાં પ્રહ્‌લાદને બિલકુલ ડર ન લાગ્યો, કેમકે તેને ભગવાનના રક્ષણમાં પૂરો વિશ્વાસ હતો. આથી એનું રક્ષણ કરવા માટે ભગવાન નૃસિંહરૂપ ધારણ કરીને થાંભલામાંથી પ્રગટ્યા. ભરીસભામાં દ્રૌપદીનાં ચીર દુઃશાસન ખેંચી રહ્યો હતો, ત્યારે ભીષ્મ, દ્રોણ જેવા વડીલો તેને બચાવી ન શક્યા. પણ કૃષ્ણને પોકાર કરતાં કૃષ્ણે તેની રક્ષા કરી. મહાભારતના યુદ્ધમાં આટલા ભીષણ સંગ્રામમાં પાંડવોનું રક્ષણ ભગવાને કર્યું. જેઓ ભગવાનનું શરણ લે છે, તેઓનું રક્ષણ ભગવાન અવશ્ય કરે છે. ભોજા ભગતે કાચબા-કાચબીના દૃષ્ટાંત દ્વારા એક કાવ્યમાં આ વાત ખૂબ સરસ રીતે સમજાવી છે. તેમાં એક શિકારીની જાળમાં કાચબો-કાચબી ફસાઈ ગયાં. કાચબી

ગભરાઈને રડવા લાગી કે હવે આ શિકારી આપણને રાંધીને ખાઈ જશે. ત્યારે કાચબાએ કહ્યું, આપણે શ્રીહરિનું સ્મરણ કરીએ. તેઓ આપણને જરૂર બચાવી લેશે. કાચબો ભગવાનને પોકારવા લાગ્યો. શિકારી તો ઘરે લઈ ગયો. ફળિયામાં ત્રણ પથ્થર મૂકીને આગ સળગાવી કાચબો -કાચબીને તપેલામાં મૂકીને આગ પર મૂક્યાં. ત્યારે કાચબીએ કહ્યું, આ હવે તો આગ ઉપર છીએ. હમણાં પાણી ઉકળશે ને આપણે બફાઈને મરી જઈશું ? ક્યાં છે તમારો ભગવાન ? અને પાણીની ગરમી લાગવા માંડી, તે કાચબી ઊંચી નીચી થવા માંડી. પણ કાચબો તો પ્રભુ સ્મરણ કરતો રહ્યો. હવે તો પાણી દઝાડી રહ્યું છે. બચવાનો કોઈ ઉપાય નથી. કાચબી બબડાટ કરતી રહી, ત્યાં તો ધોધમાર વરસાદ પડ્યો કે આગ હોલવાઈ ગઈ. બધે પાણી પાણી થઈ ગયું. તેમાં કાચબો-કાચબી તપેલીમાંથી બહાર કૂદીને ચાલ્યાં ગયાં. ત્યારે કાચબાએ કહ્યું, 'કેવો છે મારો પ્રભુ ! આગમાંથી ઉગારી લીધાં ને ?''

આ છે પ્રભુનું રક્ષણ. તોફાનમાંથી, આગમાંથી, જીવનના ઝંઝાવાતોમાંથી સહીસલામત રીતે તે ઉગારી લે છે. પરંતુ એના માટે જોઈએ અવિચલ શ્રદ્ધા. છેક અંત આવતો જણાય તો પણ શ્રદ્ધા ડગવી ન જોઈએ. તો અણીના સમયે પણ તેઓનું રક્ષણ અવશ્ય મળે જ છે.

◊

# ૨૧

# તન્મયતા

તન્મય એટલે તત્-મય એટલે કે તેમાં એકરૂપ બનવું. તત્ એ પરમ તત્ત્વ છે. જે સત્ય સ્વરૂપ છે. ચૈતન્ય સ્વરૂપ છે. આનંદ સ્વરૂપ છે. તેમાં એકાકાર બનવું એ છે તન્મયતા. પરંતુ તે રૂપ બનવું એનો સ્થૂળ અર્થ પણ કરી શકાય કે કોઈ વસ્તુ, પદાર્થ કે વ્યક્તિની સાથે કોઈ એકરૂપ બની જાય, તાદાત્મ્ય ભાવ અનુભવે, તો તેને પણ તન્મયતા કહી શકાય. જેમાં સ્થળ કાળનું ભાન વિસરાઈ જાય અને પોતાનું અલગ અસ્તિત્વ પણ ભુલાઈ જાય એ ઉત્કટ તન્મયતાની સ્થિતિ છે.

આવી ઉત્કટ તન્મયતાનું ઉદ્ભવસ્થાન છે પ્રેમ. પછી એ પ્રેમ કોઈ વ્યક્તિ પ્રત્યે હોય કે વસ્તુ પ્રત્યે હોય. પણ જેના ઉપર પ્રેમ છે, એનું ચિંતન ચિત્તમાં સતત ચાલતું રહે અને એમાંથી સર્જાય છે, તન્મયતા. કોઈ કલાકાર કે સર્જક પોતાની કલાકૃતિમાં એટલો ઓતપ્રોત બની જાય છે કે તેને પોતાની જાતનું પણ ભાન રહેતું નથી. એ તન્મયતામાંથી જ સર્જાય છે ઉત્તમ ચિત્ર કે શિલ્પ. તન્મયતા વગર ઉત્કૃષ્ટ સર્જન થઈ શકતું નથી. તન્મયતા વગર ઈશ્વરપ્રાપ્તિ તો અસંભવ જ છે. આ માટેની એક દૃષ્ટાંત કથા છે.

એક વખત એક બાદશાહ સુંદર ગાલીચા ઉપર બેસીને નમાજ પઢી રહ્યો હતો. એટલામાં ત્યાંથી એક યુવતી દોડતી પસાર થઈ ગઈ. એના કાદવવાળા પગથી ગાલીચો ખરડાઈ ગયો. નમાજ પૂરી કરી બાદશાહે એ યુવતીને બોલાવી કહ્યું : ‘‘અહીંથી તું કેમ પસાર થઈ ? મારી નમાજમાં તેં ખલેલ પહોંચાડી ને વળી કાદવવાળા પગથી મારો ગાલીચો બગાડી નાંખ્યો, બોલ તને શી સજા કરું ?’’

ત્યારે તેણે કહ્યું : ''નામદાર બાદશાહ, હું તો મારા પ્રિયતમને મળવા જઈ રહી હતી. એના ચિંતનમાં જ મગ્ન હતી, અહીં આપ બેઠા છો, નમાજ પઢી રહ્યા છો, એની તો મને બિલકુલ ખબર ન હતી. આથી આપને જે સજા કરવી હોય તે કરો. પણ મને એમ થાય છે કે આપ તો ખુદાની બંદગી કરી રહ્યા હતા, છતાં આપને કેમ ખબર પડી કે અહીંથી હું પસાર થઈ છું ?'' યુવતીની ટકોરથી બાદશાહ સભાન થઈ ગયો. તેણે યુવતીને માફી જ નહીં પણ એની આંખ ઉઘાડવાના કાર્ય બદલ બક્ષિસ પણ આપી ! દૃષ્ટાંત કથા એમ કહે છે કે યુવતીના જેવી તન્મયતા જો બાદશાહની ખુદામાં હોત તો બાદશાહે ક્યારના ખુદાને મેળવી લીધા હોત !

ઉત્કટ પ્રેમ હોય તો તન્મયતા આપોઆપ આવે છે. શ્રીમદ્ ભાગવત્‌માં ગોપીઓની તન્મયતાનું વર્ણન આવે છે કે તેમનું ચિત્ત સતત કૃષ્ણમાં જ રહેતું. આથી તેમને કૃષ્ણના સાચા સ્વરૂપનું જે જ્ઞાન થયું તે જ્ઞાની ઉદ્ધવને નહોતું થયું. ભગવાન સાથેની તન્મયતા એ ભક્તિની ઉત્કટ પરાકાષ્ઠા છે. એનો ભક્ત સતત ભગવાનના ચિંતનમાં જ રત રહેતો હોવાથી, તેની સમક્ષ ભગવાનનું સ્વરૂપ અવશ્ય પ્રગટ થાય છે. શ્રીમદ્‌ભાગવત્‌માં કહ્યું છે કે, યતિ, તત્ કત્સરુપતામ્ - એટલે કે મનુષ્ય જેનું ચિંતન કરે છે, તેના જેવો જ તે બને છે. ભગવાનનું સતત ચિંતન કરતાં કરતાં અંતરમાં રહેલા ભગવાન સાથે એકાકાર થઈ જતાં પછી બહાર પણ સઘળું એના આવિર્ભાવ રૂપે જ અનુભવવા લાગે છે. એ જ છે તન્મયતાની ફલશ્રુતિ.

પરંતુ ઈશ્વર સાથેની તન્મયતા મનુષ્યને સહેલાઈથી પ્રાપ્ત થતી નથી. કેમકે જેને જોયા નથી, સાંભળ્યા નથી, જેમની કંઈ જ ખબર નથી, એમની સાથે તન્મયતાનો ભાવ સહેલાઈથી ઉદ્‌ભવતો નથી. એ માટે સર્વ પ્રથમ જરૂરી છે, પરમાત્મા પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને અવિરત

પ્રાર્થના. ઈશ્વરને પ્રાર્થના કરતાં કરતાં મનમાં ભગવદ્ ભાવ જાગે છે. જેમ જેમ પ્રાર્થનાની શક્તિ વધતી જાય છે તેમાં એકાગ્રતા આવતી જાય છે, તેમ તેમ ભગવદ્ભાવ વધુ ને વધુ અનુભવાય છે. એમાંથી પછી ઉત્કટ તન્મયતા સર્જાય છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ, પ્રેમદીવાની મીરાં, દક્ષિણની મીરાં આંડાલ, ચૈતન્યદેવ, ભક્ત ગોરાકુંભાર, સુરદાસજી આ બધાંએ ઉત્કટ તન્મયતાથી ભગવાનને પ્રાપ્ત કર્યા હતા.

◊

## માનવ બનો, માનવ બનાવો

મારા બંધુ, સૌથી પહેલાં મનુષ્ય બનો. નીતિમાન બનો. શૂરવીર બનો, ઉદાર બનો. પવિત્ર, મક્કમ અને રગેરગમાં સહૃદયી બનો. સંપૂર્ણ નિઃસ્વાર્થી બનો. આટલું કરશો તો તમે જરૂર સફળ થશો. તમે દૃઢ નિશ્ચયી બનો. સૌને માનવતાનો સંદેશ આપો. જે કંઈ શીખવવાનું છે તે શીખવો. માનવ બનો, માનવ બનાવો.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૨૨

# પ્રેમનો મહિમા

પ્રેમ તો છે પરમાત્માની મહાન શક્તિઓમાંની એક શક્તિ. આ શક્તિ વિશ્વવ્યાપી છે. ચૈતન્ય સભર છે. જ્ઞાન સભર છે. સનાતન છે. ફક્ત મનુષ્યોમાં જ એ શક્તિ કાર્ય કરે છે, એવું નથી, પણ એ પશુ, પક્ષી અને વનસ્પતિમાં પણ કાર્ય કરી રહી છે. આ સંદર્ભમાં શ્રીમાતાજી કહે છે કે, ''આ ક્લેશમય અંધકારમય જગતમાં સનાતન ચેતનાએ જગતને અને પ્રાણીઓને પાછા ભગવાન પ્રત્યે લઈ જવાના હેતુથી, જે પરમશક્તિને નીચે ઉતારી એનું નામ છે પ્રેમ. અજ્ઞાનમાં ડૂબેલું જગત ભગવાનને ભૂલી ગયું હતું. એ અજ્ઞાનમાં પ્રભુના પ્રેમની શક્તિએ અવતરણ કર્યું અને સર્વને જાગ્રત કરી દીધા. બધિર થઈ ગયેલા મનમાં તેણે હળવેકથી કહ્યું ''જીવનમાં જાગીને જોવા જેવી, એને ખાતર જીવવા જેવી એક વસ્તુ પણ છે, અને એ છે દિવ્યપ્રેમ.''

પ્રેમ મૂળ સ્વરૂપે તો દિવ્ય જ છે. પણ તેનામાં જે કંઈ વિકૃતિઓ આવે છે, તે માનવકરણોની મર્યાદાઓને લઈને આવે છે. મનુષ્યોમાં રહેલા અજ્ઞાન, તમસને લઈને વિશુદ્ધ પ્રેમ મિલન બની જાય છે. તેમાં જ્યારે સ્વામીત્વની ભૂખ, આસક્તિ, વાસના, સ્વાર્થ ભળે છે ત્યારે એ વિકૃત બનેલો પ્રેમ તારકને બદલે ઘાતક પણ બની જાય છે. એ વિકૃત પ્રેમ એ પ્રેમ નથી પણ ઈચ્છાઓ અને વાસનાઓનો છદ્મવેશ છે. પ્રેમ પોતે જ દિવ્ય હોઈને એની સાથે દિવ્યશક્તિઓ સંકળાયેલી હોય છે. નિઃસ્વાર્થતા, ત્યાગ, એકતા, વિશાળતા, કૃતજ્ઞતા અને વિશુદ્ધતા એ પ્રેમની સાથે આવનારાં દિવ્ય તત્ત્વો છે. એને બદલે જ્યારે એનાથી વિપરીત તત્ત્વ જેવાં કે સ્વાર્થ, માલિકીપણું, વગેરે પ્રેમમાંથી પ્રગટતાં હોય ત્યારે સમજવું કે એ પ્રેમ નથી, પણ સોદાબાજી છે. વ્યાપારી

મનોવૃત્તિ છે. પ્રેમ તો કદી માંગતો નથી. એ સદા આપ્યે જ જાય છે. પ્રેમ કદી બંધનમાં નાખતો નથી, એ તો મુક્ત કરે છે. પ્રેમ કદી નીચે લઈ જતો નથી, એ સદા ય ઊર્ધ્વમાર્ગે દોરી જાય છે. પ્રેમ એ તો રૂપાંતરકારી શક્તિ છે. જડમાં જડ અને પાષાણ જેવાં કઠોર હૃદયો પણ પ્રેમની શક્તિથી પીગળી જાય છે. ભગવાન બુદ્ધ અંગુલિમાલ જેવા ક્રૂર ડાકુને, ચૈતન્ય મહાપ્રભુએ જગાઈ-મધાઈ જેવા લૂંટારાઓને પ્રેમની શક્તિથી સાધુ બનાવી દીધા હતા. સૌરાષ્ટ્રની સતી તોરલે જેસલ જેવા લૂંટારાને પ્રેમની શક્તિથી પીર બનાવી દીધો ! પ્રેમની શક્તિના જાદુનાં આવાં અસંખ્ય ઉદાહરણો જોવા મળે છે.

પ્રેમની આ શક્તિ પણ પરમાત્માની અન્ય શક્તિઓની જેમ અવિરત વહેતી રહે છે. પરંતુ જેઓ તેનું આવાહ્ન કરે છે, તેમાં તે વિશેષ સક્રિય બને છે. જો પાત્ર સંપૂર્ણ શુદ્ધ અને પવિત્ર હોય તો પ્રેમની એ પરમ શક્તિ મનુષ્યને સીધી પરમાત્મા સુધી લઈ જાય છે. શ્રીમાતાજી કહે છે કે, ''પ્રેમ એના વિશુદ્ધ સ્વરૂપમાં મનુષ્યના અંતરાત્માની ભગવાન સાથેના મિલનની ઝંખના રૂપ છે.'' વિશુદ્ધ પ્રેમનું કાર્ય જ એ છે કે ભગવાન સાથેની એકતા કરાવી આપે, એમની સાથેના તાદાત્મ્યના આનંદની અનુભૂતિ કરાવે, મીરાંના હૃદયમાં જાગેલા એ પ્રેમે તેને ગિરધર ગોપાલમાં એકાકાર બનાવી દીધી. ચૈતન્ય મહાપ્રભુ આ પ્રેમની શક્તિથી જ ભગવાન જગન્નાથ સાથે એકરૂપ બની ગયા. નરસિંહ મહેતાએ ભગવાન પાસે માગ્યું, પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.' આ પ્રેમરસ આગળ સકલ જ્ઞાન, તત્ત્વવિદ્યા સર્વ કંઈ તુચ્છ છે.

આવો, આજે શ્રીમાતાજીએ પ્રભુના પ્રેમ માટે કરેલી પ્રાર્થના કરીએ :

હે પ્રભુ, પ્રેમનું વિશુદ્ધ પુષ્પ અમારામાં ખિલાવી આપો. જેથી

અમારી પાસે આવનાર સહુ કોઈ એનાથી સુગંધિત અને પવિત્ર બને.

આ પ્રેમમાં જ રહેલાં છે, શાંતિ અને આનંદ.

આ પ્રેમમાં જ છે, સર્વ સાક્ષાત્કારોનું મૂળ.

આ પ્રેમ જ છે, પરમ સિદ્ધ વૈદ્ય.

એ જ છે, પરમ આશ્વાસનદાતા.

એ જ છે, વિજેતા અને એ જ છે, શિક્ષણદાતા. આ વિશુદ્ધ પ્રેમ વડે અમારાં હૃદયોને પ્રજ્જ્વલિત કરી દો અને અમારી સર્વ અપૂર્ણતાઓને એમાં ભસ્મ કરી દો.''

◈

## નિઃસ્વાર્થ પ્રેમ

વિશાળતા જીવન છે, સર્વ પ્રકારની સંકુચિતતા મૃત્યુ છે. સર્વ પ્રકારનો પ્રેમ વિશાળતા છે. બધી જાતની સ્વાર્થબુદ્ધિ સંકુચિતતા છે. તેથી પ્રેમ એ જ જીવનનો એકમાત્ર કાયદો છે. જે ચાહે છે, તે જીવે છે. જે સ્વાર્થી છે, તે મરે છે, માટે પ્રેમ ખાતર જ પ્રેમ રાખો. જીવવા ખાતર જેમ શ્વાસનું મહત્ત્વ છે એ જ રીતે જીવનનો એકમાત્ર નિયમ છે નિઃસ્વાર્થ પ્રેમ. નિઃસ્વાર્થ કર્મ.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૨૩

# સત્ય

સત્ય એટલે સમગ્ર બ્રહ્માંડના અણુએ અણુમાં વ્યાપ્ત પરમાત્માની ચેતના. એ જ એક માત્ર વાસ્તવિકતા છે. બાકી સર્વ કંઈ મિથ્યા છે. ભ્રમ છે, માયા છે. પરંતુ જ્યાં સુધી મનુષ્યની જ્ઞાનદૃષ્ટિ ખૂલી નથી, જ્યાં સુધી મનુષ્ય અહંથી આવૃત્ત છે, ત્યાં સુધી તે સત્યને જાણી શકતો નથી, જોઈ શકતો નથી. અનુભવી શકતો નથી. સત્ય એ પરમાત્માનું પોતાનું જ સ્વરૂપ છે. દરેક મનુષ્યની અંદર એ અંતર્નિહિત છે. એ સત્યસ્વરૂપને પ્રગટ કરીને, એ પ્રમાણે જીવન ધારણ કરવું, એ મનુષ્યનો જન્મ ધારણ કરવાનો એક માત્ર ઉદ્દેશ છે. પરંતુ પૃથ્વી ઉપર આવીને મનુષ્ય ભોગ રાગમાં, વિવિધ પદાર્થોમાં એવો અટવાઈ જાય છે કે મૂળ હેતુ જ ભુલાઈ જાય છે. અને સત્યને બદલે તે એવા જગતમાં અટવાઈ જાય છે કે જ્યાં અસત્ય સત્યના વાઘા પહેરીને બેઠેલું છે. અસત્યની આ મોહજાળમાં મોટાભાગનાં મનુષ્યો એવાં સપડાઈ જાય છે કે જીવનભર છૂટી શકતાં નથી.

સત્યનું પાલન કરવું એટલે ભાગવત્ ચેતના સાથે એકરૂપ થઈને જીવવું. એ ચેતના સત્-ચિત્-આનંદમયી છે. અસત્ય, દંભ, છેતરપીંડી, વિશ્વાસઘાત, જાતને છાવરવાની કળા એ બધું મનોબળ ચેતનામાં છે. સાવ નાનાં બાળકો મનોમય ચેતનામાં નહીં પણ ભગવદ્ ચેતનામાં રહેતાં હોય છે. ત્રણ-ચાર વરસનું બાળક દુનિયાદારીથી હજુ ખરડાયું હોતું નથી. તે પોતાની સહજ ચેતનામાં રહેતું હોય છે. અસત્ય શું છે, તેની તેને ખબર જ નથી. પણ પ્રથમ અસત્ય તે પોતાનાં માતા-પિતા પાસેથી શીખે છે. પિતા ઘરમાં હોવા છતાં જ્યારે માતા કહેવડાવે છે કે 'નથી', ત્યારે બાળકને પ્રથમ આંચકો લાગે છે. ભારે આઘાત લાગે છે.

પછી ધીમે ધીમે તે પણ અસત્યના વાતાવરણમાં બધું શીખવા લાગે છે. સત્ય ચેતના સાથેનો તેનો નાતો છૂટી જાય છે.

રાષ્ટ્રપિતા ગાંધીજીને આ સહસ્રાબ્દિના મહામાનવનું બિરૂદ મળ્યું. કેમકે તેઓ સત્ય ચેતનામાં જીવતા હતા. તેમણે 'સત્ય એ જ ઈશ્વર' એ સૂત્ર પોતાના જીવનમાં પચાવ્યું હતું. ઉપનિષદના ઋષિએ આપેલા મંત્ર 'સત્યમેવ જયતે નાનૃતમ્' ઉપર તો તેમણે આટલી મોટી બ્રિટિશ સલ્તનતની સામે સત્યાગ્રહની લડત આપીને વિજય હાંસલ કર્યો અને તે પણ શસ્ત્રોનો ઉપયોગ કર્યા વગર, લોહી રેડ્યા વગર. આ જ સાબિત કરે છે કે સત્યમાં કેટલી પ્રચંડ શક્તિ રહેલી છે. સત્યની સામે બીજું કંઈ ટકી શકતું નથી. શ્રીમાતાજી કહે છે કે, ''ચાલાકમાં ચાલાક અસુરો પણ ભગવાનને છેતરી શકતા નથી. સત્યની સામે વિજયી બની શકતા નથી.'' કદાચ દેખીતી રીતે શરૂઆતમાં અસત્યનાં બળો વિજયી બનતાં જણાય, પણ અંતે તો સત્ય જ વિજયી બને છે. આધુનિક યુગમાં ગાંધીજીની લડત એ આનું ઉદાહરણ છે, તો પ્રાચીન યુગમાં મહાભારતની લડાઈ એ પણ સત્યના વિજયનું ઉદાહરણ છે. અસંખ્ય મહારથી યોદ્ધાઓ સાથેની દુર્યોધનની અઢાર અક્ષૌહિણી સેનાની સામે પાંડવોની સાત અક્ષૌહિણી સેના વિજયી બની. કેમકે, પાંડવોના પક્ષે સત્ય હતું, નીતિ હતી, ધર્મ હતો અને એટલે જ સ્વયં ભગવાન પોતે હતા. જ્યાં સત્ય છે, ત્યાં પરમેશ્વર છે. અને જ્યાં પરમેશ્વર છે ત્યાં વિજય નિશ્ચિત છે.

મનુષ્ય જીવન પણ એક સમરાંગણ છે. જ્યાં સત્ય અને અસત્યની લડાઈ નિરંતર ચાલતી જ રહે છે. પણ એ લડાઈ મનુષ્યે ત્યાં સુધી જ લડવાની રહે છે કે જ્યાં સુધી એ સત્ય તેનામાં સ્થાયી થતું નથી. ત્યાં સુધી સ્વપ્નની જરૂર છે. ત્યાં સુધી સંઘર્ષ છે. પછી સત્ય ચેતનામાં સ્થિર થઈ જતાં દૃષ્ટિ બદલાઈ જાય છે. બહારનાં પરિબળો આંતરિક

સ્થિરતાને ખળભળાવી શકતાં નથી. નરસિંહ મહેતાનું ઉદાહરણ આપણી સામે જ છે. લોકોએ આળ ચડાવ્યું. નાતબહાર મૂક્યા, રાજાએ હારની ચોરીનો આરોપ મૂકી જેલમાં પૂર્યા, પણ નરસિંહ મહેતા પોતાની ભક્તિમાંથી - પોતાની સત્યચેતનામાંથી ચલિત ન થયા. તેમને માટે આ બાહ્યસ્થિતિ કંઈ દુઃખરૂપ નહોતી. એ તો અજ્ઞાનથી આવૃત્ત લોકોને લાગે છે કે ભક્તોને ભારે દુઃખ પડે છે. એટલે જ સામાન્ય માણસો એવી દલીલ કરતા હોય છે કે સત્યનું પાલન કરનારાઓ ખૂબ દુઃખી હોય છે. પણ વાસ્તવમાં તો તેઓ મનની ભૂમિકાથી ક્યાંય ઊંચે હોવાથી આ દુન્યવી દુઃખો તેમની આંતર ચેતનાને સ્પર્શી શકતાં નથી. જ્યારે અસત્યનું પાલન કરનારાઓ બહારથી સુખી ને સમૃદ્ધ ભલે દેખાતા હોય, પણ તેમના જીવનમાં ક્યાંય સાચાં સુખ-શાંતિ હોતાં નથી. તેઓ સતત ભયમાં જીવતા હોય છે. એમનાં આંતરિક જીવન તો ભારે કલુષિત અને ચિંતાથી ભરેલાં હોય છે.

બીજું, મહત્ત્વનું એ છે કે સત્ય હંમેશાં ખુલ્લું હોય છે. અને એક જ હોય છે. સત્યમાં બહાનાં નથી, બચાવ નથી. તર્ક કે દલીલો નથી. તે જે હોય છે તે જ હોય છે. અને સદાય તે જ રહે છે. જ્યારે અસત્ય ક્ષણે ક્ષણે બદલાય છે. બહાનાં, દંભ, દલીલો, ગુપ્તતા, સાચું ઠેરવવાના પ્રયત્નો - આ બધું જ અસત્યમાં આવેલું છે. જેઓ સત્યચેતનામાં જીવે છે, તેઓ સદાય નિર્ભય હોય છે. એમની આંતરિક શક્તિઓ વિકસેલી હોય છે. આ સંદર્ભમાં શ્રીમાતાજી કહે છે કે, ''માણસના અંતરમાં રહેલી પૂર્ણ સચ્ચાઈ તેને ગમે તેવા ઝંઝાવાતોની સામે અડગ રાખે છે, શ્રદ્ધા અને વિશ્વાસથી તેને ટકાવી રાખે છે.'' શ્રીમાતાજીએ સત્યના આવાહ્‌ન માટે જે પ્રાર્થના કરી છે, તે આપણે પણ કરીએ

''શાશ્વત સત્યની હે ભવ્યતા,
હું તને પોકાર કરું છું

તને નમસ્કાર કરું છું

હે પરમ પ્રભુ, શાશ્વત સત્ય

અમે કેવળ તને જ અનુસરીએ

અને સત્યને અનુરૂપ જીવન જીવીએ.''

◊

## સાધનામાં મચ્યા રહેવાની જરૂર

દરિયામાં એક જાતની છીપ થાય છે. તે હંમેશાં પોતાનું મોં ખુલ્લું રાખીને પાણી ઉપર તરે છે પણ સ્વાતિ નક્ષત્રમાં પાણીનું એક ટીપું તેના મોઢામાં પડ્યું કે તરત જ તે માછલી મોઢું બંધ કરી પાણીને તળિયે ચાલી જાય છે અને ફરી ઉપર આવતી નથી. તેવી જ રીતે સત્ય વસ્તુના જ્ઞાનરૂપી પાણી પીવાની ઈચ્છાવાળો શ્રદ્ધાળુ સાધક પણ ગુરુમંત્રરૂપી પાણીનું એક ટીપું મળ્યા પછી સાધનારૂપી અગાધ પાણીમાં ઊંડો ઊતરી જાય છે અને બીજી કોઈ વસ્તુ તરફ ધ્યાન દેતો નથી.

*- શ્રી રામકૃષ્ણ પરમહંસ*

# ૨૪

# માનવતા

માનવતા એટલે મનુષ્યના અંતર્નિહિત ગુણોનો સરવાળો. મનુષ્ય ઉત્ક્રાંન્તિ પામતો પામતો આજની કક્ષાએ પહોંચ્યો છે. આપણે જાણીએ છીએ કે સમગ્ર જીવસૃષ્ટિની ઉત્પત્તિ અમીબા જેવા એકકોષીય જીવમાંથી થઈ છે. એમાંથી વિકાસ પામતાં પામતાં કંઈ લાખો કરોડો વરસે આજનો મનુષ્ય અસ્તિત્વમાં આવ્યો છે. મનુષ્ય મનની શક્તિથી ચાલે છે. અત્યારના તબક્કે આ શક્તિ સર્વોપરી હોવાથી બધી જ યોનિઓમાં મનુષ્ય યોનિ સર્વશ્રેષ્ઠ છે.

આહાર, નિદ્રા, ભય અને પ્રજોત્પત્તિ આ ચાર કાર્યો મનુષ્ય અને પ્રાણીઓમાં સમાન છે. બધાં પ્રાણીઓ પોતાની સહજ પ્રેરણાથી આ કાર્યો કરતાં હોય છે અને સૃષ્ટિનો તંતુ આગળ ચાલતો રહે છે. પરંતુ મનુષ્યમાં સહજ પ્રેરણા ઉપરાંત અન્ય પ્રેરક બળો પણ કાર્યોના ઉદ્ભવ પાછળ રહેલાં હોય છે. આ પ્રેરક બળો છે. દયા, ક્ષમા, ઉદારતા, કરુણા, પરોપકાર, તિતિક્ષા, ધીરજ, સહિષ્ણુતા વગેરે. આ પ્રેરક પરિબળોનો સમન્વય એટલે માનવતા.

જેઓ, ફક્ત પોતાના માટે જ જીવે છે, એ છે પશુતા પણ જેઓ બીજાને માટે જીવે છે એ છે માનવતા અને જેઓ બીજાને ત્રાસ આપીને પોતે આનંદ કરે છે એ છે દાનવતા.

भुंजते ते त्वधं पापा ये पचंत्यात्मकारणात्।

જેઓ ફક્ત પોતાને માટે જ અન્ન પકાવે છે, તેઓ પાપ ખાય છે. આ ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના ત્રીજા અધ્યાયના તેરમા શ્લોકમાં કહ્યું છે. પ્રાણીઓમાં બુદ્ધિ નથી. તેમનામાં જે પ્રમાણે 'પ્રોગ્રામ' મૂકેલો

છે, તે પ્રમાણે જ તેઓ વર્તે છે. એટલે એમને કંઈ પાપ-પુણ્ય જેવું હોતું નથી. પણ મનુષ્યોને ભગવાને પ્રાણીઓ કરતાં ઘણું ઘણું વિશેષ આપ્યું છે. સમજશક્તિ આપી છે. સંવેદનશીલ હૃદય આપ્યું છે. સર્વદર્શી વિચારી શકે તેવું મન આપ્યું છે. આ બધાંને લઈને તે પ્રેમભાવથી પોતાના પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ સાથે જોડાયેલો છે. આથી તે જો ફક્ત પોતાના સ્વાર્થ માટે જ જીવે તો તે કાં તો માનવતાવિહોણો પશુ બને છે. અથવા તો આસુરિક વૃત્તિવાળો દાનવ બને છે. આ સંદર્ભમાં સ્વામી વિવેકાનંદ કહે છે કે, ''જેનું હૃદય દુઃખી દરિદ્રોને માટે દ્રવે તેને જ હું મહાત્મા કહું છું. નહીં તો એ દુરાત્મા છે.'' તેઓ એમ પણ કહે છે કે ''જ્યાં સુધી લાખો માણસો ભૂખ અને અજ્ઞાનમાં સબડે છે ત્યાં સુધી તેમના ભોગે કેળવાયેલા અને તેમના પ્રત્યે દુર્લક્ષ સેવનારા દરેક માનવીને હું મોટો દ્રોહી ગણું છું.'' હિન્દીભાષાના મહાન કવિ નિરાલાજી પણ કહે છે કે ''વહી મનુષ્ય હૈ, જો મનુષ્યકે લિયે જીએ.'' બીજાના માટે જીવનાર જ સાચો મનુષ્ય છે. એ જ માનવતાનો સાચો ઉપાસક ગણાય.

નરસિંહ મહેતાએ વૈષ્ણવજન ગીત રચ્યું, જે મહાત્મા ગાંધીજીને અત્યંત પ્રિય હતું, તેમાં માનવતાનાં બધાં જ લક્ષણો પ્રગટ થાય છે. એ જ સાચો વૈષ્ણવ છે જે માનવતા દાખવે છે જે બીજાના દુઃખે દુઃખી થાય છે. એટલું જ નહીં પણ જે બીજાનાં દુઃખોને દૂર કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે, તેનું જીવન પરોપકારી હોય છે. છતાં મનમાં લેશ પણ અભિમાન હોતું નથી. બીજાનું કામ કેવું પોતે કર્યું, એવી લેશમાત્ર ભાવના પણ તેનામાં હોતી નથી. તે વિનમ્ર હોય છે. કોઈની પણ નિંદા કરતો નથી. તેના વિચાર, વાણી અને વર્તન એક જ હોય છે. બોલવું કંઈક અને કરવું કંઈક એવો દંભ તેનામાં હોતો નથી. તે સંકલ્પબદ્ધ હોય છે. પોતાના ધ્યેયમાં, કાર્યમાં, નિષ્ઠામાં અડગ રહે છે. બહારનાં પરિબળો

તેને ચલિત કરી શકતાં નથી. એની દૃષ્ટિ સર્વ પ્રત્યે સમાન હોય છે. તેનામાં કોઈ પ્રત્યે રાગદ્વેષ કે અહોભાવ હોતાં નથી. એની દૃષ્ટિમાં સર્વ મનુષ્યો સમાન હોય છે. નથી તેને પ્રસિદ્ધિની આકાંક્ષા કે નથી હોતી સત્તાની લાલસા કે નથી હોતી સિદ્ધિની વાંચ્છા. તેણે પોતાની શૂદ્ર વાસનાઓ અને ઈચ્છાઓ ઉપર દૃઢવૈરાગ્યથી વિજય પ્રાપ્ત કરી લીધો હોય છે. તેનામાં શુદ્ધ ચારિત્ર્યની પવિત્રતા હોય છે. તે હંમેશાં સત્યનું આચરણ કરતો હોય છે. અપરિગ્રહી હોવાને લઈને તે કદી પારકાના ધન પર દૃષ્ટિ કરતો નથી. તેને નથી હોતો કોઈ મોહ કે કોઈ માયા. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને ઈર્ષા જેવા ષડ્ રિપુઓને તેણે વશમાં કરી લીધા હોવાથી તે કશાય પ્રલોભનોથી ખરડાતો નથી. તે પોતાના ધ્યેય તરફ સતત આગળ વધતો રહે છે. માનવધર્મના આ સિદ્ધાંતોનું જેઓ દૃઢપણે પાલન કરે છે, તેઓ સામાન્ય મનુષ્યોમાંથી મહાન બની જાય છે. મહાત્મા ગાંધીજીના જીવનમાં આ બધા જ આદર્શો ચરિતાર્થ થતા જોવા મળે છે, એટલે જ તેઓ મહાત્મા બન્યા. યુગપુરુષ બન્યા. જેઓ માનવતાના આ આદર્શોને જીવનમાં અપનાવે છે, તેઓ ફક્ત ઉત્તમ મનુષ્યો જ નહીં, પરંતુ પ્રભુના પયગંબરો બની માનવજાતિના ઉદ્ધારક પણ બને છે. માનવતાના આદર્શોનું પાલન તેમને દિવ્યતામાં પ્રતિષ્ઠિત કરી દે છે.

◊

# ૨૫

# વિવેક

વિવેક એટલે સત્ય અને અસત્યને પારખવાની શક્તિ. શાસ્ત્રમાં નિત્યાનિત્ય વિવેક કહેવામાં આવ્યો છે. એટલે કે જે નિત્ય છે, શાશ્વત છે, સનાતન છે અને જે અનિત્ય છે, ક્ષણભંગુર છે, એને ઓળખવાની શક્તિ એટલે વિવેક. આ શક્તિ જેનામાં જાગૃત થાય છે, તે પછી ક્યાંય ખોટે રસ્તે દોરવાતો નથી. માયામાં ફસાતો નથી. કેમકે અંદરમાં રહેલી વિવેકશક્તિ જાગી જતાં દૃષ્ટિ માત્રથી તે જાણી શકે છે કે શું સાચું ને શું ખોટું. એટલે પછી ખોટામાર્ગે તે કદી જતો નથી. તુલસીદાસજી રામચરિત માનસમાં કહે છે :

બિનુ સતસંગ બિબેક ન હોઈ,
રામકૃપા બિનુ સુલભ ન સોઈ.

એટલે કે સત્સંગ વગર વિવેક જાગ્રત થતો નથી. વિવેક વગર વૈરાગ્ય મળતો નથી. વૈરાગ્ય વગર ઈશ્વરભક્તિ થતી નથી અને આ બધું તો ઈશ્વરની કૃપા હોય તો જ પ્રાપ્ત થાય છે. સાધુ મહાત્માઓ કે જેમણે તપશ્ચર્યા દ્વારા વિવેક દૃષ્ટિ જાગૃત કરી છે, એમનો સંગ કરવાથી વિવેક જાગ્રત થાય છે. પરંતુ આજના સમયમાં આવા સાચા સાધુમહાત્માઓનો સંગ ન મળે તો ? જો આવો સંગ ન મળે તો એવા મહાત્માઓ રચિત ગ્રંથોના વાંચન, મનન અને ચિંતન દ્વારા પણ વિવેકની જાગૃતિ થાય છે. કેમકે આવા સત્સંગ અને સદ્‌વાંચનથી આંતરશુદ્ધિની પ્રક્રિયા શરૂ થાય છે અને વિવેક દૃષ્ટિની આડે જે અજ્ઞાનનાં પડળો છવાયેલાં હોય છે, એ દૂર થતાં આંતરદૃષ્ટિ ખૂલે છે ને વિવેક જાગૃત થાય છે. આ ઉપરાંત ગુરુકૃપા કે ઈષ્ટકૃપાથી પણ વિવેકશક્તિ જાગૃત થાય છે.

સ્વામી વિવેકાનંદના પિતાનું અવસાન થતાં તેઓ ભારે આર્થિક તંગીમાં મુકાઈ ગયા હતા. ત્યારે તેમણે પોતાના ગુરુદેવ શ્રીરામકૃષ્ણદેવને વિનંતી કરી કે તેઓ મા કાલીને તેની આર્થિક તંગી દૂર કરવાનું કહે. ત્યારે શ્રીરામકૃષ્ણદેવે તેમને જ મા કાલી પાસે જઈને માગી લેવા કહ્યું. જ્યારે નરેન્દ્રનાથ મંદિરમાં ગયા અને તેમણે માની માટીની મૂર્તિની જગ્યાએ તેમના ચૈતન્યમય સ્વરૂપને મૂર્તિમાં જોયું અને ત્યારે તેમણે માને પ્રાર્થના કરીને કહ્યું : મા, મને વિવેક આપ, વૈરાગ્ય આપ, ભક્તિ આપ, ધનસંપત્તિ માગવાનું તો તેઓ ભૂલી જ ગયા. જ્યારે રામકૃષ્ણે આ જાણ્યું ત્યારે તેમને ફરી મોકલ્યા અને બીજી વખત પણ એમ જ થયું. તેઓ ભૂલી ગયા. ત્રીજી વખત યાદ રાખીને ગયા. ત્યારે તેઓ પૂરેપૂરા જાગૃત હતા પણ તેમને થયું કે જગત્જનની મા પાસે શું તુચ્છ ધનસંપત્તિ માંગવી એ તો કોઈ મહારાજા પાસે બશેર રીંગણાં માગવા જેવી વાત છે. એટલે તેમણે માગ્યું કે ‘મા, મને વિવેક આપ, વૈરાગ્ય આપ, જ્ઞાન આપ, ભક્તિ આપ’’ અને માની કૃપાથી તેમની વિવેકદૃષ્ટિ જાગી ગઈ. વૈરાગ્ય પ્રબળ બન્યો ભક્તિ ઉત્કટ બની અને નરેન્દ્રનાથમાંથી વિશ્વવંદ્ય વિભૂતિ સ્વામી વિવેકાનંદ બની ગયા.

મનુષ્યમાં જો એક માત્ર વિવેક આવે તો બધા જ સદ્ગુણો વિવેકની સાથે આવી જાય છે. પણ જો ધનસંપત્તિ હોય, બીજા ગુણો પણ હોય, પણ જો વિવેક ન હોય તો મનુષ્ય રાક્ષસ બની જાય છે. વિવેક હોય તો મનુષ્ય, દેવમનુષ્ય બની જાય છે. રાવણ બહુ મોટો તપસ્વી હતો. વિદ્વાન હતો. ઋષિનો પુત્ર હતો. કઠોર તપશ્ચર્યા કરીને તેણે ભગવાન શિવને પ્રસન્ન કર્યા હતા. સતી સમાન પત્ની હતી. અપાર ઐશ્વર્ય હતું અને અતુલનીય શારીરિક બળ હતું. તેની પાસે શું ન હતું ? એક માત્ર વિવેક નહોતો. શું હિતકારક છે અને શું હાનિકારક છે. તે સમજવાની દૃષ્ટિ નહોતી. તેના પરિણામે તે ઉદ્દંડ બન્યો. દુરાચારી બન્યો અને

રાક્ષસી કૃત્યો કર્યાં. પરિણામ ? પોતાનો જ નહીં, પણ સમગ્ર રાક્ષસકુળનો વિનાશ અને સર્વસ્વ ખોયું. એક સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે કે,

विवेक भ्रष्टानाम् शतमुखः विनिपातः भवति।

વિવેકમાંથી ભ્રષ્ટ થનારનો સોમુખે વિનાશ સર્જાય છે.

આધુનિક ચિંતક ટી. એલ. ડી. શારડા કહે છે કે મનુષ્ય અને પશુમાં ફેર શું ? પશુઓમાં પણ લાગણી છે. ઘણાં પશુઓમાં થોડી બુદ્ધિ પણ છે. બિલાડી ગમે ત્યાં સંતાડીને મૂકેલું દૂધ શોધીને પી જાય છે. તેનામાં એ બુદ્ધિ છે. પણ આવી રીતે દૂધ પીવું એ સારું છે કે ખરાબ એ પારખવાની શક્તિ તેનામાં નથી. પશુઓમાં વિવેકબુદ્ધિ નથી. એ માત્ર મનુષ્યોમાં જ છે. પણ બધાં મનુષ્યોમાં એ જાગેલી હોતી નથી. એટલે જ મનુષ્યો દુઃખી થાય છે. નહીંતર ભગવાને કોઈને પણ દુઃખ આપ્યું જ નથી. પોતાનું જીવન કેવી રીતે જીવવું એની સ્વતંત્રતા ભગવાને મનુષ્યને આપી છે. એ જીવન ઉત્તમ રીતે કેવી રીતે જિવાય એ માટેની સમજ પણ ભગવાને મનુષ્યની અંદર મૂકેલી છે. જો એનો ઉપયોગ કર્યા વગર માણસ ગમે તેમ જીવન વેડફી નાંખે તો તેમાં દોષ કોનો ?

આવો, આજે આપણે સંકલ્પ કરીએ કે પરમાત્માએ આપણા હૃદયમાં મૂકેલી એ વિવેકશક્તિને જગાડી અને તેનો ઉપયોગ કરી જીવનને આનંદમય બનાવીએ.

◊

# ૨૬

# ઉદારતા

ઉદારતા એટલે પોતાની પાસે જે કંઈ હોય તેમાંથી અન્યને સહજપણે આપતા રહેવાની વૃત્તિ. આ ઉદારતા એ દાન નથી, ત્યાગ નથી તેમ ઉપકારની ભાવના પણ નથી કે કોઈ ઉપર દયાભાવ દાખવવાની વૃત્તિ પણ નથી. પણ ઉદારતા એ આ બધાથી કંઈ વિશેષ છે. કેમકે આ બધું મનુષ્ય સભાનપણે કરતો હોય છે. દાન, દયા કે ઉપકાર કરે ત્યારે તે પોતે કંઈક કરી રહ્યો છે, એ ભાવ તેનામાં જાગૃત હોય છે. જ્યારે ઉદારતા એ સહજ છે. તે વ્યક્તિના સ્વભાવની એવી વિશિષ્ટ લાક્ષણિકતા છે કે જે તેના વ્યક્તિત્ત્વમાંથી સહજ પણે પ્રગટ થતી રહે છે. અને તેની વ્યક્તિને પોતાને ખબર પણ પડતી નથી. ઉદારતા એ ફૂલની સુગંધ જેવી છે. ફૂલમાંથી સુગંધ સહજપણે જ પ્રસરતી રહે છે અને ફૂલ પોતે એની નોંધ પણ લેતું હોતું નથી. એવું જ ઉદારતાનું છે. નદીના શીતળ જળની પેઠે તે વ્યક્તિના વ્યક્તિત્વમાંથી વહેતી રહે છે અને તરસ્યાંઓની તરસ છિપાવતી નદીની જેમ જ તે જરૂરિયાત મંદોની જરૂરિયાતો પૂર્ણ કરતી રહે છે.

આ ઉદારતાની સાથે સંકળાયેલી છે, વિશાળતા. સ્વામી વિવેકાનંદ તો કહે છે કે, ‘‘વિશાળતા એ જીવન છે. સર્વ પ્રકારની સંકુચિતતા એ મૃત્યુ છે. અને સર્વ પ્રકારની સ્વાર્થ બુદ્ધિ એ સંકુચિતતા છે. એક સંસ્કૃત સુભાષિતમાં તો કહ્યું છે કે જેઓ માત્ર પોતાના માટે જ જીવે છે, તેઓ પૂંછડાને શિંગડા વગરના પશુ જેવા છે. જેઓ અન્યને માટે જીવે છે, તેઓ જ પોતાના જીવનને સાર્થક કરે છે.

સૂક્ષ્મ જગતનો એક નિયમ છે કે જેઓ પોતાની પાસે જે કંઈ છે, તે બીજાને આપે છે તો તેમને તે અનેકગણું થઈને પાછું મળે છે. એથી

જ તો ઉદાર મનુષ્યોની ધનસંપત્તિ કદી ખૂટતી નથી. 'મા' પુસ્તકમાં શ્રી અરવિંદ લખે છે કે, ''જે કંઈ કુરૂપ છે, કૃપણ છે, નીચ છે, શૂદ્ર, દરિદ્ર અને સ્વાર્થી છે, જે કંઈ ક્રૂર અને કર્કશ છે એ સઘળું મહાલક્ષ્મીના આગમનને પાછું વાળે છે. મનુષ્યોના અંતરમાં, તેની આજુબાજુ સ્વાર્થ, તિરસ્કાર, અને દુષ્ટેચ્છા હોય, ઈર્ષા અને કલહ હોય કે હૃદયના પવિત્ર પ્રેમ પાત્રમાં વિશ્વાસઘાત લોભ અને કૃતઘ્નતા ભળેલાં હોય ત્યાં મહાલક્ષ્મી એક ક્ષણ પણ ઊભી રહેતી નથી કે ત્યાં તે પોતાની સમૃદ્ધિનો સ્રોત વહાવતી નથી.'' મહાલક્ષ્મીની કૃપા પ્રાપ્ત કરવા માટે જરૂરી છે ઉદારતા, વિશાળતા અને સર્વ પ્રત્યેનો પ્રેમભાવ.

જેઓ આપે છે, તેઓ પામે છે. જેઓ સંગ્રહે છે તેઓ ગુમાવે છે. આ સંદર્ભમાં શ્રી રવીન્દ્રનાથ ટાગોરની એક દૃષ્ટાંત વાર્તા છે. ભિક્ષાની ઝોળી લઈને એક ભિક્ષુક જઈ રહ્યો હતો. રસ્તામાં એક વટેમાર્ગુએ હાથ લંબાવીને તેની પાસે ભિક્ષા માંગી. ભિક્ષુકે પોતાની ઝોળીમાંથી ફક્ત પાંચ દાણા કાઢીને તે વટેમાર્ગુના હાથમાં મૂક્યા. સાંજે ઘરે આવીને જ્યારે તેણે ઝોળી ઠાલવી તો એ બધા દાણાઓમાં પાંચ દાણા ઝગમગતા હતા, કારણ કે તે સોનાના થઈ ગયા હતા. આ જોઈને તે ભિક્ષુકના પસ્તાવાનો પાર જ ન રહ્યો. તે વિચારવા લાગ્યો આખી ઝોળી ઠાલવી દીધી હોત તો ? આપણાં સહુનું પણ આવું જ છે. કોઈ ને કોઈ સ્વરૂપમાં, ભગવાન આપણી સમક્ષ આવીને હાથ ફેલાવે છે. પણ ત્યારે આપણી મુઠ્ઠી બંધ થઈ જાય છે. કેમકે આપણે એવું વિચારીએ છીએ કે આપી દેવાથી સંપત્તિ ઓછી થઈ જશે. પરંતુ બીજાઓના શ્રેયા માટે જે કંઈ આપણે આપીએ છીએ તે ભગવાનની બૅંકમાં જમા થાય છે. આ બૅંક એવી છે કે જે ક્યારેય તૂટી પડતી નથી અને જમા થયેલું અનેકગણું પાછું મળે છે. આ રહસ્ય જેઓ જાણે છે, તેઓ આ બૅંકમાં સતત જમા કરાવતા જ રહે છે. જેઓ જાણતા નથી તેઓ સંગ્રહ કરીને ઘણું જ ગુમાવી દે છે.

દરિદ્રતામાંથી મુક્તિ મેળવવાનો એકમાત્ર ઉપાય, પોતાની પાસે જે કંઈ અલ્પ છે, તેમાંથી પણ આપવાનો છે. આપવાથી જ સમૃદ્ધિનાં દ્વારો ખુલ્લાં થાય છે.

મહાભારતમાં એક કથા છે. કેટલાય દિવસોના ભૂખ્યા બ્રાહ્મણ પરિવારને ક્યાંયથી થોડું અન્ન મળ્યું. તેને રાંધીને ભોજન કરવા બેસતા હતા, ત્યાં અતિથિ આવી પહોંચ્યો. એ પણ ખૂબ જ ભૂખ્યો હતો. બ્રાહ્મણે પ્રથમ પોતાના ભાગનું ભોજન આપી દીધું, પણ અતિથિની ક્ષુધા ન શમી. તેની પત્નીએ પણ પોતાના ભાગનું ભોજન અતિથિને ખવડાવી દીધું. દિવસોથી ભૂખ્યા હતાં, તેથી કંઈ જ ખાવાનું ન મળતાં તેઓએ પ્રભુભજન કરતાં કરતાં પ્રાણ છોડી દીધા. પણ અતિથિને જેમાં ભોજન ખવડાવ્યું હતું એ પાતળમાં જે થોડા કણો અન્નના ચોંટી રહ્યા હતા, તે ચોંટેલા કણો, ખાવાનાની શોધમાં ભટકતા એક નોળિયાએ ખાધા. તેના શરીરનો અર્ધો ભાગ સોનાનો થઈ ગયો. પછી બીજો અર્ધો ભાગ સોનાનો કરવા માટે તે જયાં જયાં મોટા યજ્ઞો થતા હતા, ત્યાં ત્યાં ગયો, ત્યાં પ્રસાદ ખાતો રહ્યો પણ ક્યાંય બાકીનું અર્ધું શરીર સોનાનું થયું નહીં. આમ જેઓ પોતાની પાસેનું બધું જ ભગવાનને આપી દે છે, તેમના માટે ભગવાન પોતે પોતાનાં દ્વારો ખુલ્લાં કરી દે છે. શ્રીમદ્ ભાગવતની પણ એ કથા જાણીતી છે કે વામન ભગવાનના ત્રણ વિરાટ પગલામાં આકાશ, પાતાળ અને પૃથ્વી આવી ગયાં. બલિરાજાએ આ બધું જ આપી દીધું. તો પછી ભગવાન સ્વયં તેના દ્વારપાળ થઈને રહ્યા.

ઋગ્વેદના ઋષિએ કરેલી પ્રાર્થના આપણે પણ કરીએ

''भूरिदा भूरि देहि....'' હે પ્રભો આપ પરમ દાતા છો. અમને થોડું ઘણું નહીં પણ પુષ્કળ આપો કે જેથી અમે પણ હંમેશાં બધાને ખૂબ ખૂબ આપીએ.

◊

# ૨૭

# પ્રિયં બ્રુયાત્

પરમાત્માએ માનવજાતિને વાણીની અદ્‌ભુત ભેટ આપી છે. પૃથ્વી ઉપર અર્થવાળા શબ્દોનું ઉચ્ચારણ માત્ર આપણે મનુષ્યો જ કરી શકીએ છીએ. આ અનુપમ ભેટને લઈને મનુષ્યનો બાહ્ય વ્યવહાર ખૂબ જ સરળ બન્યો છે. પણ સાથે સાથે એના દુરુપયોગથી આંતરિક વ્યવહાર અને પછી તો બાહ્યવ્યવહાર પણ વિષમ અને જટિલ બની જાય છે.

શબ્દો મનુષ્યને તારે છે અને શબ્દો મનુષ્યોને મારે છે. આથી જ શબ્દોને તીરની ઉપમા આપી છે. એમ કહેવાયું છે કે ભાથામાંથી નીકળેલું બાણ અને મુખમાંથી નીકળેલા શબ્દો ક્યારેય પાછા ફરી શકતા નથી. એ તો લક્ષ્યાંકે જઈને જ અટકે છે. પરંતુ શબ્દો બાણથી પણ ભયંકર છે. કેમકે બાણથી વીંધાયેલો ઘા ઉપચારથી રુઝાઈ શકે છે. પણ શબ્દોથી વીંધાયેલું હૃદય ભાગ્યે જ રુઝાય છે. આથી જ ઉપનિષદના ઋષિએ ‘સત્યં બ્રુયાત્ - પ્રિયં બ્રુયાત્’ની શિખામણ આપી છે. સત્યદ્રષ્ટા ઋષિ સત્યનું પાલન કરવા કહે છે, પણ સાથે સાથે પ્રિય બોલવાનું પણ કહે છે. જે વાક્ય અન્યને દુઃખ આપે, અન્યનું અહિત કરે, અન્યના જીવનને બરબાદ કરી નાંખે, તેવું વાક્ય કે વચન સત્ય હોય તો પણ ન ઉચ્ચારવું જોઈએ.

ઈન્દ્રપ્રસ્થ નગરનો દરબાર જોવા આવેલા દુર્યોધને જ્યાં પાણી હતું ત્યાં જમીન લાગતાં, એ રીતે ચાલવા ગયો અને પડી ગયો ત્યારે ઝરૂખામાં ઊભેલી દ્રૌપદી હસી પડી ને બોલી ‘આંધળાના તો આંધળા જ હોય ને !’’ આ વાક્ય દુર્યોધનના હૃદયમાં શલ્યની જેમ ખૂંચી ગયું અને તેનું પરિણામ ભરી સભામાં દ્રૌપદીના વસ્ત્રાહરણમાં આવ્યું.

એમાંથી જ તો સર્જાયું મહાભારતનું યુદ્ધ. આવાં કટુવાક્યો કંઈકનાં જીવન બરબાદ કરી નાંખે છે. એટલે જ કબીરજી કહે છે, ''કટુક બચન મત બોલ.''

પરંતુ વ્યવહારુ ભૂમિકા ઉપર ઘણી વખત કડવું સત્ય ઉચ્ચારવું પડે, તેવી પરિસ્થિતિ સર્જાય ત્યારે શું કરવું ? એ સમયે આ સત્ય કઠોર શબ્દોમાં કહેવાને બદલે પ્રેમપૂર્વક, કોમળ અને મધુર શબ્દોમાં કહેવું જોઈએ તો એથી સામેની વ્યક્તિનું હૃદય વીંધાતું નથી. પણ સાચી વાત સમજાતાં, તે આભારવશ બની જાય છે. એક સુભાષિતમાં એકની વાત મધુર ભાષામાં કઈ રીતે કહી શકાય તેનું દૃષ્ટાંત આપતાં જણાવ્યું છે :

અંધાને અંધો કહીએ, વરવું લાગે વેણ,
ધીરે રહીને પૂછીએ, ભાઈ શાથી ખોયાં નેણ ?

અહીં વાત એકની એક જ છે, પણ પૂછવાની રીત અને ભાવ બદલાતાં કડવાશ ને કઠોરતા, મધુરતા ને મૃદુતામાં પલટાઈ જાય છે.

વાણી કેવી બોલવી જોઈએ એ અંગે કબીરજી કહે છે કે એવી શીતળ અને મધુર વાણી બોલવી જોઈએ કે જે પોતાને અને સાંભળનારાને શીતળ કરે.

બાની ઐસી બોલિયે, મનકા આપા ખોય,
ઓરનકો શીતલ કરે, આપ હી શીતલ હોય.

મધુરભાષી વ્યક્તિ સર્વને પ્રિય હોય છે. એવી વ્યક્તિની હાજરીમાં સમગ્ર વાતાવરણ પ્રસન્ન મધુર બની રહે છે. હળવાશ, પ્રસન્નતા એ શાંતિની અનુભૂતિ આવી વ્યક્તિઓની હાજરીમાં થાય છે. આ વિશે હિન્દીભાષામાં એક સરસ પંક્તિ છે.

કૌઆ કછુ ન લેત હૈ, કોયલ કછુ ન દેત,
કેવલ મીઠે વચન સે, મન સબકા હરી લેત...

કાગડાને સહુ પથ્થર મારીને ભગાડે છે. જ્યારે કોયલના મધુર ટહુકાથી બધાનાં મન આનંદિત થઈ જાય છે. મધુર વચન બોલવામાં કંઈ કિંમત ચૂકવવી પડતી નથી. તેમાં કોઈ પરિશ્રમ કરવો પડતો નથી. અને છતાં તેનું અનેકગણું વળતર મળી જાય છે. પ્રેમ, પ્રસન્નતા અને સદ્‌ભાવના રૂપે.

અહીં એક બાબતની સ્પષ્ટતા કરવી ઘટે કે મધુર વચનોનું ઉચ્ચારણ એ ખુશામત નથી. ખુશામતની પાછળ સ્વાર્થ છે. કંઈ કામ કરાવી લેવાની વૃત્તિ દેખાય છે, બીજાને સારું લગાડવાની ભાવના છે. આમ સ્વાર્થ માટે મીઠા મીઠા શબ્દોની અભિવ્યક્તિ છે. આ મીઠા શબ્દો માત્ર જીભથી જ ઉચ્ચારાતા હોય છે. એમાં હૃદયનો ભાવ હોતો નથી. હૃદયમાં તો કંઈક બીજું જ હોય છે. આવાં આંતર-બાહ્ય ભિન્ન વ્યક્તિત્વ ધરાવનાર વ્યક્તિના બહારથી જ બોલાયેલા, ભાવવિહોણા મીઠા શબ્દોનો કોઈ પ્રભાવ પડતો નથી. એ બીજાના હૃદય સુધી પહોંચતા નથી. ઊલટું સાંભળનારને પણ એમાં સ્વાર્થની ગંધ આવી જતાં એ શબ્દો સાંભળવા ગમતા નથી. મધુર શબ્દો દ્વારા હૃદયની ઉદારતા, ચારિત્ર્યની પવિત્રતા અને સર્વનાં કલ્યાણની મંગલમય ભાવના જો પ્રગટ થતી હોય તો એ શબ્દો અન્યના હૃદયમાં સીધા પ્રવેશે છે, અને ત્યાં રહેલી સુષુપ્ત શક્તિઓની અગ્નિશિખા પર જામેલી રાખને ઉડાડવા વાયુની લહેર જેવું કાર્ય કરે છે. હૃદયમાંથી ઉદ્‌ભવેલા મધુર શબ્દોમાં જીવનને ઊંચે લઈ જવાની પ્રચંડ શક્તિ રહેલી છે.

વાણીની શક્તિનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવા અંગે માર્ગદર્શન આપતાં શ્રીમાતાજી કહે છે, ''તમે કંઈ પણ બોલો, તમારા મુખમાંથી શબ્દ બહાર આવે, તે પહેલાં તમે એક ક્ષણ માટે એકાગ્ર થઈને તમે જે કાંઈ બોલવાના હો, તે શબ્દની જરા તપાસ કરી લેજો, તમારા ધ્યેયની સિદ્ધિ માટે જરૂરી હોય, તમારી પ્રગતિને કોઈ રીતે નુકસાનકારક ન હોય

એટલા જ શબ્દો બહાર આવવા દેશો.''

જાગૃતપણે જો આપણે આ રીતે કરીએ તો આપણી વાણી મધુર બની રહે અને એ વાણીમાં મંત્રનું બળ પ્રગટે.

◊

## સંસાર અને સાધન

એક માણસે પરમહંસદેવને પૂછ્યું કે ''સંસારમાં રહીને ભગવાનની ભક્તિ થઈ શકે ?'' પરમહંસદેવે જરા હસીને જવાબ દીધો કે ''અમારા દેશમાં ચોખાના પૌંઆ બનાવી વેચનારી બાઈ એક હાથે ખાંડણીઆમાં હાથ નાખી ચોખા સરખી કરતી જાય છે ને બીજે હાથે બાળકને ખોળામાં લઈ ધવરાવે છે ને વચમાં જો કોઈ ઘરાક આવે છે તો તેની સાથે તેણે લીધેલા માલનો હિસાબ બતાવતી જાય છે કે તમારી પાસે આટલા પૈસા આગળના બાકી છે અને આજના આટલા પૈસા થયા વગેરે. આ પ્રમાણે આટલાં બધાં કામ એક વખતે કરતી જાય છે, છતાં તેનું મન તો ખાંડણિયાંમાં પડતાં સાંબેલા ઉપર જ હોય છે, કેમકે તેને પૂરી ખબર છે કે જો સાંબેલું હાથ ઉપર પડશે તો આખી જિંદગી સુધી હાથ નકામો થઈ જશે. આ બાઈની જેમ તમે પણ સંસારમાં રહીને કામ કરો,પણ મન તો ભગવાનમાં રાખો, તેને છોડશો તો બધો અનર્થ થઈ જશે.''

*- રામકૃષ્ણ પરમહંસ*

# ૨૮

# અન્ન તેવું મન

અન્ન એટલે માત્ર અનાજ જ નહીં, પરંતુ પ્રાણને ટકાવી રાખવા માટે જે ખાવામાં આવે છે, તે ખાદ્યપદાર્થ એટલે અન્ન. જેને ગ્રહણ કરવાથી શરીરની ઉત્પત્તિ, વૃદ્ધિ અને પુષ્ટિ થાય તેને અન્ન કહેવામાં આવે છે. આ રીતે જોતાં માટીનો કીડો માટી ખાઈને જીવે છે. તો તેના માટે માટી પણ અન્ન છે.

આ સૃષ્ટિમાં ચાર પ્રકારનાં પ્રાણીઓ છે. જરાયુજ એટલે કે મનુષ્ય, પશુ વગેરે. ઉદ્‌ભિજ્જ એટલે કે વૃક્ષો, વનસ્પતિ વગેરે. અંડજ એટલે કે પક્ષીઓ, સર્પ, કીડી, મકોડા વગેરે અને સ્વેદજ એટલે કે જૂ, બગાઈ વગેરે. આ ચારેય પ્રકારનાં પ્રાણીઓ અન્નથી ઉત્પન્ન થાય છે અને અન્નથી જીવે છે. અન્નથી શરીર તો બને છે, એટલું જ નહીં પણ તેનાથી મન પણ બને છે. એટલે જેવું અન્ન તેવું મન. વળી અન્નથી મનની પણ વૃદ્ધિ થાય છે.

આપણે જે અન્ન ખાઈએ છીએ, તેને જઠરાગ્નિ પચાવે છે. પછી તેના સ્થૂળ ભાગની વિષ્ટા બને છે. મધ્યમભાગ રસ વગેરેમાં પરિવર્તન પામીને માંસ-મજ્જા વગેરે બને છે. અને તેના સૂક્ષ્મભાગનું મન બને છે. આ રીતે મન અન્નને આધારે જ છે. છાંદોગ્ય ઉપનિષદના શિષ્ય શ્વેતકેતુને આ વાત સમજાતી નહોતી. આથી તેણે પોતાના પિતા ઉદ્દાલક મુનિને પૂછ્યું કે ''અન્નને આધારે મન છે, તે મને સમજાવો.'' મુનિએ કહ્યું, ''જો તું અનુભવથી જ્ઞાન મેળવવા ઈચ્છતો હોય તો પંદર દિવસ અન્ન ત્યાગીને માત્ર જળ ઉપર જ રહે. પછી મારી પાસે આવજે.'' આમ પંદર દિવસ માત્ર જળ પીને તેણે વીતાવ્યા. સોળમે દિવસે પિતા પાસે

ગયો. ત્યારે તેના પિતાએ કહ્યું : ''હવે તું વેદની ઋચાઓ ભણ.'' ત્યારે તેણે કહ્યું, ''પિતાજી ઋચાઓ મનમાં આવતી નથી. અરે, મને કંઈ દેખાતું જ નથી.'' ત્યારે તેના પિતાએ તેને સમજાવતાં કહ્યું કે અન્નથી મનની સોળ કળાઓ વૃદ્ધિ પામે છે. અન્ન ન લેવાથી તારી પંદર કળાઓ નષ્ટ થઈ છે. માત્ર એક કળા બચી છે. પણ વાંધો નહીં જેમ અગ્નિ ઓલવાઈ જાય પણ જો તેનો એક તણખો હોય તો તેમાં ઘાસ-તણખલાં નાંખતાં ફરીથી પેટાવી શકાય છે. એમ તું હવે ભોજન લઈને આવ તો અગ્નિની પેઠે તારા મનની બધી કળાઓ ફરીથી વૃદ્ધિ પામશે.'' ભોજન લીધા પછી તે અધ્યયન કરી શક્યો ત્યારે તેને પ્રત્યક્ષ અનુભવ થયો કે મન અન્નના આધારે છે.

હવે મન અન્નના આધારે હોવાથી જેવું અન્ન તેવું મન બને છે. તેથી મનની શુદ્ધિ માટે અન્નની શુદ્ધિ અનિવાર્ય છે. ''आहारशुद्धौ सत्त्वशुद्धिः'' એટલે કે જો આહાર શુદ્ધ અને પવિત્ર હશે તો મન અને અંતઃકરણ પણ પવિત્ર બનશે. મનને સાત્ત્વિક બનાવવું હોય તો અન્ન પણ સાત્ત્વિક હોવું જોઈએ. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સાત્ત્વિક આહાર ચાર પ્રકારનો હોવો જોઈએ તેમ જણાવ્યું છે. તે ''रस्योः'' એટલે કે ફળ, દૂધ, સાકર, મધ જેવા રસવાળો તે ''स्निग्धाः'' એટલે કે ઘી, માખણ, તેલ વગેરે વાળો, તે ''स्थिराः' એટલે કે પચવામાં ભારે નહીં અને શરીરને ઘણા દિવસો સુધી શક્તિ આપે તેવો, તે ''हृद्याः'' એટલે હૃદય અને ફેફસાંને બળ આપનાર શક્તિવર્ધક આહાર હોવો જોઈએ. આવા ચારેય પ્રકારના સમન્વિત આહારથી તન તો બળવાન અને સુદૃઢ બને છે જ પણ સાથે સાથે મન પણ બળવાન અને દૃઢ બને છે.

સામાન્ય રીતે મોટાભાગના લોકોનો એ અનુભવ હોય છે કે જમણવારોમાં, લગ્નસરામાં, પાર્ટીઓમાં, જમવાથી શરીરમાં આળસ અને બેચેની અનુભવાય છે. આખો દિવસ સુસ્તીમાં જાય છે. આ

સ્થિતિમાં લેખન - વાંચન - સર્જન વગેરે કાર્યો થઈ શકતાં નથી. આથી જ જેઓને મન દ્વારા સૂક્ષ્મ કાર્યો કરવાં હોય, તેવા યોગીઓ, સાધકો, સર્જકો, કલાકારો, પોતાના ખોરાકની બાબતમાં ખૂબ જ સાવધાની રાખતા હોય છે.

અન્ન ભલે સ્થૂળ દેખાય છે, પણ તે સૂક્ષ્મનું વાહક છે. આથી જ્યારે મનુષ્ય અન્ન ગ્રહણ કરે છે, ત્યારે તેની સાથે અનેક સૂક્ષ્મ વસ્તુઓ પણ ગ્રહણ કરે છે. ભોજન બનાવનારાઓની ચેતના પણ ભોજનમાં આવી જતી હોવાને પરિણામે સૂક્ષ્મ રીતે, ભોજનમાં અનેક પ્રકારના ભાવો ભળેલા હોય છે. ભોજનમાં રહેલી આ સૂક્ષ્મ વસ્તુઓની અસર મનુષ્યના મન ઉપર સીધી પડે છે. આથી જ આપણામાં જમતા પહેલાં બ્રહ્માર્પણ કરવાની વિધિ છે. જમતાં પહેલાં ભગવાનને ધરાવીને પછી તેમના પ્રસાદ રૂપે અન્ન ગ્રહણ કરવાથી, તે અન્નનો દૂષિત પ્રભાવ દૂર થઈ જાય છે. આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે,

कवले कवले कुर्वन् रामनामानुकीर्तनम्।

य कश्चित् पुरुषो अश्नाति सौन्नदोषैर्न लिप्यते।

ભોજન કરતી વેળાએ પ્રત્યેક કોળિયે જેઓ રામનું નામ લે છે, તેમનો અન્નદોષ દૂર થઈ જાય છે. એવા શુદ્ધ પવિત્ર અન્નથી મન પણ શુદ્ધ અને પવિત્ર બને છે.

◊

# ૨૯

# જીવદયા

શ્રી રામકૃષ્ણ પરમહંસ એક વખત દક્ષિણેશ્વરમાં ભક્તો સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા. વૈષ્ણવ ભક્તોના લક્ષણોની વાત કરતાં તેમણે કહ્યું, ''નામ સંકીર્તન, વૈષ્ણવોની પૂજા અને જીવદયા આ વૈષ્ણવોનાં લક્ષણો છે. પણ જીવદયા બોલતાંની સાથે તેઓ સમાધિમાં સરી પડ્યા. પછી જ્યારે જાગૃત થયા, ત્યારે બોલવા લાગ્યા, જીવદયા ? એક સામાન્ય મનુષ્ય જીવ પર શું દયા કરી શકવાનો હતો ? ના, ના, જીવદયા નહીં, પણ જીવસેવા.'' તેમના શિષ્ય નરેન્દ્રનાથે આ શબ્દો સાંભળ્યા, પછી તેમણે ગુરુભાઈઓને કહ્યું, ''આજે ગુરુદેવના મુખેથી મને મહાન વસ્તુ મળી છે.'' આ વાત પરથી પાછળથી સ્વામી વિવેકાનંદે શિવજ્ઞાને જીવસેવાનું મહાન સૂત્ર આપ્યું.

પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી એ ભાવ સારો છે, પણ એમાં દયા દાખવનારનું પાત્ર જો શુદ્ધ ન હોય તો તેનામાં અહંકાર આવી જાય છે અને મનમાં એવો ભાવ જાગે છે કે મારાથી અનેક લોકોનું કલ્યાણ થઈ રહ્યું છે. આમ તેનામાં ગુરુતાનો ભાવ જાગે છે. તો આશ્રય લેનારમાં હીનતાનો ભાવ જાગે છે. આથી બંનેનું અકલ્યાણ થાય છે. બંને વચ્ચે પ્રેમનો સેતુ બંધાતો નથી. જ્યારે જીવસેવા દ્વારા બંને પક્ષનું કલ્યાણ થાય છે. સેવા કરનારનો અહંકાર ઓગળે છે તેને સાચો આનંદ મળે છે. અને સેવા લેનારને આનંદ તો મળે જ છે, પણ સાથે તેના હૃદયમાં સેવા કરનાર પ્રત્યે કૃતજ્ઞતાભાવ જાગે છે. આથી જ શ્રીરામકૃષ્ણ પરમહંસે જીવદયા કરતાં જીવસેવાને વિશેષ મહત્ત્વ આપ્યું છે.

આમ તો પ્રત્યેક જીવ એ પરમાત્માનો અંશ છે. પણ એ અજ્ઞાનના

આવરણથી ઘેરાયેલો છે. જેમનું આ આવરણ હટી જાય છે, તેઓ સર્વ પદાર્થો અને પ્રાણીઓમાં આથી અજ્ઞાનમાં પડેલા, મોહમાયામાં અટવાયેલા જીવોને જોઈને એમનામાં કરુણાનો ભાવ જાગે છે. દયા એ પ્રાણમાંથી ઊઠતી એક લાગણી છે, જે બીજાનાં દુઃખને જોઈને ઉદ્ભવે છે. અને પછી તે વ્યક્તિ દુઃખીજન માટે કંઈક કરવા પ્રેરાય છે. જ્યારે કરુણા એ દયાથી વિશેષ છે. એ આત્મરત વ્યક્તિની ચેતનાની સહજ સ્થિતિ છે. જે માત્ર દુઃખી વ્યક્તિઓ પર જ નહીં પણ પ્રત્યેક જીવજંતુ અને પ્રાણી પ્રત્યે વહેતી રહે છે. પાડાને સોટીથી મારતાં એના સોળ જ્ઞાનેશ્વરની પીઠ ઉપર ઊઠ્યા હતા. કુમળા ઘાસ પર કોઈ જોર જોરથી પગ મૂકીને ચાલી રહ્યું હતું. તો ઘાસની પીડા શ્રીરામકૃષ્ણદેવ અનુભવતા હતા. માનવ જાતિના આ ઉદ્ધારકો ઈશ્વરની સમગ્ર સૃષ્ટિ સાથે એકરૂપ બની ગયા હોવાથી પ્રાણીમાત્રનું દુઃખ એ એમનું પોતાનું દુઃખ બની ગયું હતું. એથી જ સર્વ પ્રાણીઓ પ્રત્યે એમની અપાર કરુણા સતત વહ્યા કરતી. સર્વ જીવો પ્રત્યેની આવી કરુણાને પરિણામે જ તેમણે જીવનભર કઠોર તપશ્ચર્યા કરી દુઃખ મુક્તિના ઉપાય શોધી આપ્યા. પછી એ બુદ્ધનો નિર્વાણનો માર્ગ હોય, જ્ઞાનેશ્વરનો જ્ઞાનનો માર્ગ હોય કે રામકૃષ્ણદેવનો વ્યાકુળ બની ભગવાનને પોકારવાનો માર્ગ હોય. માનવજાતિનું એ પરમ સદ્ભાગ્ય છે કે પ્રત્યેક યુગે ઈશ્વરની કરુણાનો અનુભવ કરાવનાર આવા પથપ્રદર્શકો આવતા રહે છે. અને માર્ગ બતાવતા રહે છે. એમ માનવજાતિ ઈશ્વર પ્રત્યે આગળ ધપતી રહે છે.

આ તો ભાગવત્ ચેતના સાથે તદ્રૂપ થયેલા મહાપુરુષોની વાત થઈ. પણ અજ્ઞાનમાં ડૂબેલા મનુષ્યોનું શું ? સામાન્ય મનુષ્યો બધામાં એકમેવને જોઈ શકતાં નથી તેઓ સ્વાર્થ, લોભ, મોહ, ઈર્ષા, અહંકારથી ઘેરાયેલા છે. તેમને સંયમિત રાખવા, અન્યને માટે જીવન જીવતા કરવા માટે ધર્મ અને નીતિના નિયમોની અત્યંત આવશ્યકતા છે. પશુનામાં

રહેલા મનુષ્યને દિવ્યતા તરફ લઈ જવા માટે ધર્મના કાયદાઓની જરૂર છે. મનુષ્યને આચારસંહિતાની લગામની જરૂર છે. આથી જ બધા ધર્મોમાં જીવદયા અને અહિંસા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જ્યાં સુધી પ્રત્યેક જીવમાં ઈશ્વરનાં દર્શન ન થાય ત્યાં સુધી જીવદયા જરૂરી છે. અને પછી તો ભેદ ઓગળી જતાં, બધાં જ એકમેવનો વિસ્તાર જણાતાં દયા સર્વ પ્રત્યેની કરુણા બની જાય છે.

◈

## મદદ નહિ પૂજા

તમે શું એમ ધારો છો કે એક કીડી પણ તમારી મદદ વિના મરી જશે ? આમ કહેવું એ તો ઈશ્વરની મોટી નિંદા થઈ ! ઈશ્વરનું કાર્ય કરવાની તક મળી તે માટે આપણે આપણી જાતને ધન્ય માનવી જોઈએ તમે કોઈને મદદ કરો છો એ વાત તમારા મનમાંથી કાઢી નાંખો તમે મદદ કરી શકો જ નહિ. તમારે તો પીડિતોમાં બેઠેલા પરમાત્માની પ્રેમભાવે પૂજા કરવાની છે. ને કૃતકૃત્યતા માણવાની છે.

*- સ્વામિશ્રી વિવેકાનંદ*

# ૩૦

# બહેનના હેતનું પર્વ

ધનતેરસથી શરૂ થતા દિવાળીના તહેવારોની પૂર્ણાહુતિ ભાઈ-બીજના દિવસે થાય છે. કારતક સુદ બીજ એ ભાઈ-બીજ છે. તેને યમદ્વિતીયા પણ કહેવામાં આવે છે. આ પાંચેય પર્વોમાં આ પર્વ અનોખું છે. એ બહેનના ભાઈ પ્રત્યેના અનર્ગળ સ્નેહનું પર્વ તો છે જ, પણ સાથે સાથે ક્રૂર ગણાતા, પોતાના નિયમોનું અક્રૂરપણે પાલનકરનારા મૃત્યુના દેવ યમરાજનું પણ પર્વ છે અને એટલે જ એ વિશિષ્ટ ગણાય છે.

ભારતીય સંસ્કૃતિની એ વિશિષ્ટતા છે કે તેમાં દરેક દેવોના યજન-પૂજન માટે નિશ્ચિત દિવસ નક્કી કરવામાં આવેલા છે. મૃત્યુના દેવ છે, યમરાજા. આપણી સંસ્કૃતિએ યમરાજાની પણ મહત્તા ગાઈ છે. તેમને સૂર્યપુત્ર તરીકે, ધર્મરાજ તરીકે સ્વીકારીને તેમની પણ પૂજા કરવામાં આવે છે. આ દિવસે યમરાજા પોતાની બહેન યમુનાને ત્યાં જમવા માટે ગયા હતા અને બહેનને વરદાન માગવાનું કહ્યું. બહેનનો નિર્મળ પ્રેમ કેટલો સમર્થ છે કે યમરાજા જેવા કઠોર દંડનાયક પણ પ્રસન્ન થઈ ગયા. ભાઈને પ્રસન્ન જોઈને બહેન યમુના પણ પ્રસન્ન થઈ ગઈ. જેમના હાથમાં પ્રત્યેક જીવોનું જીવન રહેલું છે, એવા મહાસમર્થ ભાઈ જ્યારે વરદાન આપવા તત્પર થયા, ત્યારે યમુના અપાર સંપત્તિ, અખૂટ ઐશ્વર્ય, એવું કંઈ પણ માગી શકી હોત. પરંતુ તેણે આવું કંઈ જ ન માંગ્યું. બહેનનું હૈયું તો ઝંખતું હતું માત્ર ભાઈની સંનિધિ જ. પણ તે જાણતી હતી કે ધર્મરાજ ગણાતા તેના ભાઈને એક ક્ષણની પણ ફુરસદ હોતી નથી. આજે તો તેઓ અચાનક આવી ગયા તે તેનું સદ્ભાગ્ય. ફરી પોતાના ઘરે આવવામાં તો કદાચ વરસોય વીતી જાય. અને વળી તે ભાઈના કર્તવ્યમાં આડે આવવા પણ ઈચ્છતી નહોતી. એટલે તેણે માગ્યું

કે ''ભાઈ પ્રત્યેક વરસે આ દિવસે તમે મારા ઘરે જમવા આવજો.'' બહેનની પોતાના પ્રત્યેની પ્રેમભાવના અને નિસ્પૃહતા જોઈને યમરાજ ખુશ થઈ ગયા અને ત્યાં યમુનાએ કહ્યું, ''અને આ દિવસે જે કોઈ ભાઈ પોતાની બહેનના ઘરે જમે અને બહેનને સંતુષ્ટ કરે તેને કદી અપમૃત્યુ ન આવે'' યમુનાની ઉદાત્ત ભાવના જોઈને યમરાજ ખૂબ પ્રસન્ન થયા અને તથાસ્તુ કહી યમુનાની બંને માગણી સ્વીકારી લીધી.

આજે પણ આ વરદાન કાર્ય કરી રહ્યું છે. તેના પરિણામે સમસ્ત ભાઈઓને અકાળ મૃત્યુ અને અપમૃત્યુમાંથી મુક્તિ મળી ગઈ છે. છતાં પણ આપણે સમાજમાં એવું જોઈએ છીએ કે કેટલીયે બહેનોના ભાઈઓ યુવાનીમાં અકાળ મૃત્યુ પામે છે. ત્યારે થાય છે કે શું યમરાજ પોતાનું વરદાન ભૂલી ગયા કે પછી કળિયુગમાં આ વરદાને પોતાનું સામર્થ્ય ગુમાવી દીધું છે ? યમરાજ તો ધર્મરાજ છે. તેઓ એક વખત આપેલું વરદાન ભૂલી તો ન જ જાય, પણ આજના યુગમાં ભાઈઓ પોતાનો ધર્મ ભૂલી ગયા છે. પોતાની ફરજ ચૂકી રહ્યા છે. અર્ધમનું આચરણ કરનારને કે પથભ્રષ્ટ થયેલાંને કોઈ સિદ્ધિ મળતી નથી કે કોઈ વરદાન ફળતું નથી.

ભાઈનો ધર્મ એટલે દરેક સ્ત્રીમાં બહેનનું સ્વરૂપ જોવું. બહેનનું દર્શન અને સ્મરણ એટલે ભીતરમાં છુપાયેલા વિકારોને ઓગાળવાનું અદ્‌ભુત રસાયણ. બહેનના નિઃસ્વાર્થ પ્રેમની સ્મૃતિ તો છે, વાસનાઓનું શમન કરનારી અમોધ ઔષધિ. બહેનની હાજરીથી વાતાવરણમાં પવિત્રતા છવાઈ જાય છે. મન શુદ્ધ બને છે. ચારિત્ર્ય ઉન્નત બને છે. આત્મકમળ ખીલી ઊઠે છે. જીવન સુંદર બની જાય છે. આવું જીવન ક્યારેય અકાળે ખરી પડતું નથી. યમરાજનો પાશ અકાળે આવા જીવનને લાગતો નથી. પરંતુ ભાઈ અનીતિનું આચરણ કરે, ધર્મ ભૂલીને દુરાચાર કરે ને જીવનને ભ્રષ્ટ કરે તો વરદાન ફળતું નથી.

ભાઈબીજના દિવસે સહુને યમરાજાનું પવિત્ર સ્મરણ થાય છે.

યમનું સ્મરણ એટલે પ્રમાદ,ભોગ વિલાસ, વાસના, આળસ, શિથિલતા પ્રત્યે સતત જાગૃતિ અને જીવનની ક્ષણભંગુરતાની સતત સ્મૃતિ. આ સ્મૃતિ જ મનુષ્યને દુરાચારના માર્ગે જતાં અટકાવી દે છે. આમ બહેનનો નિઃસ્વાર્થ પ્રેમ અને યમરાજાનું સ્મરણ જીવનને દીર્ઘાયુષી અને મંગલમય બનાવે છે. આમ ભાઈબીજનું આ પર્વ એ સ્નેહ અને સજાગતાનું પર્વ બની રહે છે.

◊

## આદર્શ માટે મરી ફીટવું

મરવાનું અનિવાર્ય છે, તો એક મહાન આ!દર્શ માટે મરી ફીટવાનું ઇચ્છો. આદર્શહીન જીવન જીવવું એ વ્યર્થ બોજારૂપ છે. આ આદર્શનો, આ મંત્રનો ઘેરઘેર પ્રચાર કરો. આથી તમને તો ફાયદો થશે જ સાથોસાથ તમે. આપણા દેશનું ભલું પણ કરશો. કાર્ય કરો, નિષ્કામ કાર્ય કરો. મૃત્યુ દિવસે દિવસે નજીક આવતું જાય છે. એટલે ઝડપ કરો.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૩૧

# સ્વતંત્રતા પ્રાપ્તિ

આજે પંદરમી ઑગસ્ટ. ભારતનો સ્વતંત્રતા દિવસ. ૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે ભારતમાતા અંગ્રેજોની બસ્સો વર્ષની ગુલામીમાંથી મુક્ત બની. આ દિવસે શ્રીમાતાજીએ પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમમાં ભારતમાતાને જે પ્રાર્થના કરી હતી, તે પ્રાર્થનાથી આવો આજે સ્વતંત્રતા દિવસના આ મંગલમય પ્રભાતને વધાવીએ.

એ પ્રાર્થના છે.

ઓ અમારી દિવ્યમાતા,

હે ભારતના આત્મા,

ઘેરામાં ઘેરા અવસાદના દિવસોમાં પણ,

જ્યારે તારાં બાળકો તારા અવાજથી વિમુખ થઈ ગયાં હતાં અને તારો ઇન્કાર કર્યો હતો,

એવા સમયે પણ તેં તારા બાળકોનો કદી ત્યાગ કર્યો નથી. તો આજે એ બાળકો જાગી ઊઠ્યાં છે,

તારા વદન ઉપર આજે પ્રકાશ ઝળહળે છે.

ત્યારે મુક્તિના આ પ્રભાત કાળે,

આ મહાન સમયે અમે તને નમસ્કાર કરીએ છીએ.

અમને માર્ગદર્શન આપ કે જેથી અમારી સામે સ્વતંત્રતાની આ ક્ષિતિજ ખૂલી રહી છે,

તે સાચી મહાનતાની ક્ષિતિજ બની રહે.

રાષ્ટ્રોની સૃષ્ટિમાં તે તારા સાચા જીવનની સૃષ્ટિ બની રહે.

અમને માર્ગદર્શન આપ કે અમે હંમેશાં આદર્શોના પક્ષમાં રહીએ એ આત્માના પ્રદેશમાં એક નેતા તરીકેના સર્વ પ્રજાઓના એક મિત્ર અને સહાયક તરીકેના તારા સાચા મુખનું માનવજાતિનું દર્શન કરાવીએ.''

શ્રીમાતાજીએ આ પ્રાર્થનામાં સ્વતંત્ર બનેલી ભારતમાતા પાસે માગ્યું છે કે એનાં બાળકો એવાં તૈયાર થાય કે ભારતને સમગ્ર વિશ્વનું નેતા બનાવે. સમગ્ર માનવજાતિનું સહાયક અને મિત્ર બનાવે. સ્વતંત્ર બનેલા ભારતે આ ઉચ્ચમાં ઉચ્ચ આદર્શે પહોંચવાનું છે. ભારતનું સાચું સ્વરૂપ જગદ્‌ગુરુનું છે. વિશ્વને આધ્યાત્મિક પ્રકાશ આપી સમગ્ર માનવજાતિની એકતા સ્થાપવાનું છે.

શ્રી અરવિંદે આ દિવસની મહાનતા વિષે પોતાના સંદેશામાં જણાવ્યું હતું : ''૧૫મી ઑગસ્ટ એ મારો પોતાનો જન્મદિવસ છે. એ દિવસ આવું મહાન ગૌરવ ધારણ કરે, એ પણ મારા માટે ઘણી આનંદપ્રદ ઘટના છે.'' પછી આ જ સંદેશમાં એમણે પોતાના પાંચ મહાન સ્વપ્નાંઓની વાત કરી છે. તેમાંનું એક સ્વપ્ન ભારતે જગતને આપવાની આધ્યાત્મિક ભેટનું છે. તેમાં તેમણે ભારતના ઉજ્જ્વળ ભાવિનું દર્શન કરતાં જણાવ્યું હતું : ''ભારતના ભાવિનો સૂર્ય ઊગી નીકળશે અને આખા ભારતને તેમ જ એશિયાને પ્રકાશથી ભરી દેશે. અને આખા વિશ્વ પર છવાઈ જશે. હરેક પળ, હરેક ક્ષણ પ્રભુ એ નિર્ધારિત દિવસના પ્રકાશને વધુ ને વધુ નજીક લાવી રહ્યા છે.'' આ સ્વપ્નને આજે આપણે સાકાર થતું જોઈ રહ્યા છીએ. સમગ્ર વિશ્વ આજે ભારતના યોગ ધ્યાન અને વેદાંતના તત્ત્વજ્ઞાનને અપનાવી રહ્યું છે. ભૌતિકક્ષેત્રે પણ ભારતમાં ઘણી જ પ્રગતિ થઈ રહી છે. ભારત વિશ્વની મહાસત્તા બનવા જઈ રહ્યું છે. ભારતના રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામે

ઈન્ડિયા ૨૦૨૦ એ વીઝન ઑફ ધી ન્યુમિલેનિયમ નામના પોતાના પુસ્તકમાં ૨૦૨૦માં ભારત સર્વક્ષેત્રે અગ્રીમ હશે. તેનું ચિત્ર રજૂ કર્યું છે કે ભારત સ્પેસ અને સેટેલાઈટ ટૅકનોલોજીમાં સર્વપ્રથમ હશે. બાયોટેકનોલોજી, બાયોકેમિસ્ટ્રી ઇકોનોમિક્સ, એગ્રીકલ્ચર અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં પણ ભારત અગ્રીમ હશે. વિકસિત દેશોમાં ભારત ચોથા સ્થાને હશે.

પરંતુ આ સ્વપ્નને સાકાર કરવા ભારતની પ્રજાએ જાગૃત થઈને કઠોર પરિશ્રમ કરવો પડશે. તો જ ભારત ઉન્નત બનશે અને તો જ ભારતને સ્વતંત્રતાનું સ્વર્ગ સાંપડશે. અંતમાં આ માટે કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોરે કરેલી પ્રાર્થના કરીએ.

જ્યાં મન ભયરહિત
અને મસ્તક ઉન્નત હોય,
જ્યાં જ્ઞાન મુક્ત હોય,
જ્યાં જગત ભેદભાવની દીવાલોથી વહેંચાયેલું ન હોય,
જ્યાં વાણીનું ઉદ્‌ગમ સ્થાન માત્ર સત્ય જ હોય.
એવા સ્વાતંત્ર્યના સ્વર્ગમાં
હે પ્રભુ, મારા રાષ્ટ્રને જગાડ.

◊

# ૩૨

# જનચેતના

જનચેતના એટલે કોઈપણ રાષ્ટ્રમાં રહેતા લોકોના હૃદયમાં ધબકતું ચૈતન્ય. આ ચૈતન્ય જ રાષ્ટ્રનો પ્રાણ છે. રાષ્ટ્રની શક્તિ છે. રાષ્ટ્રની ઊર્જા છે. કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર જનચેતનાની જાગૃતિ ઉપર રહેલો છે. જ્યારે જનચેતના જાગે છે, ત્યારે ભલભલા લોખંડી સરમુખત્યારોનાં શાસનો પણ ઊથલી પડે છે. ઈતિહાસ એની સાક્ષી પૂરે છે :

આપખુદ અને જુલ્મી રાજા ધનનંદની સામે આચાર્ય ચાણક્યે જનચેતના જાગૃત કરી, તેનું પરિણામ એ આવ્યું કે નંદવંશનો નાશ થયો અને ચાણક્યના અમાત્ય પણા હેઠળ ચંદ્રગુપ્ત મૌર્યનું શાસન સ્થપાયું. ફ્રાન્સમાં રાજા લૂઈ ચૌદમો અને તેના ખુશામતિયા દરબારીઓ પ્રજાને ભોગે અમનચમન કરી રહ્યા હતા. તેનાથી ત્રાસી ગયેલી પ્રજાની ચેતના આખરે જાગી ઊઠી અને પ્રજાએ લૂઈ અને તેની પત્નીને મારી નાંખ્યાં. તેમાંથી સર્જાઈ ફ્રાન્સની મહાનક્રાન્તિ. જેણે જગતને સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શ આપ્યા. રશિયામાં પણ ઝારશાહીમાં કચડાતી, શોષાતી રશિયાની ગરીબ પ્રજાની ચેતનાને કાલમાર્ક્સે જગાડી અને પરિણામ આવ્યું, ઝારશાહીનો નાશ, અને સામ્યવાદનો ઉદય. પછી સામ્યવાદીઓના આપખુદી શાસનની સામે પણ જનચેતના જાગી ઊઠતાં રશિયાનો સમગ્ર સંઘ તૂટી પડ્યો.

ગુલામીમાં પડેલી હિંદની જનતાને પણ મુક્તિની ઝંખના જાગી અને ૧૮૫૭માં મંગલ પાંડે નામના એક બ્રાહ્મણે મુક્તિ આંદોલનનો પ્રારંભ કર્યો. એ પછી તો જનચેતના ધીમે ધીમે જાગૃત થવા લાગી. આ

સંદર્ભમાં સ્વામી વિવેકાનંદે લખ્યું હતું : ''આપણી મા પોતાની દીર્ઘ ગાઢ નિદ્રામાંથી જાગૃત થઈ રહી છે, હવે એનો કોઈ સામનો કરી શકે તેમ નથી. હવે એ કદી પાછી ઊંઘી જવાની નથી કારણ કે એક વિરાટકાય અસ્તિત્વ પોતાના પગ ઉપર ઊભું થઈ રહ્યું છે.'' આ વિરાટકાય અસ્તિત્વ એ જ છે. જનચેતના પ્રજાની ચેતના જ્યારે જાગૃત થઈને પોકાર કરે છે ત્યારે તેને કોઈ અવરોધી શકતું નથી. જાગૃત જનચેતનામાં પ્રચંડ શક્તિ રહેલી છે. આ સંદર્ભમાં શ્રી અરવિંદ કહે છે : ''જેવી રીતે લાખોની સંખ્યામાં એકત્ર થયેલા અને સંકલ્પની એકતા પ્રાપ્ત કરેલા દેવોની શક્તિમાંથી મહિષાસુરમર્દિની ભવાની જેમ પ્રગટ થઈ તે પ્રમાણે પ્રજાની શક્તિ પણ ભવાની ભારતીને પ્રગટ કરે છે. ભારતના કરોડો માણસોની ચેતનાશક્તિનો બનેલો આ પ્રચંડ શક્તિપુંજ કે જેને આપણે ભારત કહીએ છીએ એ ભારતના ત્રીસ કરોડ લોકોની શક્તિની જીવંત એકતા છે. પણ આ શક્તિ અક્રિય છે, તમોગુણના જાદુઈ કારાગારમાં પુરાયેલી છે.'' પ્રજાના અંતરમાં રહેલી આ ચેતના શક્તિને જગાડવાની છે અને એ માટે આપણે તેનું આવાહ્‌ન કરવાનું છે.

સ્વામી વિવેકાનંદથી માંડીને શ્રી અરવિંદ, સુભાષચંદ્ર બોઝ, મહાત્મા ગાંધીજી વગેરે મહાપુરુષોએ તમોગુણના કારાવાસમાં પુરાયેલી આ જનચેતનાને ઢંઢોળી, જગાડી અને સક્રિય કરી, એટલે જ ભારતમાતા મુક્ત બની.

પરંતુ સૈકાઓની ગુલામીનો પ્રભાવ અને તમોગુણની પકડને પરિણામે મુક્તિ આંદોલનમાં સક્રિય બનેલી જનચેતના જાણે મુક્તિનું ધ્યેય મળી જતાં પાછી નિષ્ક્રિય બની ગઈ અને તેને પરિણામે ભારત સ્વતંત્ર તો થયું, પણ સાથે સાથે અનેક સમસ્યાઓથી ઘેરાઈ પણ ગયું. ભારતનું પવિત્ર ગણાતું રાજકારણ અનેક પ્રકારના કાવાદાવા, સ્વાર્થ, સત્તા લોલુપતા, સગાવાદ, ભ્રષ્ટાચાર જેવા દૂષણોથી ખરડાઈ ગયું.

સામાન્ય પ્રજા ગરીબી, બેકારી અને ભૂખમરાથી દબાઈ ગઈ. મુક્તિ આંદોલન વખતે જનચેતનામાં જે પ્રચંડ ભરતી આવી હતી, એમાં જાણે સાવ ઓટ થઈ ગઈ ! પણ આપણે નિરાશ થવાની જરૂર નથી. જનચેતના અત્યારે સુપ્ત બની છે પણ લુપ્ત નથી થઈ. હવે તે ફરીથી ધીરે ધીરે જાગૃત થઈ રહી છે, એની પ્રગતિ સમયે સમયે થતી રહે છે. હવે જાગી રહેલી જનચેતના જ સમગ્ર ભારતને એનાં ભૂતકાળનાં ગૌરવંતા સ્થાનને જરૂર પાછું અપાવશે એવી આપણે શ્રદ્ધા રાખીએ.

◈

## વિકાસની કેડી

દરેક મનુષ્યે અને દરેક પ્રજાએ મહત્તા પ્રાપ્ત કરવી હોય તો, ભલાઈમાં દૃઢ વિશ્વાસ રાખવો, અદેખાઈ અને અવિશ્વાસમાંથી મુક્તિ મેળવવી અને સારા થવાનો તેમ જ સારું કરવાનો પ્રયત્ન કરનાર દરેકને સાથ આપવાનો પ્રયાસ કરવો. વિકાસની આ કેડી છે.

*- સ્વામીશ્રી વિવેકાનંદ*

# ૩૩

# સાથી હાથ બઢાના

આજે મનુષ્યે અવકાશને આંબ્યું છે. સમુદ્રને નાથ્યો છે, ધરતી પર ગગનચુંબી ઈમારતો અને વિરાટકાય કારખાનાંઓ ઊભાં કર્યાં છે. પૃથ્વીના કોઈપણ ખૂણે પહોંચવું એ એના માટે રમતવાત બની ગઈ છે. વળી એક ક્ષણમાં જ તે પૃથ્વીના બીજા છેડે સંદેશો પણ મોકલાવી શકે છે ! ૧૮મી સદીનો કોઈ મનુષ્ય જો પૃથ્વી ઉપર જીવતો થાય તો તેને માટે પૃથ્વી આશ્ચર્યોની પરંપરા જેવી બની રહે ! એટલી હદે મનુષ્યે પૃથ્વીની કાયાપલટ કરી નાંખી છે.

પરંતુ આ બધી સિદ્ધિઓ શું રાતોરાત ચમત્કારની જેમ પ્રાપ્ત થઈ છે ? શું કોઈ એકાદ બે મનુષ્યોના પ્રયત્નોથી બની આવેલી આ સિદ્ધિ છે ? ના, બિલકુલ નહીં. આ બધું તો અસંખ્ય મનુષ્યોના એકધારા સહિયારા પુરુષાર્થનું પરિણામ છે. સમગ્ર માનવજાતિની સામૂહિક સાધનાનું પરિણામ છે. એકાદ બે પ્રતિભા સંપન્ન મનુષ્યોની બુદ્ધિ દ્વારા નવીન શોધખોળો સર્જાય છે. પણ એ શોધખોળોનો, માનવજાતિના વિકાસના ઉપયોગ માટે તો અસંખ્ય મનુષ્યોનો સાથ જરૂરી બને છે. એ સાથ દ્વારા જ અશક્ય અને મુશ્કેલ જણાતાં કાર્યો શક્ય અને સિદ્ધ બને છે. એકલો મનુષ્ય જો નાનકડું એવું મકાન બાંધે તો તેમાં વરસો લાગે, પરંતુ બીજા મનુષ્યોના સાથ સહકારથી જો કરે તો મહિનામાં પૂરું થઈ જાય છે. એટલે જ 'સાથી હાથ બઢાના' એમ કોઈ કવિએ ગાયું છે. ગુજરાતીમાં પણ કહેવત છે કે 'ઝાઝા હાથ રળિયામણા' એક હાથેથી જે મુશ્કેલ જણાય તે અનેક હાથોથી સહેલાઈથી થઈ શકે છે. એવાં અસંખ્ય દૃષ્ટાંતો આપણા રોજિંદા જીવનમાં પણ જોવા મળે છે.

જ્યારે મકાનનો સ્લેબ ભરાતો હોય ત્યારે છ-સાત મજૂરોની એક

સાંકળ બની, એકના હાથમાંથી તગારું બીજાના હાથમાં, ત્યાંથી ત્રીજાના, એમ માત્ર અર્ધી મિનિટમાં સામગ્રી સ્લેબમાં ઠલવાઈ જાય છે. પણ જો એક જ મજૂર કરે તો પાંચ મિનિટ લાગે અને તેને થાક પણ ખૂબ લાગે. પરસ્પરના સહકારથી થાક તો નથી લાગતો પણ કામ આનંદ રૂપ બની જાય છે. એવું જ હોડીમાં પણ બને છે. એક જ નાવિક જો હલેસાં મારે તો નદીપાર જતાં કલાકો નીકળી જાય પણ ત્રણ-ચાર સાથીઓ હલેસાં મારે તો ગણતરીની મિનિટોમાં નૌકા સામે પાર પહોંચી જાય છે.

'સાથી હાથ બઢાના' એ સામૂહિક શ્રમનું સૂત્ર છે. સામૂહિક શ્રમથી અશક્ય કાર્યો પાર પડે છે. કાર્ય ઝડપથી થાય છે. કાર્યમાં ઉત્સાહ રહે છે. સાથે મળીને કામ કરવાનું હોવાથી કંટાળો ને થાક જણાતાં નથી. ઊલટાનો આનંદ આવે છે. બધાં એક સાથે એક જ કામ કરતાં હોવાથી પરસ્પર પ્રેમ અને ભાઈચારાની લાગણી વધે છે. આથી વૈમનસ્યો ઓછાં થાય છે. એકબીજાને સમજવાની શક્તિ વધે છે. આંતરસૂઝ કેળવાય છે. બીજાને મદદ કરવાની ભાવના જાગૃત થતાં નિઃસ્વાર્થતા કેળવાય છે. હૃદય ઉદાર અને વિશાળ બને છે. મનની સંકુચિતતા દૂર થાય છે. સુમેળ અને સુસંવાદિતા સ્થપાતાં સમગ્ર વાતાવરણમાં કામ કરવાનો વિશેષ આનંદ મળે છે. એકબીજાના આધારે એકબીજાની હૂંફમાં કાર્યો કરતાં કરતાં સમગ્ર જીવન પણ હળવાં ફૂલ જેવું આનંદમય બની જાય છે.

'સાથી હાથ બઢાના' આ એક નાનકડું સૂત્ર પણ જો જીવનમાં અપનાવવામાં આવે તો જીવનની કલુષિતતાઓ દૂર થઈ જાય છે. વ્યક્તિને જીવન જીવવા જેવું લાગે છે. આથી કુટુંબ જીવનમાં કે સામાજિક જીવનમાં, રાષ્ટ્રમાં કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સાથીઓનો સહકાર અનિવાર્ય છે. સાથીઓની સહાયનો હાથ, પછી એ સહાય ધનથી હોય, મનથી હોય કે તનથી હોય કે શબ્દોથી હોય,પણ સાથીની સહાયનો લંબાયેલો એ હસ્ત પડેલાંને બેઠાં કરે છે. બેઠેલાંને ચાલતાં ને દોડતાં કરી લક્ષ્યાંકે પહોંચાડે છે.

# ૩૪

# સંબંધ

એક મનુષ્યનું બીજા મનુષ્ય સાથેનું જોડાણ એટલે સંબંધ. આ જોડાણ પાછળના હેતુઓ અનુસાર સંબંધનું સ્વરૂપ ઘડાતું હોય છે. કેટલાક સંબંધો જન્મજાત હોય છે. જે લોહીના સંબંધો છે જેવા કે માતાપિતા અને બાળકો વચ્ચેના સંબંધો, કેટલાક સંબંધો સગપણના આધારે રચાતા હોય છે. જેમ કે સાસુ-સસરાને પુત્રવધૂ. કેટલાક વ્યવહારથી ઉદ્ભવતા સંબંધો હોય છે. જેવા કે પડોશી સાથેના સંબંધો તો કેટલાક સંબંધો ધંધાદારી હોય છે. જેવા કે ગ્રાહકને વ્યાપારના સંબંધો, કેટલાક સંબંધો આધ્યાત્મિક રીતે ઉદ્ભવે છે જેવા કે ગુરુ-શિષ્ય વચ્ચેનો સંબંધ. આ રીતે જોતાં અનેક પ્રકારના સંબંધો ઉદ્ભવે છે.

મનુષ્ય સામાજિક પ્રાણી હોઈને તે એકલો રહી શકતો નથી. સમાજ સાથે સંકળાયેલો હોવાથી તે અનેક પ્રકારના લોકો સાથે સંપર્ક ધરાવે છે. પરંતુ મોટાભાગના સંબંધોની પાછળ કોઈ ને કોઈ પ્રકારનો સ્વાર્થ રહેલો હોય છે. ફક્ત એક જ સંબંધ એવો છે, જેમાં ક્યાંય સ્વાર્થની ગંધ પણ હોતી નથી. એ સંબંધ નિઃસ્વાર્થ, અહેતુક અને જીવનભરનો હોય છે, અને તે છે માતા અને બાળકનો પ્રેમ. પોતાનું બાળક ગમે તેવું હશે, પણ માતા કદી એનો તિરસ્કાર કરશે નહીં, એટલે જ કહેવાયું છે કે ''કુપુત્રો જાયેત ક્વચિદ્પિ કુમાતા ન ભવતિ.''

સ્વાર્થના પાયા ઉપર રચાયેલા સંબંધો ક્ષણજીવી હોય છે. સ્વાર્થ પૂરો થતાં સંબંધ પણ જાણે પૂરો થઈ જાય છે. પરંતુ નિઃસ્વાર્થ સંબંધો જીવનભર ટકી રહે છે. જેમ કે સાચા મિત્ર સાથેનો સંબંધ, શિષ્યનો સદ્ગુરુ સાથેનો સંબંધ. આ સંબંધોને જાળવવા પડતા નથી. તે સહજ

અને અતૂટ હોય છે. બાકી વ્યવહારના સંબંધોને નિભાવવા પડે છે.

સંબંધોની કડીને મજબૂત બનાવવા માટે પ્રેમ, ત્યાગ, સહિષ્ણુતા, ઉદારતા, ક્ષમા, ધીરજ અને નિઃસ્વાર્થ ભાવનાની જરૂર રહે છે. જેમના વ્યક્તિત્વમાં આ ગુણો રહેલા છે, તેમના સંબંધો જીવનભર ટકી રહે છે. એટલું જ નહીં પણ આવી વ્યક્તિના મૃત્યુ પછી પણ લોકો તેની સાથેનો પોતાનો સંબંધ વ્યક્ત કરવામાં ગૌરવ અનુભવે છે. જેઓ ફક્ત પોતાના જ લાભનો વિચાર કરે છે. તેવા લોકોના અન્ય સાથેના સંબંધોને સંસ્કૃત સુભાષિતમાં સૂર્યના પ્રકાશમાં પડતા પડછાયા સાથે સરખાવવામાં આવ્યા છે. શરૂઆતમાં પડછાયા ખૂબ લાંબા હોય છે, પણ જેમ સૂર્ય ઢળતો જાય છે, તેમ પડછાયા ટૂંકા થતા જાય છે. એ જ રીતે આવા સંબંધો શરૂઆતમાં ગાઢ જણાય પણ પછી ઉત્તરોત્તર આવા સંબંધો ઓછા થતાં આખરે છૂટી જતા હોય છે.

બધા જ પ્રકારના સંબંધોમાં એક સંબંધ અનોખો છે અને તે જ સર્વશ્રેષ્ઠ સંબંધ છે અને તે છે ભક્ત અને ભગવાનનો સંબંધ. ગીતાના ૧૨મા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે જેઓ મારામાં મનને જોડી રાખે છે અને બધાં કર્મો મને અર્પણ કરે છે તેમનો, હું આ મૃત્યુમય સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરું છું. ભક્ત અને ભગવાન વચ્ચેનો આ સંબંધ ભક્તને ભગવાનમય તો બનાવી દે છે પણ એથીય આગળ તે ભગવાનરૂપ પણ બનાવી દેવાની શક્તિ ધરાવે છે. એક વખત ભગવાન શ્રીરામે હનુમાનજીને પૂછ્યું, હનુમાન, તમે મારી સાથે ક્યા સંબંધથી જોડાયેલા છો ? ત્યારે હનુમાનજીએ કહ્યું હતું, પ્રભુ, મનુષ્ય રૂપે તો આપ મારા સ્વામી છો, હું આપનો દાસ છું, જીવ રૂપે હું આપનો અંશ છું અને તત્ત્વરૂપે જે આપ છો, તે જ હું છું.'' પ્રત્યેક મનુષ્યનો ભગવાન સાથેનો આ સાચો સંબંધ છે. જો એક વખત આ સંબંધ સ્થપાઈ જાય તો પછી જગતના બધા જ સંબંધો પણ એકમેવ સાથેના આત્મીય સંબંધો બની

જાય અને કટુતા, વેર, વૈમનસ્ય, દ્વેષને સ્થાને મધુરતા, સંવાદિતા, પ્રેમ અને ત્યાગ આવી જતાં જીવનની ગતિ આનંદમાંથી આનંદ પ્રત્યેની બની જાય.

◊

**માયા**

જીવ અને ભગવાનની વચ્ચે માયાનો પડદો છે. તે માયાનો પડદો ન ખસે ત્યાં સુધી જીવ અને ઈશ્વરનો ભેટો થાય નહિ. જેમ આગળ રામ, વચમાં સીતા અને પછવાડે લક્ષ્મણ. આ ઠેકાણે રામને ઈશ્વર અને લક્ષ્મણને જીવ એ રીતે સમજવા. બેની વચમાં સીતારૂપી માયાનું આવરણ. જ્યાં સુધી સીતાજી વચમાં હોય ત્યાં સુધી લક્ષ્મણજી રામચંદ્રજીને દેખી શકે નહિ. સીતાજી જરાક બાજુમાં ખસી જાય ત્યારે લક્ષ્મણજી રામચંદ્રજીને દેખી શકે.

માયા બે જાતની છે - વિદ્યા અને અવિદ્યા. તેમાં વળી વિદ્યામાયાનાં બે સ્વરૂપ છે, વિવેક અને વૈરાગ્ય. આ વિદ્યામાયાનો આશરો લઈને જીવ ભગવાનનું શરણ પામે છે. અવિદ્યા છ પ્રકારની છે : કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. અવિદ્યામાયા હું અને મારું એવું ભાન કરાવીને માણસોને બંધનમાં રાખે છે. પણ વિદ્યામાયાના પ્રકાશે જીવની અવિદ્યા તદ્દન નાશ પામે છે.

*- શ્રી રામકૃષ્ણ પરમહંસ*

# ૩૫

# જીવન એક યાત્રા

યાત્રા એટલે દેવ દર્શન, પવિત્ર નદીઓના જળમાં સ્નાન અને ધર્મ ધ્યાન કરવા માટે થતો પવિત્ર તીર્થસ્થળોનો પ્રવાસ. દરેક પ્રવાસ કંઈ યાત્રા બનતો નથી. પણ પ્રભુદર્શન માટે, શ્રદ્ધાપૂર્વક વ્રત, જપ-તપ સાથે તીર્થક્ષેત્રોની મુલાકાત માટે નીકળવું એ છે યાત્રા. યાત્રાની પાછળનો હેતુ માત્ર હરવા-ફરવા કે મોજમઝાનો હોતો નથી. પ્રભુદર્શન. મહાત્માઓનો સત્સંગ ધર્મ-દાન, પુણ્યની પ્રાપ્તિ અને પાપમાંથી મુક્તિ વગેરે હોય છે. યાત્રા સાથે ભક્તિ, સાધના, સેવા, ત્યાગ વગેરે સંકળાયેલાં હોય છે. આ તો આપણી ભૌતિક યાત્રાની વાત કરી. પણ જો આપણે આપણા જીવનની વાત કરીએ, તો જીવન પણ એક યાત્રા જ છે ને ?

જીવનને કવિઓ, લેખકો, જન્મથી મૃત્યુ સુધીની કે પારણાથી કબર સુધીની યાત્રા કહે છે. પરંતુ આ તો આપણા સ્થૂલ જીવનની યાત્રાની વાત થઈ. પણ જીવનની ખરી યાત્રા તો આત્માથી પરમાત્મા સુધીની યાત્રા છે. અસત્યમાંથી અમૃતત્ત્વ પ્રત્યેની આ યાત્રા અનોખી છે. આ તો જન્મજન્માંતરની યાત્રા છે. એ વણથંભી ચાલ્યા જ કરે છે. એક જીવનની સમાપ્તિ સાથે કંઈ આ યાત્રા સમાપ્ત થઈ જતી નથી. પરમાત્માના તેજોમય સ્વરૂપમાંથી છૂટો પડેલો તેમનો અંશ જીવાત્મા રૂપે અનેક જન્મોમાં ગતિ કરતો કરતો, પોતાની પ્રકૃતિનાં પોતે જાતે સ્વીકારેલાં બંધનોમાંથી મુક્ત થતો થતો, જ્યાં સુધી પોતાના મૂળ સ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી આ યાત્રા અવિરત ચાલતી રહે છે.

આમ તો પૃથ્વી ઉપર દેહ ધારણ કરીને આવેલા દરેક મનુષ્યના જીવનનો હેતુ અંતરમાં નિગૂઢ પણે રહેલા પરમાત્માનો સાક્ષાત્કાર

કરીને એમની દિવ્ય ચેતનાથી જીવનને પરિપૂર્ણ કરવાનો છે. સુખ-દુઃખના અનેક અનુભવોમાંથી પસાર થતી મનુષ્યની જીવનયાત્રા જાગૃતપણે કે અભાનપણે આ જ ધ્યેય પ્રત્યે ગતિ કરી રહેલી છે. જેઓ જાગૃત છે, જેમને પોતાના ગંતવ્ય સ્થાનની ખબર છે, તેમની અ: યાત્રાની ગતિ ખૂબ ઝડપી બને છે અને તેઓ માર્ગમાં આવતાં અનેક પ્રલોભનોથી અટવાયા વગર લક્ષ્ય પ્રત્યે દૃષ્ટિ સ્થિર કરીને આગળ વધતા રહે છે. અને લક્ષ્યાંક પ્રાપ્ત કરે છે. પરંતુ આવા મનુષ્યો બહુ જ ઓછા જોવા મળે છે. મોટા ભાગના મનુષ્યોને પૃથ્વી ઉપર જીવન ધારણ કરવાના હેતુની ખબર જ હોતી નથી. આવા મનુષ્યો વિષે શ્રીમાતાજી કહે છે કે, ''હેતુ જાણ્યા સિવાય જ તેઓ ભૌતિક દેહમાં આવે છે, હેતુ જાણ્યા વગર જ તેઓ જીવન જીવી જતા હોય છે. હેતુ જાણ્યા સિવાય જ તેઓ દેહત્યાગ કરી દેતા હોય છે. તેમને અનિશ્ચિત કાળ સુધી આમ વારંવાર કરવું પડે છે.'' પરંતુ આમ છતાં ઠોકરો ખાતાં ખાતાં, જાણ્યે અજાણ્યે પણ તેમની ગતિ લક્ષ્ય તરફ જ હોય છે. પરંતુ લક્ષ્ય સ્થાને પહોંચતા અસંખ્ય જન્મો વીતી જતા હોય છે.

આ યાત્રાને માઈલ કે કિલોમીટરમાં કંઈ માપી શકાતી નથી. આ પથ કેટલો લાંબો છે, એ પણ આગળથી જાણી શકાતું નથી. એની લંબાઈનો આધાર વ્યક્તિની પરમાત્માને પ્રાપ્ત કરવાની તીવ્રતમ ઝંખના, વ્યાકુળતા ઉપર રહેલો છે. આ સંદર્ભમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ ભક્તોને એક વાર્તા કહેતા : ''એક વખત નારદજી વૈકુંઠમાં જઈ રહ્યા હતા. તો વૃક્ષ નીચે બેસીને ભગવાનની આરાધના કરી રહેલા એક સાધુ મહાત્માએ કહ્યું : ''નારદજી, આપ જ્યારે પણ ભગવાનને મળો ત્યારે પૂછજો ને કે મને ક્યારે તેમનાં દર્શન થશે ?'' નારદજીએ કહ્યું : ''જરૂર પૂછી આવીશ. થોડું આગળ ચાલ્યા ત્યારે એક ભક્ત ભગવાનનું કીર્તન કરી રહ્યો હતો. તેણે પણ નારદજીને આ પૂછી લાવવા જણાવ્યું. ઘણા

વખત પછી નારદજી પૃથ્વી ઉપર પાછા આવ્યા અને પેલા સાધુ મહાત્માને કહ્યું કે ''ભગવાને કહ્યું છે કે હવે ચાર જન્મ પછી તને ભગવાન મળશે.'' આ સાંભળીને તે સાધુ ગુસ્સે થઈ ગયો કે આટ-આટલું તપ કરું છું, ભગવાનને ભજું છું, તોય ચાર જન્મ પછી મળશે ? કેવા નિષ્ઠુર છે ભગવાન ? આમ ગુસ્સે થવાથી તેના ચાર જન્મ લંબાઈ ગયા. બીજા ભક્તની આગળ જઈને નારદજીએ કહ્યું : ''ભગવાને કહ્યું છે કે 'સામે જે આ વૃક્ષ છે, તેના પાંદડાઓ જેટલા જન્મો પછી ભગવાન તને મળશે.'' એ ભક્તે 'ભગવાન તને મળશે' - એ જ વાતને મહત્ત્વ આપીને તે નાચવા લાગ્યો. આનંદથી કહેવા લાગ્યો ભગવાન તમે ખૂબ જ દયાળુ છો. તમે મને મળશો ને એ જ મોટી વાત છે ! એટલો બધો આનંદમાં આવી ગયો કે તેના બધા જ જન્મો કપાઈ ગયા અને એ જ ક્ષણે તેને સાક્ષાત્કાર થઈ ગયો !'' આ વાર્તા કહીને શ્રીરામકૃષ્ણ દેવ કહેતા કે ભગવાન માટે તીવ્રતમ વ્યાકુળતા હોય તો ભગવાન જલ્દી મળે છે.

બીજું, કે આ યાત્રાનો માર્ગ બહારનો નથી. એ માર્ગ અંદરમાં રહેલો છે અને દરેકનો એ માર્ગ અલગ અલગ છે. એ માર્ગ દરેકે પોતે જાતે જ શોધવાનો છે. અને એ માર્ગે પોતે જ ચાલવાનું છે. અલબત્ત આ માર્ગના પથપ્રદર્શકોની સહાય જરૂર મળે છે. જેમણે પોતાના અંતરમાં આ માર્ગ શોધી લીધો છે, એવા યોગીઓ, સંતો, મહાત્માઓનું માર્ગદર્શન આ યાત્રા પથને ટૂંકાવી દઈ શકે છે. જો આવું પ્રત્યક્ષ માર્ગદર્શન ન મળે તો આવી સાક્ષાત્કાર પામેલી વિભૂતિઓના અનુભૂત ગ્રંથો પણ માર્ગદર્શન આપી શકે છે. જો આ જીવનયાત્રામાં સાચા ગુરુ મળી જાય તો હસતાં-રમતાં લક્ષ્યાંકે પહોંચી શકાય છે.

ભૌતિક યાત્રામાં શરીરની સારસંભાળ લેવા માટે જેમ ભૌતિક વસ્તુઓની જરૂર પડે છે. તેમ આ યાત્રામાં આંતરિક વસ્તુઓની જરૂર

પડે છે. આંતરમન અને હૃદયને શક્તિ મળે તે માટે ભાથાની પણ જરૂર પડે છે અને તે છે અચલ શ્રદ્ધા અને અખૂટ ધીરજનું ભાથું. જો આ સાથે હશે તો આ કઠિન યાત્રાની બધી જ મુશ્કેલીઓને પ્રભુની પ્રેમાળ કૃપા આશીર્વાદમાં ફેરવી નાંખશે અને કૃપા પોતે જ યાત્રિકને પ્રભુ સમક્ષ દોરી જશે.

◈

## અમૃતબિંદુ

નીતિશાસ્ત્ર એટલે જીવનના વ્યાવહારિક ક્ષેત્રમાં ઊંચાં મૂલ્યોની સ્થાપના અને ધર્મશાસ્ત્ર એટલે પોતપોતાના સંપ્રદાયોમાં બનાવાયેલા રૂઢ આચારો, વ્રતો, નિયમો વગેરે.

અર્થશાસ્ત્ર કરતાં અધ્યાત્મશાસ્ત્રને અને નીતિશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્રને વધુ મહત્ત્વ આપીએ છીએ તેથી આપણે સમૃદ્ધિ - વિરોધી અધ્યાત્મ તથા નીતિ વિનાના ધર્મને જડબેસલાક વળગી રહ્યા છીએ. આપણે તથાકથિત ધાર્મિક પ્રજા તો છીએ પણ નીતિવાન નથી, કે બહુ ઓછા પ્રમાણમાં છીએ.

*- સ્વામી સચ્ચિદાનંદ*

# ૩૬

# પ્રસન્નતા

પ્રસન્નતા એટલે હોવાપણાની સભાનતા, કેમકે પ્રસન્નતામાં મૂળ શબ્દ છે, સત્ અને સત્ એટલે હોવું. આથી જ્યારે આપણે હોવાપણા પ્રત્યે સભાન બનીએ એટલે પ્રસન્નતા અનુભવીએ. હોવાપણાની સભાનતા એટલે આપણે આત્મા છીએ તેની જાગૃતિ. આ જાગૃતિ આવી એટલે પ્રસન્નતા આપોઆપ આવી જાય છે. એ કંઈ બહારથી મેળવવી પડતી નથી. સત્ શબ્દની આગળ પ્ર અને પાછળ તા ઉમેરવામાં આવ્યાં છે. એ અર્થને વધારે સઘન બનાવે છે. આત્મજાગૃતિ એ તો પ્રસન્નતાની સર્વોચ્ચ ભૂમિકા થઈ. એ સિવાય પણ કોઈ બાબત પ્રત્યે વ્યક્તિ સભાન બને ત્યારે તેને પ્રસન્નતા મળે છે. દા.ત. કોઈ વ્યક્તિને ખબર પડે કે તેને વારસામાં મળેલા રૂપિયાનો આંકડો કરોડ ઉપર જાય છે. તો મૂડી વિશે તે સભાન થયો એટલે તેને પ્રસન્નતા મળે છે. પરંતુ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ પ્રત્યેની સભાનતાને કારણે સર્જાતી પ્રસન્નતા કાયમી હોતી નથી.

સાચી પ્રસન્નતા એ તો આંતરિક સ્થિતિ છે. આત્મામાંથી પ્રગટતી સહજ સ્થિતિ છે. એ કોઈ ભૌતિક વસ્તુ કે મનુષ્ય આધારિત નથી. જ્યારે આત્મજાગૃતિ થાય છે, ત્યારે પ્રસન્નતા ચેતનાની એક સ્થિતિ બની જાય છે. આત્મસ્થિતિ સાથે એ જોડાયેલી હોવાથી તે સ્થાયી છે. બહારથી આવેલી કોઈ વસ્તુ હોય તો તે ચાલી જાય. પણ આંતરિક સ્થિતિ સાથે જકડાયેલી હોય તો પછી આવાગમનનો પ્રશ્ન જ રહેતો નથી. એ ત્યાં હોય છે જ માત્ર એ સ્થિતિએ પહોંચવું જોઈએ.

એ સ્થિતિએ કેવી રીતે પહોંચી શકાય ? તો એ સ્થિતિએ પહોંચવા

માટે સહુ પ્રથમ તો સદાય પ્રસન્નચિત્ત રહેવાની અંતરમાં ઈચ્છા જાગવી જોઈએ. આ સુખ અને દુઃખના ચક્રાવામાંથી બહાર નીકળવાની તીવ્રતમ ઇચ્છા જાગવી જોઈએ. એ પછી અંતરમાં કબજો જમાવીને બેસી ગયેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષા, રાગ, અહમ્ - આ બધા જે પ્રસન્નતાનો ભ્રમ ઊભો કરીને અથવા તો ક્ષણિક પ્રસન્નતાનો આસ્વાદ કરાવીને વિષાદની દુનિયામાં ધકેલી દે છે કે પછી જેમાંથી બહાર નીકળવું અત્યંત મુશ્કેલ બની જાય છે. દા.ત. કોઈ ઉપર ગુસ્સો કર્યો, એથી પોતાનો અહંકાર સંતોષાતાં એ વ્યક્તિ પ્રસન્નતા અનુભવે છે. પણ પછી તેનું પરિણામ ચિંતા અને ઉદ્વેગમાં આવે છે, એ વ્યક્તિ સાથે કાયમી વેર બંધાઈ જતાં ચિત્તમાં અશાંતિ ઊભી થાય છે. આ સાચી પ્રસન્નતા નથી. એ તો પ્રતિક્રિયામાંથી સર્જાતો આનંદનો ક્ષણિક ઊભરો છે કે જે શમી જતાં એની પાછળ દુઃખની બળતરા રહેલી જ છે. પ્રસન્નતા તો હંમેશાં મનુષ્યને ઊંચે લઈ જાય છે. તેને વધારે વિશાળ બનાવે છે. સાચી પ્રસન્નતા સાથે શાંતિ જડાયેલી છે. પ્રસન્નચિત્ત મનુષ્ય ગમે તેવી પરિસ્થિતિમાં ક્યારેય વિક્ષુબ્ધ થતો નથી. પ્રસન્ન અને શાંતચિત્ત હોવાથી ગમે તેવી મુશ્કેલીઓનો ઉકેલ પણ તે મેળવી લે છે. ભગવત્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :

પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે।

પ્રસન્તાથી જ બુદ્ધિ સ્થિર થાય છે. બુદ્ધિ અનેક દિશાઓમાં ફંટાતી ન હોવાને પરિણામે તે લક્ષ્ય પ્રત્યે એકાગ્ર બને છે અને તેથી લક્ષ્ય પ્રાપ્તિ ઝડપથી થાય છે.

પ્રસન્નતા એટલે પ્રભુની સમીપતા. પ્રસન્નચિત્ત વ્યક્તિ જ પ્રભુની સમીપ ઝડપથી જઈ શકે છે. સ્વામી વિવેકાનંદ પણ કહે છે, તમે જેટલા વધુ પ્રસન્નચિત્ત રહેશો એટલા વધુ ઝડપથી પ્રભુની સમીપ જઈ શકશો. આમ પ્રસન્નતા એ પરમાત્માની સમીપ લઈ જનાર, મનુષ્યને

સંસારનાં દુઃખોમાંથી ઊંચે ઉઠાવનાર અને સંસારનાં કષ્ટોને હળવાં કરનાર દિવ્ય જડીબુટ્ટી છે. પરમાત્માએ પ્રત્યેક મનુષ્યને આ જડીબુટ્ટી આપેલી જ છે. પણ મનુષ્યને એની ખબર નથી, એટલે તે તેને શોધવા બહાર ભટકે છે. પણ બહારથી તે ક્યારેય પ્રસન્નતા મેળવી શકતો નથી. પણ મનને સ્થિર કરીને જો અંતરમાં વળે, તો જ આ દિવ્ય જડીબુટ્ટી મળે છે. એનાથી તેનું પોતાનું જીવન તો પ્રસન્ન મધુર બને જ છે, પણ તેના સંસર્ગમાં આવનાર સર્વ કોઈનું જીવન પણ પ્રસન્ન મધુર બને છે.

◊

## સાધનામાં વિધ્ન

પૈસાનું અભિમાન કરવું નહિ. જો તમે માનતા હો કે તમે પૈસાદાર છો તો યાદ રાખજો કે દુનિયામાં વધારે ને વધારે પૈસાદાર માણસો પડ્યા છે. સાંજને વખતે આગીઓ દેખાય છે, તે મનમાં માને કે હું જ આ જગતને અજવાળું આપું છું, પણ તારા દેખાય છે કે તેનું અભિમાન ચાલ્યું જાય છે. અને તારાઓના મનમાં થાય કે અમે જ જગતને અજવાળું આપીએ છીએ. પણ થોડીવારમાં ચંદ્રમા ઊગે છે એટલે તારાઓ લજવાઈ જઈ ઝાંખા થઈ જાય છે. ચંદ્રમાના મનમાં થાય કે મારા પ્રકાશને લીધે જગત હસતું હોય એવું દેખાય છે પણ જોતજોતામાં સૂરજ ઊગે છે ત્યારે ચંદ્રમા તેજ વગરનો થઈ જાય છે, અને થોડીવાર પછી દેખાતો પણ નથી. પૈસાદાર કદી એવો વિચાર કરે તો તેને પૈસાનો અહંકાર રહેતો નથી.

*- શ્રી રામકૃષ્ણ પરમહંસ*

# ૩૭

# સાહજિકતા

સાહજિકતા એટલે આંતરચેતનામાં જીવવું. પુષ્પનું ખીલવું, સુગંધ પ્રસરાવવી, નદીનું વહેવું, સૂર્યનું ઊગવું અને પ્રકાશ આપવો, ચંદ્રની ચાંદનીની શીતળતા વહાવવી. આ બધું કેટલું સહજ છે ! એમાં કોઈ દેખાવ કરવામાં આવતો નથી. ઢોલનગારાં પીટીને તેની જાહેરાત કરવામાં આવતી નથી. છતાં બધાં જ કાર્યો પ્રકૃતિમાં યોગ્ય સમયે ઉત્તમ રીતે થતાં હોય છે ! કેમકે પ્રકૃતિમાં બધું સહજ છે. એટલે જ સુંદર છે, એટલે જ સદાય તાજગીસભર છે. એવું જ નાના બાળકનું પણ છે. નાના બાળકનું હસવું, રમવું, રડવું બધું જ સહજ હોવાથી બાળક સહુને ગમે છે. જ્યાં સહજતા છે ત્યાં નિર્દોષતા છે, ત્યાં પવિત્રતા છે અને સુંદરતા પણ ત્યાં જ છે.

પરંતુ મનુષ્ય જેમ જેમ મોટો થતો જાય છે, તેના મનનો વિકાસ થતો જાય છે, તેમ તેમ તે બાહ્ય રીતે જીવન જીવતો હોવાથી તેની આંતર ચેતના સાથેનો સંબંધ છૂટી જાય છે અને તે પોતાની સાહજિકતા ગુમાવી દે છે. જ્યારે મનુષ્ય અસત્યનું આચરણ કરતો થઈ જાય છે. ત્યારે સાહજિકતા ચાલી જાય છે. દંભ, દેખાવ, બીજાને સારું લગાડવાની વૃત્તિ, પોતાની જાતને છાવરવાની વૃત્તિ, મિથ્યાભિમાન, આપ-વડાઈ, આત્મશ્લાઘા - આ બધાને લઈને મનુષ્યનું જીવન સહજ - સરળ - શાંત અને સ્વસ્થ રહી શકતું નથી. નિમ્ન જગતનું માત્ર એક જ પરિબળ મનુષ્યમાં આવી જાય તો ધીમે ધીમે એના બધા જ સાથીદારો પણ એની અંદર ઘૂસીને તેનો કબજો લઈ લે છે. ઉદાહરણ રૂપે લઈએ તો માત્ર દેખાવ કરવાની વૃત્તિ જો મનુષ્યમાં આવે તો તે પોતે હોય તેના કરતાં સારો દેખાવાનો પ્રયત્ન કરવામાં અસત્યનો આશ્રય લે છે. અસત્ય

આવતાં ભય આવે છે, ભયથી ગુસ્સો ને ગુસ્સાથી અવિવેક અને અવિવેકથી વેર ઊભું થાય છે. શાંતિ ચાલી જાય છે, આમ તે પતનને નોતરે છે. જીવન બરબાદ થઈ જાય છે. આ માટે માણસે એકદમ સજાગ રહેવું જોઈએ. નિમ્ન પરિબળોને લઈને તે પોતાની સાચી ચેતનાથી ક્યાંય દૂર ફેંકાઈ જાય છે. એકવાર પણ દંભ જુઠ્ઠાણાં કે દેખાવનો આશ્રય લેવામાં આવે તો મનુષ્ય સાહજિકતાને ગુમાવી દે છે. પછી તે જીવનભર પ્રાપ્ત કરી શકતો નથી.

સાહજિકતા એટલે પ્રભુની સાથેનું સીધું અનુસંધાન. એ જ મનુષ્ય સર્વ સ્થિતિમાં સર્વ સમયે સાહજિક રહી શકે કે જેણે પોતાના આંતર સત્યને પ્રાપ્ત કરી લીધું છે. જેણે પોતાના અહંકાર ઉપર વિજય મેળવી લીધો છે.

પરમાત્મા સાથેનો સાચો સંબંધ સ્થાપી લીધો છે. જેના મનના ભેદ ઓગળી ગયા છે. એ જ મનુષ્ય સાચી સાહજિકતા પ્રાપ્ત કરી શકે, એ જ મનુષ્યનું જીવન સ્ફટિક જેવું પારદર્શક બની શકે. કેમકે એને પછી કોઈ દેખાવ કરવાનો રહેતો નથી. એ જે હોય છે, તે જ છે. એને જે કરવાનું છે. તે જ તે કરે છે. તેમાં બીજું કોઈ હોતું જ નથી. આથી જ જેમણે પોતાના આત્માને, પોતાના જીવનસત્યને પ્રાપ્ત કરી લીધું છે, એવા સંતો અને યોગીઓનાં જીવન સહજ અને અત્યંત સરળ હોય છે. એમનાં વાણી અને વ્યવહાર એક જ હોય છે. પછી તે શ્રીરામકૃષ્ણ પરમહંસ હોય કે સંત કબીર હોય કે રામાનુજાચાર્ય હોય. આવા સંતો જ મનુષ્યોના અહંકારના પરદાને હટાવીને તેમને અધ્યાત્મના સહજ માર્ગે દોરી શકે.

સાહજિકતા પ્રાપ્ત કરવા માટે મનુષ્યે પોતાની અંદર ચાલતી ગતિવિધિઓનું સતત નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. નિમ્નવૃત્તિઓને પોતાની અંદરથી હાંકી કાઢવી જોઈએ. ખાસ તો પોતાની જાતને

છાવરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. સાહજિકતામાં ક્યાંય ભાર નથી હોતો. સાહજિક જીવન તો છે પુષ્પની જેમ વિકસતું અને સમુદ્રને મળવા જતી નદીની જેમ પરમાત્મા તરફ અવિરત ગતિ કરી રહેલું આનંદમય જીવન.

◊

## સાધનામાં સહાય

સહન કરવાના ગુણની હારનો બીજો કોઈ ગુણ નથી. જે સહે તેજ રહે, જે ન સહે તે મરે. બધા અક્ષરોમાં 'સ' ત્રણ - 'શ', 'ષ' અને 'સ'.

સહન કરવાના ગુણ જેવો બીજો એકે ગુણ નથી. બધામાં સહન કરવાના ગુણ જોઈએ. જેમ લુહારની કોઢમાં એરણ ઉપર ભારે ભારે હથોડાના ઘા પડે પણ તે જરાપણ હાલતી નથી, તે પ્રમાણે બુદ્ધિ એરણના જેવી સ્થિર રાખવી, જેને ઠીક પડે તે બોલે અને ઠીક પડે તે કરે, પણ તે બધું સહન કરી લેવું જોઈએ.

*- શ્રી રામકૃષ્ણ પરમહંસ*

# ૩૮

# વાસ્તવિકતા

વાસ્તવિકતા એટલે સાચી પરિસ્થિતિ. જે અસ્તિત્વમાં છે તે નક્કર વસ્તુ. સામાન્ય રીતે મનુષ્ય મનની ભ્રમણાઓ, ખ્યાલો, પૂર્વગ્રહો, માની લીધેલી માન્યતાઓમાં જીવતો હોવાથી વાસ્તવિકતાનું દર્શન કરી શકતો નથી. ઘણીવાર જાણવા છતાં પણ વાસ્તવિકતા સ્વીકારી શકતો પણ નથી. કેમકે તેને ખ્યાલોમાં રાચવું ગમતું હોય છે. ભૌતિક સ્તર પર વાસ્તવિકતા એટલે જે નક્કર છે તેનો સ્વીકાર. પરંતુ આધ્યાત્મિક સ્તર પર વાસ્તવિકતા એટલે મનથી પર જે સત્ય રહેલું છે તે.

ઋષિઓએ પોતાના આંતરચક્ષુથી જે સત્યદર્શન કર્યું એમણે જે વાસ્તવિકતા જોઈ, અનુભવી અને તેનું નિરૂપણ તેમણે વેદ-ઉપનિષદ્, ષડ્દર્શનોમાં કર્યું- एकोऽहम् बहुस्याम्। હું એક જ છું, પણ અનેક રૂપે થયો છું. એ પરમતત્ત્વ એક જ છે. એ જ સાચી વાસ્તવિકતા છે. એ સર્વમાં સર્વત્ર વ્યાપીને રહેલું છે. પરંતુ એ જુદા જુદા રૂપે ભાસે છે. અજ્ઞાનમય મન માયાના આવરણથી આચ્છાદિત થઈને જે જગતને જુએ છે, એ વાસ્તવિકતા નથી, એ ભ્રમણા છે. એ અજ્ઞાન છે. એ આવરણ છે. જે માયાનો પરદો છે, એ આવરણ દૂર થતાં જે દેખાય તે છે સાચી વાસ્તવિકતા. નરસિંહ મહેતા જેવા કોઈ વિરલાઓ કે જેમણે તપશ્ચર્યા અને સાધના કરી મનના અજ્ઞાનમય પરદાને હટાવી દઈને જે વાસ્તવિક રૂપ જોયું છે, તેઓ જ પછી કહી શકે કે 'નામ રૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે'.

આદ્ય શંકરાચાર્ય તો કહે છે કે બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા એટલે કે આ જે જગત દેખાય છે, તે વાસ્તવિક નથી. એ તો માત્ર આભાસ છે.

વાસ્તવિક તો માત્ર બ્રહ્મ એટલે કે પરમતત્ત્વ જ છે. પરંતુ જેમ અજ્ઞાનને લઈને મનુષ્યને દોરડામાં સાપ દેખાય છે. એમ જ અજ્ઞાનને લઈને મનુષ્ય એક જ પરમતત્ત્વને બદલે આ માયામય જગતમાં અનેક રૂપો જુએ છે અને એ રૂપોને સાચાં માને છે. પરંતુ દોરડાને સાપ માનીને ભયભીત થનાર મનુષ્યને કોઈ ટોર્ચ આપીને બતાવે કે જો આ સાપ નથી, પણ દોરડું છે, ત્યારે તેને વાસ્તવિકતાનું ભાન થાય છે. એ જ રીતે કોઈ સદ્ગુરુ કે સિદ્ધયોગી અજ્ઞાનવશ મનુષ્યને જ્ઞાનરૂપી ટોર્ચ આપીને બતાવે કે જુઓ તમે જેને સાચું માનો છો, તે આ જગત નથી. સાચું તો આ એક અને અદ્વિતીય એવું પરમતત્ત્વ પોતે જ છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ આ વિષે એક દૃષ્ટાંતકથા કહેતા કે નાની બહેન રમતી હતી. અને ત્યાં સિંહનું મહોરું પહેરીને ભાઈ ચાર પગે ચાલતો આવ્યો તેથી બહેન ડરી ગઈ અને ભયભીત થઈને દોડવા લાગી. તેણે માની લીધું કે આ સાચો સિંહ છે. પણ જ્યારે ભાઈએ મહોરું ઉતારી નાંખ્યું, કે તે જ ક્ષણે એનો ડર ચાલ્યો ગયો કેમકે એને થયું કે 'આ સિંહ નથી. આ તો મારો ભાઈ છે.' તે જ્યાં સુધી જાણતી નહોતી ત્યાં સુધી તેને ડર હતો. જ્ઞાન થતાં જ ડર ચાલ્યો ગયો. જ્યાં સુધી આપણે અજ્ઞાનમાં ભ્રમણામાં જીવીએ છીએ, ત્યાં સુધી દુઃખ છે, ભય છે. ચિંતા છે. પણ અજ્ઞાનનું મહોરું દૂર થઈ જાય અને સાચી વાસ્તવિકતાની ખબર પડે ત્યારે પછી માત્ર આનંદ જ રહે છે.

શ્રી અરવિંદ કહે છે, 'કેવલ સત્ એ જ સાચી વાસ્તવિકતા છે. કેમકે એ પોતે જ પોતાની મેળે હસ્તીમાં રહેતું એવું પરમતત્ત્વ છે. એ શાશ્વત છે. એ અનંત છે. એ વ્યાખ્યાતીત છે. તે સ્થળના વિસ્તારમાં અટવાયેલું નથી. તે રૂપ, ગુણ અને પરિણામથી પર છે. એ કેવલ પોતે જ છે. એક માત્ર અને અનન્ય આ કંઈ માત્ર વિચાર નથી પણ હકીકત છે. વિશ્વની સહુથી વધુ મૂળ એવી વાસ્તવિકતા છે.

પરંતુ આ વાસ્તવિકતાનું દર્શન આપણે આપણી આ બાહ્યદષ્ટિથી ક્યારેય કરી શકતાં નથી. કઠોપનિષદ્‌માં જેમ કહ્યું છે કે આપણી ઈન્દ્રિયો તો બહારનું જ જુએ છે. પણ કોઈ કોઈ વિરલાઓ આ ઈન્દ્રિયોને અંતરમાં વાળીને હૃદયમાં એકાગ્રતા કરે તો તેમને આ પરમતત્ત્વની અનુભૂતિ થાય છે. અંતરમાં રહેલું એ પરમતત્ત્વ પછી તો સર્વત્ર વ્યાપેલું પરમતત્ત્વ અને એનાથી પર રહેલું પણ એ તત્ત્વ એ બધું એકરૂપ જ બની જાય છે. એ જ છે સાચી વાસ્તવિકતા.

◊

## સાધનામાં વિઘ્ન

ગાયના ધણમાં બીજું કોઈ જનાવર આવે તો બધી ગાય ભેગી થઈ તેને શીંગડે ચડાવીને મારી કાઢે છે, પણ ગાય આવે તો એક બીજીને ચાટે છે. તેવી જ રીતે ભક્તની સાથે ભક્તનો ભેટો થાય તો એકબીજા સાથે ધર્મની વાતો કરી ખૂબ આનંદ કરે છે, અને એકબીજાથી તરત છૂટા પડવાનું તેમને મન થતું નથી. પણ જો કોઈ ઊલટા ગુણવાળો માણસ આવી પડે તો તેઓ તેની સાથે ભળતા નથી.

*- શ્રી રામકૃષ્ણ પરમહંસ*

## ૩૯

# મૃત્યુ

જીવનમાં સહુથી નિશ્ચિત ઘટના હોય તો તે છે મૃત્યુ. અફર, નિશ્ચિત અને જન્મેલા દરેકને માટે અનિવાર્ય. તેમ છતાં તે સહુથી અનિશ્ચિતમાં અનિશ્ચિત પણ છે. કેમકે એ ક્યારે આવશે, તે કહી શકાતું નથી. વળી તેમાં શું થાય છે, અને પછી શું થાય છે, એ પણ જાણી શકાતું નથી એટલે મૃત્યુ મનુષ્યને ભયભીત કરી મૂકે છે. મૃત્યુ શા માટે છે ? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઊઠે છે. એ સંદર્ભમાં જોઈએ તો મૃત્યુ એટલે દેહનો વિલય, મૃત્યુ એટલે પંચમહાભૂતનું વિસર્જન. મૃત્યુ એટલે આત્માની ઘર બદલવાની પ્રક્રિયા. જીવન સાથે મૃત્યુ એ અનિવાર્યપણે સંકળાયેલી ઘટના ભલે હોય, તેમ છતાં મૃત્યુથી કંઈ જીવનની સમાપ્તિ થઈ જતી નથી. જીવન તો અનંત છે. શાશ્વત છે. આત્મા સાથે સંકળાયેલું છે. અને આત્માને કદી ક્ષય નથી. વિકાર નથી અને મૃત્યુ પણ નથી. ગીતામાં કહ્યું છે તેમ આત્મા વસ્ત્રોની માફક પોતાનાં ક્લેવરો બદલતો રહે છે. તે પોતે તો શાશ્વત છે, નિત્ય અજર અમર છે. આત્માને જર્જરિત, રોગિષ્ટ, વૃદ્ધ ક્લેવરો ગમતાં નથી એટલે કે નવા નવા દેહ ધારણ કરે છે. અને દરેક દેહના વિવિધ અનુભવોનો આસ્વાદ કરતો કરતો પોતાની પરમાત્મા પ્રત્યેની યાત્રાને આગળ ધપાવતો રહે છે.

મૃત્યુ શા માટે અનિવાર્ય છે ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રીમાતાજીએ જણાવ્યું હતું કે શરીર જડપદાર્થનું બનેલું છે, એ શરીર સતત પ્રગતિ કરી રહેલી વૈશ્વિક ચેતના સાથે અમુક સમય પછી ગતિમાન રહી શકતું નથી. એ પાછળ રહી જાય છે. સતત પ્રગતિની કૂચમાં શરીરનો ઘાટ બંધનકારક બની જતો હોવાથી એણે વિલય પામવું જ પડે છે. આકારોના આ વિલયને જ શ્રીમાતાજી મૃત્યુ કહે છે. અત્યારના શરીરની પ્રકૃતિ જોતાં મૃત્યુ અનિવાર્ય છે. પરંતુ જો શરીર

વધારે ગ્રહણશીલ, વધારે મુલાયમ અને વૈશ્વિક ચેતનામાં આવતાં પરિવર્તનોની સાથે પોતાનામાં પણ પરિવર્તન પામવાની શક્તિ ધરાવે, તો પછી આ શરીર રૂપી આકારોનો વિલય અનિવાર્ય નહીં બને. એટલે કે મૃત્યુ અનિવાર્ય નહીં બને પરંતુ એ માટે આ સ્થૂલદેહમાં રહેલું સમગ્ર દ્રવ્ય બદલાવું જોઈએ. આ સ્થૂલદેહના એક એક કોષમાં પરમાત્માની પૂર્ણચેતના કાર્યરત હોવી જોઈએ. અત્યારે મનુષ્યના શરીરને ચલાવનાર શક્તિ તે મનની અને પ્રાણની છે. આ શક્તિઓને સ્થાને પરમાત્માની પૂર્ણશક્તિ કાર્ય કરતી હોવી જોઈએ. જ્યારે આ પૂર્ણશક્તિ મનુષ્યમાં કાર્ય કરતી થાય છે, ત્યારે મનુષ્યનું સામાન્ય મન જ્યોર્તિમય બની જાય છે. મનુષ્યની પ્રાણશક્તિ પ્રભુના સંકલ્પ સ્વરૂપ બની જાય છે અને દેહ દિવ્ય બની જાય છે. આત્મા પોતે જ આવા દિવ્ય દેહનું સર્જન, કોષોના સંગઠન દ્વારા કરશે અને જ્યારે પૃથ્વી ઉપરનું પોતાનું કાર્ય પૂરું થશે, ત્યારે કોષોનું વિર્સજન પોતાની જાતે કરીને પ્રકાશમય લોકમાં ચાલ્યો જશે. એટલે કે અત્યારે એકાએક ઓચિંતું મૃત્યુ આવી પડે છે. તેવું એ દિવ્ય માનવજાતિમાં નહીં હોય.

શ્રીઅરવિંદ કહે છે કે ઉત્ક્રાન્તિના ક્રમ પ્રમાણે વાંદરામાંથી જેમ મનુષ્ય આવ્યો, તેમ હવે મનુષ્યમાંથી અતિમાનવ સર્જાશે. વાંદરા કરતાં જેમ મનુષ્યનો દેહ વધારે કમનીય, મુલાયમ અને સુંદર છે, તેમ મનુષ્ય કરતાં અતિમાનવનો દેહ પણ વધારે કમનીય, મુલાયમ, સુંદર હશે. એ દિવ્ય દેહ તેજોમય હશે, હળવો, નમનીય અને સ્થિતિ સ્થાપક હશે. એવા દિવ્ય દેહમાં ઘસારો નહીં હોય, રોગ નહીં હોય, અવસ્થા નહીં હોય અને મૃત્યુ પણ નહીં હોય. એવા દિવ્યદેહવાળું દિવ્યજીવન એ માનવ જાતિનું ઉજ્જ્વળ ભવિષ્ય છે. પરંતુ એ ભવિષ્યને સાકાર કરવા માનવજાતિએ મનથી ઉપરની અતિમનસ ચેતના કે જે ભગવાનની પૂર્ણ ચેતના છે, તેને પોતાની અંદર, પોતાના સર્વ ભાગોમાં કાર્યરત કરવી પડશે, અને ત્યારે જ મૃત્યુમુક્ત જીવન બનશે.

# ૪૦
# યોગ

મનુષ્ય જીવન અદ્‌ભુત છે. કોઈ પણ યોનિ સાથે તેની તુલના ન કરી શકાય એટલું એ ભવ્ય છે. તે એટલા માટે કે પરમાત્માનો પોતાનો તેજોમય અંશ મનુષ્યોમાં રહેલો છે અને તે અંશને મનુષ્ય જાણી શકે છે. અનુભવી શકે છે અને પોતાના જીવનમાં પ્રગટ પણ કરી શકે છે. આવી શક્યતા બીજી કોઈ યોનિઓમાં નથી. દેવોને પણ જો પોતાના દ્વારા પ્રભુને અભિવ્યક્ત કરવા હોય તો તેમને મનુષ્યદેહ ધારણ કરવો પડે. પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધારણ કરવાનો એક માત્ર ઉદ્દેશ જો હોય તો તે છે પરમાત્માને - જે અંતરમાં રહેલા છે, તેને જાણવા-તેના મય બની રહેવું. અને તેમને પોતાના રોજિંદા જીવનમાં પ્રગટ કરવા.

જીવનનો આ એક માત્ર ઉદ્દેશ કેવી રીતે સિદ્ધ કરી શકાય ? આ ઉદ્દેશ સિદ્ધ કરવા જે આચારસંહિતાઓ આપવામાં આવી છે, તેને આપણે યોગ સાધના કહીએ છીએ. યોગ એટલે જોડાણ. પ્રભુ સાથેનું જોડાણ એટલે યોગ સાધના. પછી આ સાધના પ્રભુનું ચિંતન, મનન, ધ્યાન કરવાની હોય તો તે બને છે જ્ઞાનની સાધના. પછી તે નામ-જપ, સંકીર્તન, પૂજા, ઉપાસના દ્વારા થતી હોય તો બને છે. ભક્તિયોગ અને જો તે પ્રભુને માટે નિઃસ્વાર્થ કાર્ય દ્વારા થતી હોય તો તે બને છે કર્મયોગ. માર્ગ ભલે જુદા જુદા હોય પણ લક્ષ્ય એક જ છે, અને તે છે પરમાત્માની પ્રાપ્તિ. આ યોગસાધના સંસારની વચ્ચે રહીને થઈ શકે છે. એ માટે જંગલમાં જવાની જરૂર નથી. દૈનંદિન કાર્યો કરતાં કરતાં પ્રભુનું ચિંતન, ભક્તિ અને તેમના માટે નિઃસ્વાર્થ કાર્યો કરી શકાય છે.

શ્રી અરવિંદ કહે છે કે યોગ વગર મનુષ્ય બીજાં અલ્પાયુષી

જંતુઓની પેઠે કાદવ-કીચડમાં ચાલનારું પ્રાણી જ બની રહે છે. યોગ મનુષ્યને જાગૃત કરે છે. તેના અંતરાત્મામાં મૂકી આપે છે. યોગ અસત્યમાંથી સત્યમાં, અશક્તિમાંથી શક્તિમાં, દુઃખ અને શોકમાંથી આનંદમાં, બંધનમાંથી મુક્તિમાં, મૃત્યુમાંથી અમરતામાં, અંધકારમાંથી પ્રકાશમાં, અપૂર્ણતામાંથી પૂર્ણતામાં, ભેદોમાંથી એકતામાં અને માનવીની ચેતનામાંથી ભગવાનની દિવ્યચેતનામાં મનુષ્યને લઈ જાય છે. યોગ મનુષ્યને ક્ષુદ્ર પ્રાણીમાંથી પ્રભુની ચેતના ધારણ કરનાર પ્રભુનો દિવ્ય પ્રતિનિધિ બનાવે છે. આમ યોગસાધનાથી મનુષ્યને અહંકાર નહીં પણ ભગવાન, અજ્ઞાન નહીં પણ દિવ્યજ્ઞાન, નિર્બળતા, કલહ, સંઘર્ષ નહીં, પણ શક્તિ, સંવાદિતા અને શાંતિ પ્રાપ્ત થાય છે.

યોગ દ્વારા મનુષ્યની ચેતનાના વિશાળ પ્રદેશો જે સામાન્ય ભૌતિક મન જોઈ શકતું નથી, તે ખુલ્લા થાય છે. એ પ્રદેશોની દિવ્યશક્તિઓ મનુષ્યમાં ઊતરી આવે છે. એ શક્તિઓનો દિવ્યકાર્યો માટે મનુષ્ય ઉપયોગ પણ કરી શકે છે. યોગ દ્વારા સૂક્ષ્મ જગતના રહસ્યોને જાણી શકાય છે. યોગ દ્વારા જ મનુષ્યની સામાન્ય ચેતના વૈશ્વિક ચેતના સાથે એકરૂપ બનતાં તે પોતે જાણે વિરાટ ચૈતન્યનો એક અંશ હોય એવું અનુભવે છે. જેમ જેમ વૈશ્વિક ચેતના સાથે તેનું તાદાત્મ્ય વધતું જાય છે. તેમ તેમ નિમ્ન પ્રકૃતિની તેના પરની પકડ છૂટતી જાય છે. અને પરમાત્માની દિવ્ય પ્રકૃતિ સાથેની એકરૂપતા વધતી જાય છે. આમ પરમાત્માની દિવ્ય પ્રકૃતિ એટલે પ્રેમ, જ્ઞાન, આનંદ, શક્તિ અને સંવાદિતા. આ બધાંથી સભર જીવન એટલે દિવ્ય જીવન. આ દિવ્ય જીવન એ જ સાચું જીવન છે. એ જ પરમાત્મા સાથેનું જીવન છે.

શ્રીમાતાજી કહે છે કે 'જીવનમાં પ્રયત્ન કરવા જેવી એકમાત્ર વસ્તુ આ જ છે. હું મારા અંગત અનુભવ પરથી કહું છું કે પોતાની અંદર ભાગવત્ સંકલ્પની સતત અભિવ્યક્તિ કરનાર વ્યક્તિ બનવું એ જ

પ્રયત્ન કરવા જેવી વસ્તુ છે. આખી દુનિયામાં એનાથી રસપ્રદ બીજી કોઈ બાબત જ નથી. જો તમે આ પ્રયત્ન કરવો શરૂ કરશો, તો તમને જણાશે કે તમારું જીવન રસથી ભરેલું છે. સામાન્ય માણસની જિંદગીનો ઓછામાં ઓછો ત્રીજો ભાગ એક પ્રકારના શુષ્ક ઢસરડામાં જ વીતી જાય છે. પણ આ પ્રયત્નથી બધું જ વરાળ થઈને ઊડી જાય છે અને પછી દરેક ચીજ નાનામાં નાની વસ્તુ, નાનામાં નાનો સંપર્ક, ઓછામાં ઓછા શબ્દોની વાતચીત કોઈક વસ્તુનું અમસ્તું અસ્થાને હોવું, બધું જ સજીવન અને રસપૂર્ણ બની રહે છે.

આ રીતે યોગ દ્વારા આપણે ભગવાનની શોધ કરીને પછી ભગવાનને ધારણ કરીને, જીવનની પ્રત્યેક ક્ષણે તેને અભિવ્યક્ત કરીને આપણા સમગ્ર જીવનને રસપ્રદ જ નહીં, સાર્થક જ નહીં પણ પ્રભુરૂપ બનાવીને પૃથ્વી ઉપરના આપણા આગમનના એક માત્ર ઉદ્દેશને સિદ્ધ કરી શકીએ છીએ.

◊

# આ જંગ તમને સોંપું છું

હિંદુ ધર્મ જેટલા ઉચ્ચ સ્વરે પૃથ્વી ઉપર બીજા કોઈ ધર્મે મનુષ્યના ગૌરવનો પોકાર કર્યો નથી. અને છતાં પૃથ્વી ઉપર અન્ય કોઈ ધર્મે હિંદુ ધર્મની જેમ નીચલા વર્ણો પર જુલમ ગુજાર્યો નથી. આમાં દોષ ધર્મનો નથી. દોષ છે ધર્મને આચરણમાં ઉતારવાની અશક્તિનો, સહાનુભૂતિ અને પ્રેમના અભાવનો.

મારા હૃદય ઉપર આ બોજો ધારણ કરીને બાર બાર વરસ સુધી હું ભટક્યો છું. કહેવાતા ધનિકો અને મોટા માણસોને ઘેર ઘેર ધક્કા ખાધા છે. સહાયની શોધમાં, લોહીનીંગળતા હૃદયે, અરધી દુનિયા ઓળંગીને હું આ પરદેશની ભૂમિ ઉપર આવેલો છું. આ ભૂમિમાં ટાઢથી કે ભૂખથી ભલે મારું મૃત્યુ થાય. પણ અજ્ઞાની અને દલિતો કાજેનો આ જંગ હું તમને વારસામાં સોંપું છું. અત્યારે આ પળે જ ભગવાન પાર્થસારથિના મંદિરમાં જાઓ અને ગોકુળના દીન ગોવાળિયાઓના જે મિત્ર હતા, જેણે અંત્યજ ગુહકને ભેટતાં જરા પણ આંચકો ખાધો ન હતો, અને જેણે બુદ્ધાવતારમાં કુલીનોનાં આમંત્રણ ઠેલીને એક વેશ્યાનું નિમંત્રણ સ્વીકારેલું અને તેને તારી હતી. એવા પ્રભુ આગળ તમારું શિર નમાવો. તથા જેમને માટે એ પ્રભુ ફરીફરીને અવતાર ધારણ કરે છે એવા અધમ અને દલિતો માટે સમસ્ત જીવનનું બલિદાન આપો ! દિનપ્રતિદિન અધમ અવસ્થામાં ઊતરતા જતા આ કરોડો લોકોની મુક્તિ માટે આખું જીવન સમર્પણ કરવાનું વ્રત લો !

આ એક દિવસનું કાર્ય નથી. અને તેનો માર્ગ ભયંકર મુશ્કેલીઓથી ભરેલો છે. પણ આપણે જાણીએ છીએ કે ભગવાન આપણા સારથિ થવાને તૈયાર છે. તેમનામાં શ્રદ્ધા રાખીને, યુગોથી ભારત ઉપર ખડકાયેલી વિપત્તિઓના પહાડને સળગાવી મૂકો. બંધુઓ ! આ કાર્ય વિરાટ છે અને આપણે ઘણા નિર્બળ છીએ. પણ આપણે જ્યોતિના પુત્રો છીએ. આપણે સફળ થશું જ. આ જંગમાં સેંકડો ખપી જશે. પણ બીજા સેંકડો એ કાર્યને હાથ ધરવા તૈયાર થઈ જશે.

**– સ્વામી વિવેકાનંદ**